અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 12 જુલાઈ 2026 રવિવાર
વિક્રમ સંવત 2082, જેઠ વદ - 13

વર્ષ : 18
અંક : 13


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ


કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

'કાશ્મીરના દરેક કબ્રસ્તાનમાં પાકિસ્તાની આતંકીઓની લાશો દફન છે' : આતંકી સંગઠનનાં આકાએ જ ખોલી પોલ

4

વિશ્વનાં 195 દેશોમાંથી 78 દેશની કુલ વસ્તી જેટલો વસ્તી વધારો ભારતમાં દર વર્ષે નોંધાય છે.

6

જાહ્નવી કપૂરે મહેંદીમાં બોયફ્રેન્ડનું નામ લખાવ્યું : શિખર પહાડિયાના નિકનેમ 'શિખુ'એ સૌનું ધ્યાન ખેંચ્યું

7

પાકિસ્તાનમાં પેટ્રોલ 13.18 અને પેટ્રોલ 13.80 રૂપિયા મોંઘું : પેટ્રોલ 310.71 અને હાઈ-સ્પીડ ડીઝલ 323.30 રૂપિયા પ્રતિ લિટર

### અહીં જ મને ગિફ્ટ મળ્યું હતું, અમારા માટે દેશની વસ્તી નહીં; તેમની ભાવના મહત્વની

# 25 વર્ષ જૂનું મફલર પહેરીને ન્યુઝીલેન્ડ આવ્યો : મોદી

## ભારતનું ચંદ્રયાન જ્યારે સાઉથ પોલ પર લેન્ડ થયું ત્યારે આખું ન્યુઝીલેન્ડ નાચી રહ્યું હતું, મોદીએ કહ્યું- ન્યુઝીલેન્ડના ખૂણેખૂણે ફેલાયેલા ભારતીયો આ યાત્રાના નાવિક

**ઓકલેન્ડ, તા.11**

વડાપ્રધાન મોદીએ શનિવારે ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ભારતીય સમુદાયને સંબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં તેમણે સંબોધન કરતા લગભગ ત્રણ દાયકા પહેલાનો એક કિસ્સો સંભળાવ્યો. તેમણે કહ્યું કે 25-30 વર્ષ પહેલાં જ્યારે હું કોઈ સરકારમાં સામેલ પણ નહોતો, ત્યારે તેમને આ દેશની મુલાકાત લેવાની તક મળી હતી.

તે સમયે મને કોઈએ ભેટમાં 3 વસ્તુઓ આપી, જે હું ભારત લઈ ગયો હતો. એક- મફલર, બીજી- કેપ અને ત્રીજી- એક સેટ મોજાં. તેમાં પણ એક વસ્તુ હું હજુ અહીં આ કાર્યક્રમમાં પણ લઈને આવ્યો છું. આ મફલરને મેં ઘણી વાર પહેર્યું છે અને આજે પણ સાચવીને



રાખ્યું છે. પીએમએ વધુમાં કહ્યું કે અમારા માટે સામેના દેશની વસ્તી નહીં, જનકલ્યાણની ભાવના મહત્વ રાખે છે. અને તેથી અમે ન્યુઝીલેન્ડ પાસેથી પણ ઘણું શીખ્યા છીએ અને હજુ પણ શીખી રહ્યા છીએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમે ન્યુઝીલેન્ડ પાસેથી ઘણું શીખ્યા છીએ. આ એવો દેશ છે જેણે સૌથી પહેલા મહિલાઓને મતદાનનો અધિકાર આપ્યો હતો. ભારત પણ મહિલાઓ માટે સંભાવનાઓના નવા દરવાજા ખોલી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું- આજે 40 વર્ષ પછી કોઈ ભારતીય પીએમ ન્યુઝીલેન્ડની ધરતી પર આવ્યા છે. આ મારું સૌભાગ્ય છે કે હું ન્યુઝીલેન્ડના તમામ નિવાસીઓ માટે, આપ સૌ લોકો માટે, 140 કરોડ ભારતીયોની શુભેચ્છાઓ લઈને આવ્યો છું. પીએમએ વધુમાં કહ્યું કે અમારા માટે સામેના દેશની વસ્તી નહીં, જનકલ્યાણની ભાવના મહત્વની છે. અને તેથી અમે ન્યુઝીલેન્ડ પાસેથી પણ ઘણું શીખ્યા છીએ અને હજુ પણ શીખી રહ્યા છીએ.

ભારતનું ચંદ્રયાન જ્યારે સાઉથ પોલ પર લેન્ડ થયું ત્યારે આખું ન્યુઝીલેન્ડ નાચી રહ્યું હતું

મોદીએ કહ્યું- ભારત અને ન્યુઝીલેન્ડનું ભવિષ્ય જોડાયેલું છે. સ્પેસ સેક્ટર તેનું ખૂબ મોટું ઉદાહરણ છે. ભારતનું ચંદ્રયાન જ્યારે ચંદ્રના સાઉથ પોલ પર લેન્ડ થયું ત્યારે ન્યુઝીલેન્ડ નાચી રહ્યું હતું. તે દિવસે અમને ગર્વ થયો. અહીંની સ્પેસ કંપનીઓએ ઘણી વાર અમારી સાથે મળીને કામ કર્યું છે. સ્પેસ સેક્ટર એ જણાવવા માટે પૂરતું છે કે બંને દેશ એકબીજાને કેટલું બધું આપી શકે છે.

મોદીએ કહ્યું- ન્યુઝીલેન્ડના ખૂણેખૂણે ફેલાયેલા ભારતીયો આ યાત્રાના નાવિક

પીએમએ કહ્યું- મને આ યાત્રાની સફળતા પર પૂરો ભરોસો છે. જાણો છો કેમ... મોદી નહીં કારણ કે તેના અસલી નાવિક આપ સૌ છો. ઓકલેન્ડથી વેલિંગ્ટન સુધી, ક્રાઈસ્ટચર્ચથી ક્વીન્સટાઉન સુધી, ન્યુઝીલેન્ડના ખૂણેખૂણે ફેલાયેલો ભારતીય સમુદાય આ સહિયારી યાત્રાનો નાવિક છે.

## વિયેતનામમાં ટુરિસ્ટ બોટ પલટી, 15 ભારતીયોના મોત : 32 ભારતીયો સવાર હતા, જેમાં મોટાભાગના તેલંગાણા અને આંધ્રપ્રદેશના હતા

**નવી દિલ્હી, તા.11**



વિયેતનામના ફુ ક્વોક ટાપુ પાસે શનિવારે બોટ પલટી ગઈ. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, તેમાંથી 32 ભારતીય હતા. 15 ભારતીયોના મોત થયા. મોટાભાગના તેલંગાણા અને આંધ્ર પ્રદેશના પ્રવાસીઓ હતા.

બોટ પર કુલ 4 ક્રૂ મેમ્બર્સ સહિત 36 લોકો સવાર હતા. 21 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, અકસ્માત સવારે 10:30 વાગ્યે થયો હતો.

અકસ્માતનું કારણ ઊંચા મોજાં

પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, અકસ્માતનું કારણ સમુદ્રના ઊંચા મોજાં હોઈ શકે છે. જે વીડિયો સામે આવ્યા છે, તેમાં મોજાં ઉછળતા દેખાઈ રહ્યા છે. એવું કહેવાય છે કે પ્રવાસીઓએ લાઈફ જેકેટ પહેર્યા ન હતા. જ્યારે બોટ પલટી ત્યારે પ્રવાસીઓ બોટ નીચે ફસાઈ ગયા.

બોટ પલટ્યા બાદ રેસ્ક્યુ મિશન શરૂ કરવામાં આવ્યું.

ફુ ક્વોક ટાપુ પરથી રવાના થયેલી બોટ

બોટ ભારતીય પ્રવાસીઓને ફુ ક્વોક ટાપુ પાસે આવેલા 'હોન મે રૂટ'થી ન્ગોઆઈ ટાપુ પર ફરવા લઈ જઈ રહી હતી, પરંતુ તે કિનારાથી લગભગ 400 મીટર પહેલા જ પલટી ગઈ.

ન્ગોઆઈ ટાપુ તેના સ્વચ્છ સમુદ્ર, નાના દરિયાકિનારા અને કોરલ રીફ ડાઈવિંગ માટે પ્રખ્યાત છે. અહીં પહોંચવા માટે, પ્રવાસીઓ સામાન્ય રીતે એન થોઈ બંદરથી બોટ અથવા સ્પીડબોટ ભાડે લે છે.

સ્થાનિક પ્રશાસન અને રેસ્ક્યુ ટીમે બચાવ અભિયાન શરૂ કરી દીધું છે.

સમુદ્રમાં ડૂબેલી બોટ દેખાઈ રહી છે અને નજીકમાં જ રેસ્ક્યુ ટીમ નજર આવી રહી છે.

સમુદ્રમાં ડૂબેલી બોટ દેખાઈ રહી છે અકસ્માત બાદ કેટલાક લોકોએ CPR આપીને પ્રવાસીઓની મદદ કરવાનો પ્રયાસ કર્યો.

અકસ્માત બાદ ભારતીય દૂતાવાસ સતત વિયેતનામી એજન્સીઓના સંપર્કમાં છે.

સમુદ્રમાં ડૂબી ગયેલા લોકોના મૃતદેહને ઉઠાવીને લઈ જતા સ્થાનિક લોકો.

હેલ્પલાઈન નંબર જાહેર, કંટ્રોલ રૂમ બનાવાયો

ભારતીય દૂતાવાસે જણાવ્યું કે, યાત્રીઓની મદદ માટે કંટ્રોલ રૂમ બનાવ્યો છે. તેના સંપર્ક માટે હેલ્પલાઈન નંબર +84 36 281 7930, +84 91 552 37 14 અને +84 33 452 0414 જાહેર કર્યા છે.

### ઉત્તર પ્રદેશ : થાર ડૂબી, નદીઓ છલકાઈ; લખનઉ સહિત 10 શહેરોમાં વરસાદ

## યુપીમાં કાર અને પુલ ડૂબ્યાં, 3 દિવસમાં 15નાં મોત : ઉત્તરાખંડ-હિમાચલમાં 438 રસ્તા બંધ ; મિઝોરમમાં 4 દિવસથી પ્રવાસીઓ ફસાયા

**મધ્યપ્રદેશ, તા.11**

મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિત દેશના 10 રાજ્યોમાં આગામી 5 દિવસ સુધી ચોમાસું નબળું રહેશે. આ રાજ્યોમાં વરસાદની ઓછી સંભાવના છે. તેનું કારણ દેશના પશ્ચિમી ભાગમાંથી વાદળોનું ગાયબ થઈ જવું છે. નવી સેટેલાઈટ તસવીરોમાં વાદળો પૂર્વીય રાજ્યો ઉત્તરાખંડ, યુપી, બિહાર, મેઘાલય, મિઝોરમ, ત્રિપુરા તરફ ખસી ગયા છે. જેના કારણે આ રાજ્યોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે.

યુપીના હાપુડમાં ભારે વરસાદને કારણે અંડરપાસમાં પાણી ભરાઈ ગયું. થાર કાર ડૂબી ગઈ. બિજનૌરમાં ગંગા અને તેની સહાયક માલન નદી ઉફાન પર છે. પુલ ડૂબી જવાથી મેરઠ-બિજનૌર હાઈવે, હરિદ્વાર રોડ સહિત અનેક રૂટ પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે.

રાજ્યમાં 3 દિવસમાં 15 લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં 118 રસ્તાઓ બંધ થઈ ગયા. યમુનોત્રી નેશનલ હાઈવેનો લગભગ 100 મીટરનો ભાગ તૂટી ગયો. જ્યારે હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલનને કારણે 320 થી વધુ રસ્તાઓ બંધ છે.

મિઝોરમના લુંગલેઈ જિલ્લામાં વરસાદ બાદ નદીનું જળસ્તર વધી ગયું. 80 પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા. રાજ્યમાં 29 જગ્યાએ ભૂસ્ખલન થયું. લુંગલેઈ જિલ્લાના બુઆલ્તે ગામ



પાસે નેશનલ હાઈવે 54 બંધ થઈ ગયો છે, જ્યાં છેલ્લા ચાર દિવસથી ઘણા પ્રવાસીઓ ફસાયેલા છે.

દેશભરમાંથી હવામાનની 3 તસવીરો

યુપીના બિજનૌરમાં માલન નદીના તેજ પ્રવાહમાં ચાર છોકરાઓ તણાઈ ગયા.

હિમાચલ પ્રદેશમાં ચંદીગઢ-શિમલા ફોરલેન પર ભૂસ્ખલન થયું. બીજી લેનમાં પહોંચ્યો મોટો ખડક.

આઈઆઈટી રુડકી કેમ્પસમાં વરસાદ વચ્ચે હોડી બનાવીને ડાન્સ કરતા વિદ્યાર્થીઓ. હિમાચલ પ્રદેશ: શિમલામાં ભૂસ્ખલન, વાહનો કાટમાળ નીચે દટાયા ઉત્તરાખંડ: પૌરી ગઢવાલમાં ભૂસ્ખલન, ગાડી કાટમાળમાં દટાઈ પૌરી ગઢવાલમાં મોડી રાત્રે ભારે વરસાદને કારણે ચાલતી પીકઅપ પર પહાડનો એક ભાગ તૂટી પડ્યો. કાટમાળ અને પથ્થરોની ઝપેટમાં આવતા પીકઅપ સંપૂર્ણપણે કચડાઈ ગઈ. આ ઘટનાની જાણ શનિવારે સવારે થઈ, ત્યારબાદ રાહત અને બચાવ દળ ઘટનાસ્થળે પહોંચ્યું.

ઉત્તર પ્રદેશ: થાર ડૂબી, નદીઓ છલકાઈ; લખનઉ સહિત 10 શહેરોમાં વરસાદ

યુપીમાં ચોમાસું જોરદાર વરસી રહ્યું છે. પશ્ચિમ યુપીમાં નદીઓ છલકાઈ ગઈ છે. ઘણી જગ્યાએ પુલ ઉપરથી પાણી વહી રહ્યું છે. શુક્રવારે મોડી રાત્રે 12.30 વાગ્યે લખનૌ, સુલતાનપુર, અયોધ્યા સહિત 10 શહેરોમાં ભારે વરસાદ થયો. હાપુડમાં થાર પાણીમાં ડૂબી ગઈ.

ઉત્તરાખંડ: ત્રિવેણી ઘાટ પર ગંગાનું પાણી ભયજનક સ્તરના નિશાન પર

ઉત્તરાખંડના ઋષિકેશમાં પહાડી વિસ્તારોમાં સતત ભારે વરસાદને કારણે ગંગા નદીનું જળસ્તર વધી ગયું છે. ત્રિવેણી ઘાટ પર ગંગાનું પાણી ભયજનક સ્તરના નિશાન સુધી પહોંચી ગયું છે.

રાજસ્થાન: અત્યાર સુધી 24 જિલ્લામાં સામાન્ય કે ઓછો વરસાદ વરસ્યો, ચોમાસું ધીમું પડ્યું

રાજસ્થાનમાં ચોમાસું ધીમું પડી ગયું છે. છેલ્લા 24 કલાકમાં અલવર, શ્રીગંગાનગર, ચુરુમાં સૌથી વધુ વરસાદ થયો. હવે 15 જુલાઈથી ચોમાસું ફરી વેગ પકડે તેવી અપેક્ષા છે. રાજસ્થાનના 24 જિલ્લા એવા છે જ્યાં સામાન્ય કે ઓછો વરસાદ થયો છે.

હિમાચલ: 6 જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ, આજથી થોડું નબળું પડશે ચોમાસું

હિમાચલ પ્રદેશમાં જુલાઈ મહિનામાં સામાન્ય કરતાં 54 ટકા વધુ વરસાદ થયો છે. 1 થી 10 જુલાઈ વચ્ચે સામાન્ય વરસાદ 67.8 મિમી હોય છે, પરંતુ આ વખતે 104.1 મિમી વરસાદ નોંધાયો છે. રાજ્યમાં તેના કારણે લગભગ 320 રસ્તાઓ અને 200 થી વધુ વીજળીના ટ્રાન્સફોર્મર બંધ પડ્યા છે. છેલ્લા બે દિવસની ભારે વરસાદ પછી ચોમાસું થોડું નબળું પડશે.

### વન નેશન વન ઈલેક્શન 2029થી લાગુ થઈ શકે છે : સંસદીય સમિતિના

## અધ્યક્ષે કહ્યું- 99% લોકો પક્ષમાં; રાજ્યોના નિષ્ણાતોની સલાહ લઈ રહ્યા છે

**નવી દિલ્હી, તા.11**

સંસદની સંયુક્ત સમિતિ (JPC) 2029ની લોકસભા ચૂંટણીઓ સુધી 'વન નેશન વન ઈલેક્શન' લાગુ થઈ શકે તે માટે પ્રયાસ કરી રહી છે. સમિતિના અધ્યક્ષ પીપી ચૌધરીના મતે, અત્યાર સુધી ચર્ચામાં સામેલ લગભગ 99% નાગરિકો અને સંગઠનોએ તેનું સમર્થન કર્યું છે.

સમિતિએ ગોવાના મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓ સહિત ઘણા રાજ્યોના નિષ્ણાતો પાસેથી આ અંગે સલાહ લીધી છે. ગોવા પ્રવાસે ગયેલા સમિતિના સભ્ય અને ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે શુક્રવારે કહ્યું કે વારંવાર ચૂંટણીઓથી નાના રાજ્ય ગોવા પર આટલો પ્રભાવ પડે છે, તો મોટા રાજ્યો અને આખા દેશ પર તેની અસર વધુ થતી હશે.

તેમણે જણાવ્યું કે સમિતિનો આગામી પ્રવાસ લખનઉનો હશે, જ્યાં મુખ્યમંત્રી, વિપક્ષના નેતા, રાજકીય પક્ષો અને વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવશે. JPC 17 જુલાઈએ પોતાના રિપોર્ટને અંતિમ રૂપ આપીને સંસદમાં રજૂ કરશે.

વન નેશન વન ઈલેક્શન સાથે સંકળાયેલા 5 સવાલ

1. આખરે તેનો શું અર્થ છે?

લોકસભા, વિધાનસભા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ અલગ-અલગ કરાવવાને બદલે એકસાથે કરાવવી.

2. જે રાજ્યોનો કાર્યકાળ 2029 પછી પણ બાકી હશે, તેમનું શું થશે?

બંધારણીય સુધારા દ્વારા તે રાજ્યોનો કાર્યકાળ સમય પહેલાં જ સમાપ્ત કરીને 2029ના ચૂંટણી ચક્ર સાથે જોડવામાં આવશે.

3. જેમનો કાર્યકાળ 2029 પહેલાં પૂરો થઈ રહ્યો હશે, તેમનું શું થશે?



ત્યાં થોડા સમય માટે રાષ્ટ્રપતિ શાસન લાગી શકે છે અથવા પછી ફક્ત 2029 સુધી માટે ચૂંટણી શક્ય છે.

4. તેમાં કયાં કાનૂની પડકારો આવશે?

ઘણા અનુચ્છેદ (જેમ કે 83, 172, 356) માં સુધારો કરવો પડશે. સંસદમાં બે-તૃતીયાંશ બહુમતી અને અડધા રાજ્યોની મંજૂરી જોઈશે.

5. જો વચ્ચે જ કોઈ સરકાર પડી જાય, તો કયા નિયમો પ્રસ્તાવિત છે?

આ નવા પ્રસ્તાવ હેઠળ મધ્યસત્ર ચૂંટણીઓ પૂરા 5 વર્ષ માટે કરાવવામાં આવશે નહીં, પરંતુ ફક્ત બાકીના કાર્યકાળ માટે જ કરાવવામાં આવશે, જેથી આગામી મુખ્ય ચક્ર બગડે નહીં.

વન નેશન, વન ઈલેક્શન પર સુરક્ષિત રસ્તો પણ શોધી રહી છે સરકાર

કેન્દ્ર સરકાર વન નેશન વન ઈલેક્શન માટે સુરક્ષિત માર્ગ શોધી રહી છે. આ માટે રચાયેલી JPC સાથે સંકળાયેલા સૂત્રો અનુસાર સમિતિ 'ટુ-ફેઝ ટ્રાન્ઝિશન મોડેલ' પર વિચાર કરી રહી છે, જેથી રાજ્યોમાં વારંવાર ચૂંટણી કરાવવાની કે વિધાનસભાના કાર્યકાળમાં બહુ મોટો ઘટાડો કરવાની જરૂર ન પડે.

સમગ્ર દેશને એકસાથે ચૂંટણી ચક્રમાં લાવવાને બદલે બે તબક્કામાં - 2029 અને 2034માં આગળ વધવાનો વિકલ્પ સૌથી વ્યવહારુ માનવામાં આવી રહ્યો છે. પ્રથમ તબક્કામાં 2029ની લોકસભા ચૂંટણી સાથે લગભગ 20 રાજ્યોની વિધાનસભા ચૂંટણી કરાવી શકાય છે.

સંયુક્ત સંસદીય સમિતિ (JPC)નો કાર્યકાળ 2026ના ચોમાસુ સત્ર સુધી લંબાવવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં 2029થી ચૂંટણી ચક્ર એક કરવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. જ્યારે, 2034 સુધીમાં સમગ્ર દેશને સામાન્ય ચૂંટણી ચક્રમાં લાવવાનું લક્ષ્ય છે.

બંધારણમાં અવકાશ છે, પરંતુ સહમતિ પર ભાર

લો કમિશનના પૂર્વ સભ્ય અને મોહનલાલ સુખાડિયા યુનિવર્સિટીના લો કોલેજના ડીન આનંદ પાલીવાલે કહ્યું કે 'એક દેશ-એક ચૂંટણી'ને તબક્કાવાર રીતે લાગુ કરવા માટે બંધારણીય વિકલ્પો ઉપલબ્ધ છે. કેટલાક રાજ્યોમાં વિધાનસભાનો કાર્યકાળ પૂરો થાય તે પહેલાં ચૂંટણીઓ કરાવી શકાય છે.

તેમણે કહ્યું કે કેટલાક રાજ્યોમાં કાર્યકાળ વધારવાના વિકલ્પો પણ છે. ભારતમાં અગાઉ પણ વિશેષ પરિસ્થિતિઓમાં લોકસભા અને વિધાનસભાઓના કાર્યકાળમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જોકે, કોઈપણ વ્યાપક ફેરફાર માટે સંસદ દ્વારા જરૂરી કાનૂની જોગવાઈઓ અને રાજકીય સહમતિ જરૂરી રહેશે.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં પેનલની રચના

'એક રાષ્ટ્ર-એક ચૂંટણી' પર વિચાર કરવા માટે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં 2 સપ્ટેમ્બર 2023 ના રોજ એક પેનલની રચના કરવામાં આવી હતી. આ પેનલે હિતધારકો-નિષ્ણાતો સાથે ચર્ચા અને 191 દિવસના સંશોધન પછી 14 માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.



# અમદાવાદના મુરલીધર રેસ્ટોરન્ટના પાઉંમાંથી જીવાત નીકળી

## 'તમારાથી થાય એ કરી લો, અમે હપ્તા આપીએ છીએ': દુકાનદારે દાદાગીરી કર્યાનો આક્ષેપ; 25 હજારનો દંડ











**અમદાવાદ, તા.11**

અમદાવાદમાં ખાણીપીણીની ચીજ વસ્તુઓમાંથી જીવાત નીકળવા સહિત અલગ અલગ ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે ઘોડાસર વિસ્તારમાં આવેલી મુરલીધર ભાજીપાઉં નામની રેસ્ટોરન્ટમાં ગ્રાહકને કડવો અનુભવ થયો છે. ભાજીપાઉં ખાવા ગયેલા ગ્રાહકના પાઉંમાંથી જીવાત નીકળી હતી. જે અંગેનો વીડિયો ગ્રાહકે બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે. ગ્રાહકે આક્ષેપ કર્યો છે કે, દુકાનદારને રજૂઆત કરી તો કહ્યું, જે થાય એ કરી લો અને અમે તો આવું જ આપીશું જેને આવવું હોય એ આવી જાય. આ મામલે ગ્રાહકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને ફરિયાદ કરી હતી. ત્યારબાદ ફૂડ વિભાગની ટીમે ગ્રાહકની ફરિયાદના આધારે રેસ્ટોરેન્ટમાં ચેકિંગ હાથ ધર્યું હતું અને રૂ. 25,000નો દંડ ફટકાર્યો હતો.

ગ્રાહકે વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો.

**'અડધું પાઉં ખાધું પછી અમને ધ્યાન ઉપર આવ્યું કે જીવાત છે'**

મળતી માહિતી મુજબ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો છે. ઘોડાસર વિસ્તારમાં આવેલી મુરલીધર ભાજીપાવ રેસ્ટોરન્ટમાં ભાજીપાવ ખાવા ગયેલા એક ગ્રાહકે વીડિયો ઉતારીને વાયરલ કર્યો છે. જેમાં ગ્રાહકે જણાવ્યું હતું કે, અમે પાપડ અને બે ભાજીપાઉંનો ઓર્ડર આપ્યો હતો. પાઉંમાંથી જીવાત નીકળી છે. અડધું પાઉં ખાધું પછી અમને ધ્યાન ઉપર આવ્યું કે આ પાઉંમાં જીવાત છે. મુરલીધર ભાજીપાઉંવાળાની સ્પષ્ટ બેદરકારી જોવા મળે છે. જ્યારે અમે આ બાબતે દુકાનદારને રજૂઆત કરી તો તેમણે જણાવ્યું હતું કે તમારે જે કરવું હોય એ કરી લો અમે તો આ જ રીતે આપવાના છીએ.

ઘોડાસરમાં આવેલી મુરલીધર ભાજીપાઉં રેસ્ટોરન્ટમાં બેદરકારીનો ગ્રાહકે આક્ષેપ કર્યો.

**'અમે તો આજ રીતે ક્વોલિટીનું આપવાનું ચાલુ રાખીશું'**

વધુમાં તેમેણે કહ્યું હતું કે, દુકાનદારે અમને એવું કહ્યું હતું કે જેને આવવું હોય એ આવે અમે તો આજ રીતે ક્વોલિટીનું આપવાનું ચાલુ રાખવાના છીએ. જ્યારે દુકાનદારને બોલાવીને અમે વાત કરવાનું કહ્યું તો પણ તેણે વાત કરી નહોતી. જે પાઉંમાંથી જીવાત નીકળી હતી તેને ગ્રાહકે એક સેમ્પલ તરીકે લઈ લીધું છે અને આ મામલે તેઓ ફરિયાદ કરવાની કાર્યવાહી કરશે?, જોકે આ સમગ્ર બાબતનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ મામલે AMC ફૂડ વિભાગ દ્વારા પણ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે એવી માગ ઉઠી છે.

**રેસ્ટોરેન્ટને રૂ. 25,000નો દંડ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફૂડ વિભાગની ટીમે ઘોડાસર મુરલીધર રેસ્ટોરેન્ટમાં ચેકિંગ હાથ ધર્યું હતું અને સમગ્ર ઘટનાને લઈને માત્ર રૂ. 25,000નો દંડ ફટકારીને સંતોષ માન્યો છે. ફૂડ વિભાગ દ્વારા ગ્રાહકની ફરિયાદ હતી, તો તેના પાસે જે સેમ્પલ હતું તે લઈને ખરેખર આ ઘટના કેવી રીતે બની તે અંગેની કોઈ ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી નથી.

**HCના ક્લાસ-1 અધિકારીની પાઉંમાં ફૂગ તો ડોક્ટરના પિત્ઝામાં વાળ નીકળ્યો**

બહાર જમવાના શોખીનો માટે વધુ બે લાલબત્તી સમાન કિસ્સા સામે આવ્યા છે. શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા વિલિયમ જ્હોન્સ પિત્ઝામાં અનલિમિટેડ ભોજનનો આનંદ લેવા ગયેલા એક ડોક્ટરના પહેલા પિત્ઝામાંથી જ વાળ નીકળતા હંગામો મચી ગયો હતો. આ બાબતે ડોક્ટરે રેસ્ટોરન્ટ સંચાલકો સામે રોષ પ્રગટ કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માં લેખિત ફરિયાદ નોંધાવી છે.

બીજા બનાવમાં ગુજરાત હાઈકોર્ટમાં ફરજ બજાવતા ક્લાસ-1 અધિકારીએ ઓનલાઈન મંગાવેલી બ્રેડ-પાઉં વાસી અને ફૂગ વાળી નીકળી હતી. અધિકારીએ સ્ટોર પર હાજર વ્યક્તિને આ બાબતે વાત કરતા તેણે ગલ્લા-તલ્લા કર્યા હતા, જેથી અધિકારીએ 112 નંબર ઉપર ફોન કરી પોલીસ બોલાવી હતી અને ફરિયાદ નોંધાવી છે.

**અમદાવાદના 'MOCHA Cafe'ની કોફીમાંથી જીવાત નીકળી**

28 મે, 2026: અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં આવેલા મોકા કાફે (MOCHA Cafe) માં કોફી અને ખાવા પીવાની ચીજ વસ્તુમાંથી જીવજંતુ નીકળ્યા હોવા અંગેની ઘટના સામે આવી છે. ગ્રાહક મોકા કાફેમાં કોફી પીવા અને જમવા માટે ગયા હતા. દરમિયાન કોફીમાંથી જીવજંતુઓ નીકળ્યા હતા. ગ્રાહકે ત્યાં હાજર સ્ટાફને આ બાબતે ફરિયાદ કરી હતી.

**અમદાવાદમાં 'છાશવાલા'ના કાજુ અંજીર મિલ્કશેકમાંથી જીવજંતુ નીકળ્યું**

25 મે, 2026: શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતી ખાણીપીણીની બ્રાન્ડ્સ સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. શહેરના પોલિટેકનિક ચાર રસ્તા પાસે, IIM રોડ પર આવેલા જાણીતા આઉટલેટ 'છાશવાલા' માંથી ખરીદાયેલા મિલ્કશેકમાંથી જીવજંતુ નીકળવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આ મામલે AMCના ફૂડ વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને રૂ. 25,000ની પેનલ્ટી ફટકારી હતી.

**અમદાવાદના 'Komo by Kaffa'ની ગાર્લિક બ્રેડમાંથી મરેલી માખી નીકળી**

17 માર્ચ, 2026: અમદાવાદ શહેરના સિંધુભવન રોડ પરનું જાણીતું અને મોંઘીદાટ 'Komo by Kaffa' નામના કેફેમાં એક ગ્રાહકને કડવો અનુભવ થયો હતો. ગ્રાહકે જમવામાં પાસ્તા વિથ ગાર્લિક બ્રેડ મંગાવી હતી, જેમાં ગાર્લિક બ્રેડમાંથી મરેલી માખી નીકળી હતી. ગ્રાહકે આ અંગે કેફેમાં ફરિયાદ કરતા બિલ ન આપીને કોમ્પ્લીમેન્ટ્રી પેસ્ટ્રી આપી વાત પૂરી કરી દેવામાં આવી હતી. ગ્રાહકે આ અંગે AMCને પણ ફરિયાદ કરી હતી.

# ચાંદખેડાની અર્થ સ્કૂલમાં શિક્ષિકાએ માર મારતા વિદ્યાર્થીના હાથમાં લાલ ઝામા,

## ધો-11ના વિદ્યાર્થીએ ઘરે જઈ માતાને જાણ કરી

**અમદાવાદ, તા.11**

ચાંદખેડા વિસ્તારમાં આવેલી અર્થ સ્કૂલમાં શિક્ષિકાએ એક વિદ્યાર્થીને માર મારતા વિવાદ સર્જાયો છે. અર્થ સ્કૂલમાં ધોરણ 11માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને શિક્ષિકાએ હાથ પર માર માર્યો છે, જેના કારણે વિદ્યાર્થીના હાથ પર લાલ લાલ ઝામા પડી ગયા છે. વિદ્યાર્થીએ ઘરે જઈને વાલીને જાણ કરતા વાલીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઢાંક પીછોળો કરવા સોજો ન ઊતરે ત્યાં સુધી ઘરે પણ ન આવવા દીધો હોવાનો વાલીએ ગંભરી આક્ષેપ કર્યો છે.

**બે દિવસ પહેલાં વાલીએ સ્કૂલે જઈ માફી પત્રક લખ્યું હતું**

બે દિવસ પહેલા વિદ્યાર્થી ક્લાસ અટેન્ડ ન કરતો હોવાથી તેની જાણ વાલીને કરવામાં આવી હતી. તેમજ શાળામાંથી કાઢી નાખવાની વિદ્યાર્થીને ધમકી આપવામાં આવી હોવાનો વાલીએ આક્ષેપ કર્યો છે, જેથી વિદ્યાર્થીની ફરિયાદ મળતા વાલી શાળાએ પહોચ્યા હતા. જે બાદ વાલીએ વિદ્યાર્થી સમયસર ક્લાસ અટેન્ડ કરશે તેવું માફી પત્રક લખી આપ્યું હતું. તેમજ શિક્ષકોની સામે વિદ્યાર્થીને ઠપકો આપી રેગ્યુલર ક્લાસ અટેન્ડ કરવા પણ કહ્યું હતું.

**'વિદ્યાર્થીને હાથ પર માર મારતા સોજો આવ્યો, દવા પણ ન કરાવી'**

જો કે, તે બાદ ગઈકાલે (10 જુલાઈ) વિદ્યાર્થી જ્યારે શાળાએ પહોંચ્યો ત્યારે 8 વાગ્યા આસપાસ શિક્ષિકાએ તેને હાથ પર માર માર્યો હતો. તેમજ માર મારવાના કારણે વિદ્યાર્થીના હાથ પર સોજો આવી ગયો અને લાલ ઝામા પણ પડી ગયા હતા, તેમ છતાં શાળાએ તેની દવા ન કરાવી હોવાનો પણ વાલીએ આક્ષેપ કર્યો છે. તેમજ વિદ્યાર્થીનો સોજો ઊતરી જાય તે માટે તેને 1 વાગ્યા સુધીમાં શાળામાં બેસાડી રાખ્યા હોવાનો પણ વાલીએ આક્ષેપ કર્યો છે.




**દીકરાએ રડતા-રડતા વાલીને ઘટના વર્ણવી, શાળાએ જવાબ ન આપ્યો**

એક વાગ્યા બાદ પણ વિદ્યાર્થીના હાથ પરથી સોજો ન ઊતરતા તેને ઘરે મોકલી દેવામાં આવ્યો હતો. તેમજ ઘરે આવ્યા પછી વિદ્યાર્થી રડતો હોવાથી અને જમવાનું પણ ન ખાતો હોવાથી માતાએ કારણ પૂછ્યું હતું. જે બાદ વિદ્યાર્થીએ રડતા-રડતા શિક્ષિકાએ માર માર્યો હોવાથી સોજો આવી ગયું હોવાની જાણ કરી હતી. જેથી વાલીએ વિદ્યાર્થીને કેમ માર મારવામાં આવ્યો અને હાથ પર સોજો આવી ગયો છતા વાલીને કેમ જાણ કરવામાં ન આવી? તેનો જવાબ માંગતા શાળાએ કોઈ જવાબ આપ્યો ન હોવાનો વાલીએ દાવો કર્યો છે. તેમજ સામાન્ય બાબતમાં ગંભીર રીતે વિદ્યાર્થીને માર મારતા વાલીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**મારું દીકરો ઘરે આવી રડવા લાગ્યો, ડિપ્રેશનમાં આવી ગયો: વાલી**

દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં વાલીએ જણાવ્યું હતું કે, સવારે મારો બાળક જ્યારે શાળામાં ગયો ત્યારે શિક્ષિકાએ તેને હાથ પર માર માર્યો હતો, જેના કારણે તેને હાથ પર સોજો આવી ગયો હતો.

# ગેંગસ્ટર કાલુ ગરદન અને સાગરીતો સામે વધુ એક ફરિયાદ

## અગાઉના મારામારીના કેસમાં સમાધાન ન કરતા હુમલો કર્યો, આરોપી સામે 30થી વધુ ગુના નોંધાયેલા



**અમદાવાદ, તા.11**

અમદાવાદ શહેરના જુહાપુરા વિસ્તારમાં રહેતા મેહમુદ મારૂએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં કાલુ ગરદન, તેનો ભાઈ સુલતાન, ફરદીન ઉર્ફે પાવલી સહિત પાંચ શખસો સામે હુમલાની ફરિયાદ નોંધાવી છે. અગાઉ નોંધાયેલા મારામારીના કેસમાં સમાધાન કરવા કાલુ ગરદન અને તેના સાગરીતો મેહમુદનો સંપર્ક કરવા આવ્યા હતા. જોકે મેહમુદે સમાધાન કરવાની સ્પષ્ટ ના પાડતા બોલાચાલી ઉગ્ર બનતા આરોપીઓએ મેહમુદ પર હુમલો કર્યો હતો. જેમાં મેહમુદને ઈજા પહોંચી હતી અને જે અંગે વેજલપુર પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

**કાલુ ગરદન સામે 30થી વધુ ગુના નોંધાયેલા**

કાલુ ગરદન અમદાવાદના જુહાપુરા, સરખેજ અને વેજલપુર વિસ્તારમાં લાંબા સમયથી કુખ્યાત ગેંગસ્ટર તરીકે ઓળખાય છે. તેની સામે હત્યાનો પ્રયાસ, ખંડણી, ગેરકાયદે દારૂના ધંધા, લેન્ડ ગ્રેબિંગ અને હુમલા સહિતના 30થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ રેકોર્ડમાં છે. તેની ગેંગ સામે સંગઠિત ગુનાખોરીને પગલે ગુજસીટોક હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી ચૂકી છે.

**હુમલાનો કેસ નોંધાતા ફરી શોધખોળ**

ભૂતકાળમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાલુ ગરદનની ગેરકાયદેસર મિલકતો અને દબાણો પર બુલડોઝર ચલાવી કાર્યવાહી કરી હતી. અનેક વખત જેલમાં જઈ ચૂકેલા કાલુ ગરદનનું નામ ફરી હુમલાના કેસમાં સામે આવતાં પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. હાલ સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# મોડાસાના દુકાનદારને કાલુપુરમાં મફતમાં રીક્ષામાં બેસાડી ખિસ્સામાંથી 50 હજાર સેરવી લીધા

**અમદાવાદ, તા.11**

શહેરના કાલુપુરમાં ખરીદી કરવા આવેલા મોડાસાના વેપારીને ફ્રીમાં રીક્ષામાં બેસવું ભારે પડ્યું છે. રીક્ષા ચાલક અને તેના 3 સાગરીતોએ વેપારીને રિક્ષામાં બેસાડી તેમના ખીસામાંથી બળજબરીથી 50 હજાર રૂપિયા કાઢી લીધા હતા. જે બાદ વેપારીને ચાલુ રિક્ષાએ ધક્કો મારીને બહાર ફેકી દીધા હતા. વેપારીએ કાલુપુર પોલીસ સ્ટેશનના રીક્ષા ચાલક સહિત ચાર સામે ફરિયાદ નોંધાવી છે.

**મોડાસાના વેપારી ફ્રીમાં રિક્ષામાં બેસી ગયા**

મોડાસામાં રહેતા ઈશ્વરભાઈ વાળંદ કરિયાણાની દુકાન ચલાવે છે.ઈશ્વરભાઈ દુકાનમાં માલની ખરીદી કરવા કાલુપુર આવ્યા હતા.ઈશ્વરભાઈ ચપ્પલની ખરીદી કરીને ચાલતા ચાલતા સિંધી માર્કેટ તરફ જઈ રહ્યા હતા ત્યાં એક રીક્ષા ચાલક તેમની પાસે આવ્યો અને રીક્ષા બેસી જવા કહ્યું હતું. ઈશ્વરભાઈએ ન પાડી પરંતુ રીક્ષા ચાલકે ભાડું લેવાની ના પાડી તો ફ્રીમાં ઈશ્વરભાઈ રીક્ષામાં બેસી ગયા હતા.

**ચાલક અને ત્રણ યુવકોએ 50 હજાર કાઢી લીધા**

રીક્ષામાં પાછળથી સીટ પર 3 યુવકો અગાઉથી જ બેઠા હતા. જેથી ઈશ્વરભાઈને આગળની સીટ પર ડ્રાઈવરની બાજુમાં બેસાડ્યા હતા. ચાલુ રીક્ષામાં ઈશ્વરભાઈના ખિસ્સામાં હાથ નાખ્યાની શંકા ગઈ તો તેમને રીક્ષા ચાલકને રોક્યા હતા. જે બાદ રીક્ષા ચાલક અને અન્ય ત્રણ શખ્સોએ ઈશ્વરભાઈના ખિસ્સામાંથી જબરજસ્તી 50 હજાર કાઢી લીધા હતા. ઈશ્વરભાઈને પણ ધક્કો મારી રિક્ષામાંથી બહાર ફેકી દીધા હતા. ઈશ્વરભાઈ લોડીંગ રીક્ષા સાથે અથડાતા ઈજા પહોંચી હતી. ઈશ્વરભાઈએ આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.




રીક્ષામાં પાછળથી સીટ પર 3 યુવકો અગાઉથી જ બેઠા હતા. જેથી ઈશ્વરભાઈને આગળની સીટ પર ડ્રાઈવરની બાજુમાં બેસાડ્યા હતા. ચાલુ રીક્ષામાં ઈશ્વરભાઈના ખિસ્સામાં હાથ નાખ્યાની શંકા ગઈ તો તેમને રીક્ષા ચાલકને રોક્યા હતા. જે બાદ રીક્ષા ચાલક અને અન્ય ત્રણ શખ્સોએ ઈશ્વરભાઈના ખિસ્સામાંથી જબરજસ્તી 50 હજાર કાઢી લીધા હતા. ઈશ્વરભાઈને પણ ધક્કો મારી રિક્ષામાંથી બહાર ફેકી દીધા હતા. ઈશ્વરભાઈ લોડીંગ રીક્ષા સાથે અથડાતા ઈજા પહોંચી હતી. ઈશ્વરભાઈએ આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# બાબા બર્ફાની અંતર્ધ્યાન : પર્યટનના નામે થયેલા વિકાસ કામોથી વિનાશના એંધાણ

## અમરનાથ ગુફામાં કુદરતી હિમલિંગ માત્ર 5 દિવસમાં ઓગળી ગયું, જેનાથી લાખો ભક્તો નિરાશ થયા. જમ્મુ-કાશ્મીરમાં બદલાયેલ હવામાન, ઓછી બરફવર્ષા અને ગ્લોબલ વોર્મિંગને કારણે આ બન્યું છે.

**અમદાવાદ, તા.11**

**પુણ્ય કે પાપ નહીં પણ પ્રદુષણ અને અવિચારી પ્રવાસન : પર્યાવરણે સંકેત આપવાનું શરૂ કરી દીધું છે કે, ચારે તરફ સ્થિતિ ડામાડોળ થઈ રહી છે**

અમરનાથ ગુફામાં બનતું હિમલિંગ સંપૂર્ણપણે કુદરતી પ્રક્રિયાનું પરિણામ છે. દર વર્ષે તેની ઊંચાઈ, પહોળાઈ અને આકાર અલગ-અલગ હોઈ શકે છે. આ એ બાબત પર આધાર રાખે છે કે શિયાળામાં કેટલી બરફવર્ષા થઈ, ગુફાની અંદર તાપમાન કેટલું રહ્યું તેના આધારે શિવલિંગની ઉંચાઈ રહેતી હોય છે : છેલ્લા કેટલાક વર્ષોમાં જમ્મુ-કાશ્મીર અને સમગ્ર હિમાલય ક્ષેત્રમાં હવામાનની પેટર્ન ઝડપથી બદલાઈ છે. પહેલાના વર્ષોની સરખામણીએ શિયાળામાં ઓછી બરફવર્ષા અને ઉનાળામાં સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. હવામાન બાબતના જાણકારોનું કહેવું છે કે આ જ કારણ છે કે ગુફાની અંદર બરફ લાંબો સમય ટકી શકતો નથી : પર્યાવરણ નિષ્ણાતોનું માનવું છે કે અતિશય ભીડ અને પ્રવાસન સંબંધી પ્રવૃત્તિઓ ગુફાની અત્યંત નાજુક ઈકોસિસ્ટમ પર વધારાનું દબાણ લાવે છે.

દર વર્ષે લાખો લોકો અમરનાથ બાબાના દર્શને જતા હોય છે. અનેક દિવસની યાત્રા, કપરું ચઢાણ અને લાંબી પદયાત્રા બાદ કુદરતી રીતે બનતા બરફના આ શિવલિંગના દર્શન કરીને લોકો ધન્યતા અનુભવતા હોય છે. આ વખતે બર્ફાની બાબાએ દેખા દીધી ન દીધી અને અંતર્ધ્યાન થઈ ગયા છે. લાખો લોકો નિરાશામાં ધકેલાઈ ગયા છે. લાખો શિવભક્તો રાહ જોઈને ઊભા છે પણ તેમને માત્ર ગુફાના દર્શન કરવા મળશે પણ પવિત્ર હિમલિંગના દર્શન કરવા મળશે નહીં. દર વર્ષે કુદરતી રીતે આકાર લેતું અને શ્રાવણ મહિના સુધી ટકી રહેતું અમરનાથ



ભગવાનનું બરફનું શિવલિંગ માત્ર પાંચ જ દિવસમાં ઓગળી ગયું છે.

લોકોમાં કળયુગનો પ્રભાવ વધાની, પાપ વધ્યાની કે પછી પુણ્ય ઓછા થવાની ધાર્મિક ચર્ચાઓ ચાલી છે પણ તેની પાછળ રહેલી વાસ્તવિકતા હજી પણ લોકો જોતા નથી. જાણકારો માને છે કે, આ ઘટના થવા પાછળ હવામાન જવાબદાર છે, હિમાલયનું બદલાતું પર્યાવરણ, વધતી ગરમી અને માનવીય ગતિવિધિઓ પણ આ પવિત્ર સ્થળના કુદરતી સંતુલનને પ્રભાવિત કરી રહી છે. વૈજ્ઞાનિકો અને પર્યાવરણ નિષ્ણાતોનું માનવું છે કે આ માત્ર ધાર્મિક નહીં, પરંતુ ગ્લોબલ વોર્મિંગનો પણ ગંભીર સંકેત છે, જેને જરાય અવગણી શકાય તેમ નથી. અમરનાથ ગુફામાં બનતું હિમલિંગ સંપૂર્ણપણે કુદરતી પ્રક્રિયાનું પરિણામ છે. દર વર્ષે તેની ઊંચાઈ, પહોળાઈ અને આકાર અલગ-અલગ હોઈ શકે છે. આ એ બાબત પર આધાર રાખે છે કે શિયાળામાં કેટલી બરફવર્ષા થઈ, ગુફાની અંદર તાપમાન કેટલું રહ્યું અને યાત્રા શરૂ થતા પહેલા હવામાન કેવું હતું. તેથી કોઈ વર્ષે હિમલિંગ ૮ થી ૧૦ ફૂટ સુધી ઊંચું દેખાય છે, તો કોઈ વર્ષે તે પ્રમાણમાં નાનું રહે છે. તેને કોઈ કૃત્રિમ રીતે તૈયાર કરવામાં આવતું નથી.

૨૯ જૂનથી શરૂ થયેલી અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓનો ઉત્સાહ પહેલા જેવો જ જોવા મળી રહ્યો છે. ચાર દિવસની અંદર ૮૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ બાબા અમરનાથની ગુફા સુધી પહોંચી ચૂક્યા હતા. જો કે, આ વખતે ગુફાની અંદર કુદરતી બરફનું શિવલિંગ ઝડપથી પીગળી ગયું છે. જેના કારણે ૬ જુલાઈ પછી પહોંચનારા મોટાભાગના શ્રદ્ધાળુઓને પહેલા જેવા વિશાળ બરફના શિવલિંગના દર્શન થયા નથી. ૨૩ મેના રોજ આશરે ૭ ફૂટ ઊંચું દેખાતું હિમલિંગ ૨૯ જૂને પણ પાંચ ફૂટથી વધુ હતું, પરંતુ ૬ જુલાઈ સુધીમાં તેનો મોટાભાગનો હિસ્સો પીગળી ગયો હતો. આ જ કારણ છે કે આ વખતે આસ્થાની સાથે સાથે તેની પાછળ છુપાયેલા વૈજ્ઞાનિક અને કુદરતી કારણો પર પણ ચર્ચા થવા લાગી છે. નવાઈની વાત એ છે કે, હિમલિંગ ઝડપથી પીગળી જવા છતાં શ્રદ્ધાળુઓની આસ્થામાં કોઈ ઘટાડો થયો નથી. યાત્રા શરૂ થયાના માત્ર ચાર દિવસની અંદર ૮૫,૭૭૯ થી વધુ શ્રદ્ધાળુઓ બાબા અમરનાથના દર્શન કરી ચૂક્યા છે. સોમવારે જ માત્ર ૨૮,૮૧૮ શ્રદ્ધાળુઓ ગુફા સુધી પહોંચ્યા હતા. ખરાબ હવામાન અને સતત વરસાદ છતાં શ્રદ્ધાળુઓ બાલટાલ અને પહેલગામ બંને માર્ગોથી ૩,૮૮૦ મીટરની ઊંચાઈ પર આવેલી પવિત્ર ગુફા સુધી પહોંચ્યા. પ્રશાસનનું કહેવું છે કે યાત્રા સંપૂર્ણપણે સુરક્ષિત રીતે ચલાવવામાં આવી રહી છે અને શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે. અત્યાર સુધીમાં ત્રણ લાખ શ્રદ્ધાળુઓ ત્યાં પહોંચી ગયા છે. આ વર્ષે યાત્રા ૨૮ ઓગસ્ટ એટલે કે રક્ષાબંધન સુધી ચાલશે.

જાણકારોએ નોંધ્યું છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં જમ્મુ-કાશ્મીર અને સમગ્ર હિમાલય ક્ષેત્રમાં હવામાનની પેટર્ન ઝડપથી બદલાઈ છે. પહેલાના વર્ષોની સરખામણીએ શિયાળામાં ઓછી બરફવર્ષા અને ઉનાળામાં સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. હવામાન બાબતના જાણકારોનું કહેવું છે કે આ જ કારણ છે કે ગુફાની અંદર બરફ લાંબો સમય ટકી શકતો નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# 'કાશ્મીરના દરેક કબ્રસ્તાનમાં પાકિસ્તાની આતંકીઓની લાશો દફન છે' : આતંકી સંગઠનનાં આકાએ જ ખોલી પોલ

**પાકિસ્તાન, તા.11**

પાકિસ્તાનના આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનના ડેપ્યુટી ચીફ શમશેર ખાને પહેલીવાર ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા અને ત્યાં જ દફનાવવામાં આવ્યા છે. PoKના મુઝફ્ફરાબાદમાં એક કાર્યક્રમ દરમિયાન શમશેરે કહ્યું, 'કાશ્મીરમાં કોઈ કબ્રસ્તાન એવું નથી, જ્યાં પાકિસ્તાનમાંથી આવેલા આતંકવાદીઓની કબર ન હોય.'



શમશેરનું આ નિવેદન એટલા માટે મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે, કારણ કે પાકિસ્તાન હંમેશાં કહેતું રહ્યું છે કે તેમનો જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ સાથે કોઈ લેવાદેવા નથી. પરંતુ હિઝબુલના સિનિયર કમાન્ડરના આ નિવેદનને પાકિસ્તાનમાંથી આવેલા આતંકવાદીઓની હાજરીની ખુલ્લી કબૂલાત માનવામાં આવી રહી છે. ભારત લાંબા સમયથી આરોપ લગાવતું રહ્યું છે કે પાકિસ્તાન આતંકવાદીઓને તાલીમ, હથિયાર અને ઘૂસણખોરીમાં મદદ કરે છે. પાકિસ્તાન આ આરોપોનો સતત ઈનકાર કરતું રહ્યું છે.

**સોશિયલ મીડિયા પર વાયરલ થયો વીડિયો**

વાયરલ વીડિયોમાં હિઝબુલ મુજાહિદ્દીનના ડેપ્યુટી સુપ્રીમ કમાન્ડર શમશેર ખાન સ્વીકારી રહ્યો છે કે પાકિસ્તાની આતંકીઓ લાંબા સમયથી કાશ્મીરમાં સક્રિય છે. મુઝફ્ફરાબાદમાં આયોજિત 'જમાત-એ-ઈસ્લામી'ની બેઠકમાં શમશેરે ખુલ્લેઆમ કબૂલ્યું છે કે પાકિસ્તાનભરમાંથી આવેલા આતંકીઓએ કાશ્મીરમાં લડાઈ લડી અને જીવ ગુમાવ્યા છે. આ નિવેદન કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવાની પાકિસ્તાનની નીતિ પર એક મોટો સાર્વજનિક સ્વીકાર છે, જેણે વૈશ્વિક મંચ પર પાકિસ્તાનના જૂઠાણાને બેનકાબ કરી દીધું છે. શમશેર ખાને દાવો કર્યો છે કે કાશ્મીરના લોલાબ અને કુપવાડાથી લઈને કઠુઆ સુધીના દરેક શહેરમાં પાકિસ્તાની આતંકીઓની કબરો આવેલી છે અને ત્યાંનું એક પણ કબ્રસ્તાન પાકિસ્તાની આતંકીઓના અવશેષો વિના ખાલી નથી. તેના આ નિવેદનથી સાબિત થાય છે કે કાશ્મીરમાં અશાંતિ અને હિંસા ભડકાવવા માટે પાકિસ્તાન કઈ હદ સુધી આતંકીઓની સપ્લાય કરતું રહ્યું છે, જે પાકિસ્તાનની વર્તમાન શહબાઝ શરીફ સરકાર અને સેના પ્રમુખ અસીમ મુનીરની અસલી સચ્ચાઈ દુનિયા સામે લાવે છે.

**લોલાબથી કઠુઆ સુધી પાકિસ્તાની આતંકી**

વાયરલ વીડિયોમાં શમશેર ખાને કાશ્મીરના અનેક વિસ્તારોના નામ લીધા છે. તેણે કહ્યું કે લોલાબ અને કુપવાડાથી લઈને કઠુઆ સુધી, કાશ્મીરનું એક પણ કબ્રસ્તાન એવું નથી બચ્યું જ્યાં પાકિસ્તાની આતંકીઓનાં મૃતદેહ ન હોય. આ સાથે જ તેણે પાકિસ્તાન અને કાશ્મીર વચ્ચેના સંબંધો પર પણ વાત કરી હતી. તેણે દાવો કર્યો કે બંને ક્ષેત્રો વચ્ચેનું કનેક્શન ખૂબ મજબૂત છે અને કોઈ પણ તેમની વચ્ચે નફરત પેદા કરી શકે તેમ નથી. એવું કહેવાય રહ્યું છે કે આ વીડિયો 8 જુલાઈના રોજ મુઝફ્ફરાબાદમાં આયોજિત 'જમાત-એ-ઈસ્લામી'ની એક બેઠકનો છે, જ્યાં શમશેર ખુલ્લેઆમ આ વાતો બોલી રહ્યો હતો.

**PoKમાં જનતાના વિરોધ પ્રદર્શન પર આકરા પ્રહારો**

આ વીડિયો એવા સમયે સામે આવ્યો છે જ્યારે PoKના સ્થાનિક લોકો પાકિસ્તાની સેના અને સરકાર વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવ્યા છે. ત્યાંના લોકો 'જોઈન્ટ અવામી એક્શન કમિટી'(JAAC)ના નેતૃત્વમાં પ્રદર્શન કરી રહ્યા છે. શમશેર ખાને JAAC પર નિશાન સાધતા આ સંગઠન પર પાકિસ્તાન સાથે 'ગદ્દારી' કરવાનો અને ભારતના હિતમાં કામ કરવાનો આરોપ લગાવ્યો છે.

**આતંકવાદીઓની સંપત્તિ પર જમ્મુ-કાશ્મીર પોલીસની કડક કાર્યવાહી**

બીજી તરફ, જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા આતંકવાદીઓ વિરુદ્ધ સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. થોડા મહિના પહેલા જ પોલીસે હિઝબુલ મુજાહિદ્દીનના જાહેર કરાયેલા ગુનેગાર ગુલામ મોહમ્મદ ભટ ઉર્ફે હૈદરની સ્થાવર સંપત્તિ જપ્ત કરી હતી. સોપોરના પંઝલ્લાનો રહેવાસી હૈદર હાલમાં પાકિસ્તાનથી પોતાની ગતિવિધિઓ ચલાવી રહ્યો છે. તપાસમાં બહાર આવ્યું હતું કે તે ગેરકાયદેસર શસ્ત્રો અને દારૂગોળાની ટ્રેનિંગ લેવા માટે ગેરકાયદેસર રીતે PoK ચાલ્યો ગયો હતો. ભારત સરકાર અને સુરક્ષા દળો આવા આતંકીઓની કમર તોડવામાં લાગેલા છે.

**પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયામાં 'ઓપરેશન સિંદૂર'ને યાદ કર્યું**

એક તરફ આતંકીઓ પોતાની બરબાદીની કહાની પોતે જ સંભળાવી રહ્યા છે, તો બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન ભારતની વધતી તાકાતનું પ્રદર્શન કર્યું હતું. સિડનીમાં આયોજિત એક પ્રવાસી ભારતીય કાર્યક્રમમાં પીએમ મોદીએ ભારતીય સેનાના પરાક્રમ અને ઓપરેશન્સનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે પોતાના ઓસ્ટ્રેલિયાના સમકક્ષ એન્થોની અલ્બેનીઝની હાજરીમાં જણાવ્યું કે આજે સમગ્ર વિશ્વ ભારતની સંરક્ષણ પ્રણાલીની ક્ષમતા અને વિશ્વસનીયતા જોઈ રહ્યું છે. ભારત હવે ચૂપ બેસી રહેનારો દેશ નથી, પરંતુ આતંકીઓને તેમના ઘરમાં ઘૂસીને મારતા જાણે છે. 'અમને ભારતની મદદ જોઈએ છે':પાકિસ્તાનનાં અત્યાચારો વચ્ચે POKના નેતાએ કહ્યું- અહીં પરિસ્થિતિ વધુ બગડે તો અમારી પાસે ભારત જવાનો વિકલ્પ હોવો જોઈએ, પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર(PoK)માં ચાલી રહેલી અશાંતિએ અત્યાર સુધીમાં સેંકડો લોકોના જીવ લીધા છે.

# શેખ હસીનાએ કહ્યું- ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછી ફરીશ : કોર્ટમાં સરેન્ડર કરીશ, હત્યા થઈ જાય તો પણ મંજૂર

**નવી દિલ્હી, તા.11**



બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું છે કે તેઓ ડિસેમ્બરમાં ભારતથી બાંગ્લાદેશ પાછા ફરશે અને કોર્ટમાં આત્મસમર્પણ કરશે. તેમણે કહ્યું કે તેમની સાથે અવામી લીગના ઘણા વરિષ્ઠ નેતાઓ પણ બાંગ્લાદેશ પાછા ફરીને આત્મસમર્પણ કરશે.

હસીનાએ કહ્યું કે અવામી લીગના નેતાઓ અને કાર્યકરો પર સતત કાર્યવાહી થઈ રહી છે. તેમના મતે, લગભગ તમામ મોટા નેતાઓ અને કાર્યકરો પર કેસ નોંધવામાં આવ્યા છે અને ઘણા લોકો છુપાઈને રહેવા મજબૂર છે. જોકે, તેમણે પાછા ફરવાની ચોક્કસ તારીખ જણાવી નથી. રોયટર્સને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું, હસીના 2024માં સરકાર વિરોધી આંદોલન પછી બાંગ્લાદેશ છોડીને ભારત આવી ગયા હતા. ત્યારબાદ તેમને વિદ્યાર્થી આંદોલન પર કાર્યવાહી સંબંધિત કેસમાં મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હતી. તેઓ આ આરોપોનો ઈનકાર કરતા રહ્યા છે. હસીનાએ કહ્યું- સરકાર સાથે પાછા ફરવા અંગે કોઈ વાતચીત નથી

શેખ હસીનાએ કહ્યું કે તેમણે બાંગ્લાદેશ પાછા ફરવા અંગે સરકાર સાથે કોઈ વાતચીત કરી નથી. તેમનું કહેવું છે કે લોકશાહી, ચૂંટણી, અવામી લીગના રાજકીય અધિકારો અને ન્યાય જેવા મુદ્દાઓ પર પડદા પાછળ વાતચીત થઈ શકે નહીં.

હસીનાએ દાવો કર્યો કે બાંગ્લાદેશ સરકાર તેમને પાછા મોકલવા માટે ભારતને સતત પત્રો લખી રહી છે. તેમણે કહ્યું, 'મને પાછા લાવવાની જરૂર નહીં પડે, હું જાતે જ પાછી ફરીશ.'

જોકે, હસીનાના આ દાવા પર બાંગ્લાદેશ સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. જ્યારે ભારતે પણ હાલમાં કોઈ ટિપ્પણી કરી નથી. આ પહેલા એપ્રિલમાં ભારતે કહ્યું હતું કે તે બાંગ્લાદેશની પ્રત્યાર્પણ વિનંતી પર વિચાર કરી રહ્યું છે અને નવી સરકાર સાથે સંબંધો મજબૂત કરવાની દિશામાં કામ કરી રહ્યું છે.

**હસીનાએ કહ્યું- જો ભૂલ કરી હોય તો નિર્ણય જનતા કરે**

શેખ હસીનાએ કહ્યું કે તેમને જેલમાં જવાનો ડર નથી, કારણ કે તેમની પહેલા પણ ઘણી વખત ધરપકડ થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે સત્તામાં લાંબા સમય સુધી રહેતી કોઈપણ સરકારથી ભૂલો થઈ શકે છે, પરંતુ તેનો નિર્ણય અદાલત નહીં, જનતાએ કરવો જોઈએ.

તેમણે કહ્યું, 'જો અમારી સરકારથી ભૂલો થઈ છે, તો જનતા નિર્ણય કરશે.'

રોઈટર્સ અનુસાર, સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં 2024ના વિદ્યાર્થી આંદોલન પર કાર્યવાહીમાં લગભગ 1,400 લોકોના મોત થયા હોવાનું કહેવાયું છે. આ જ મામલે શેખ હસીનાને ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હતી. હસીનાએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે અદાલતની સુનાવણી શરૂ થતાં જ સત્ય બહાર આવશે. બાંગ્લાદેશ સરકારના મતે હસીનાને પાછા લાવવાના પ્રયાસો ચાલુ છે. વિદેશ રાજ્ય મંત્રી શમા ઓબૈદ ઈસ્લામે મંગળવારે જણાવ્યું હતું કે હસીનાને અદાલત સમક્ષ રજૂ કરવા માટે સરકાર રાજદ્વારી સ્તરે સતત પ્રયાસ કરી રહી છે અને આ પ્રક્રિયામાં કોઈ કમી નથી. તેમણે કહ્યું કે હસીનાને પાછા લાવવાની પ્રક્રિયા વચગાળાની સરકારના સમયમાં શરૂ થઈ હતી અને વર્તમાન સરકાર પણ તેને આગળ વધારી રહી છે.

# ચીનનો નવો 'મિસાઈલ મેસેજ' : પરમાણુ સબમરીનમાંથી બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ, હિન્દ મહાસાગરમાં ચીનની હાજરી સતત વધી રહી છે

**બીજિંગ/નવી દિલ્હી, તા.11**

ચીને પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીનમાંથી લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલનું પ્રશાંત મહાસાગરમાં પરીક્ષણ કરીને પોતાની વ્યૂહાત્મક સૈન્ય શક્તિનું પ્રદર્શન કર્યું છે. અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડે તેને પ્રાદેશિક સ્થિરતા માટે ચિંતાનો વિષય ગણાવ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે આ માત્ર પ્રશાંત ક્ષેત્રનો મામલો નથી, પરંતુ હિન્દ-પ્રશાંતમાં ચીનની વધતી સૈન્ય આક્રમકતાનો સંકેત છે, જેની સીધી અસર ભારતની સુરક્ષા રણનીતિ પર પણ પડી શકે છે. રક્ષા નિષ્ણાતોના મતે પરીક્ષણમાં સંભવતઃ ચીનની નવી પેઢીની JL-3 સબમરીન આધારિત બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મિસાઈલ પરમાણુ હથિયારો લઈ જવામાં સક્ષમ માનવામાં આવે છે અને તેની મારક ક્ષમતા એટલી છે કે ચીનના દરિયાઈ ક્ષેત્રમાંથી પણ હજારો કિલોમીટર દૂર લક્ષ્યોને નિશાન બનાવી શકાય છે. ચીન તેને નિયમિત સૈન્ય અભ્યાસ ગણાવી રહ્યું છે, પરંતુ પ્રાદેશિક દેશોનું



કહેવું છે કે તેનાથી હિન્દ-પ્રશાંતમાં સૈન્ય સ્પર્ધા વધુ તીવ્ર બનશે. ભારત માટે સૌથી મોટી ચિંતા ચીનની વધતી દરિયાઈ હાજરી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચીની નૌકાદળની સબમરીન હિન્દ મહાસાગરમાં ઘણી વખત જોવા મળી છે. જીબુતીમાં સૈન્ય અડ્ડો, પાકિસ્તાનના ગ્વાદર બંદર અને શ્રીલંકાના હમ્બનટોટા પોર્ટ પર ચીનની સક્રિયતા પહેલેથી જ નવી દિલ્હી માટે વ્યૂહાત્મક પડકાર છે. જો ચીન વધુ આધુનિક અને ઓછો અવાજ કરતી પરમાણુ સબમરીન તહેનાત કરે છે, તો હિન્દ મહાસાગર ક્ષેત્રમાં તેની સૈન્ય પહોંચ અને પ્રભાવ બંને વધી શકે છે.

**હિન્દ મહાસાગરમાં ચીનની હાજરી સતત વધી રહી છે**

અત્યાર સુધી ચીનનું ધ્યાન દક્ષિણ ચીન સાગર અને તાઈવાન સુધી મનાતું હતું, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેની પરમાણુ સબમરીન હિન્દ મહાસાગરમાં પણ નિયમિતપણે જોવા મળી છે. ચીનનો જિબુતીમાં સૈન્ય અડ્ડો, પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સુધી પહોંચ અને શ્રીલંકાના હમ્બનટોટા બંદરગાહ પર પ્રભાવ ભારત માટે પહેલેથી જ વ્યૂહાત્મક પડકાર છે. જો ચીનની નવી સબમરીન સ્ટેલ્થ અને લાંબા અંતરની મિસાઈલોથી સજ્જ થઈ જાય, તો તે હિન્દ મહાસાગરથી પણ ભારતના મોટાભાગના વિસ્તારોને નિશાન બનાવી શકે છે.

**ભારતના પરમાણુ પ્રતિરોધક સંતુલન પર અસર**

ભારતની પરમાણુ નીતિ ક્રેડિબલ મિનિમમ ડેટેરેન્સ અને નો ફર્સ્ટ યુઝ પર આધારિત છે. જો ચીન સમુદ્ર આધારિત પરમાણુ ક્ષમતા ઝડપથી વધારે છે તો ભારતને પણ વધુ પરમાણુ સબમરીન, લાંબા અંતરની K-4 અને K-5 મિસાઈલો અને દરિયાઈ દેખરેખ નેટવર્ક ઝડપથી મજબૂત કરવું પડશે.

# ઈરાની સુપ્રીમ લીડર કહ્યું- પિતા ખામેનીના મોતનો બદલો લઈશું : ટ્રમ્પ બોલ્યા- ઈરાન પર 1000 મિસાઈલો ટાર્ગેટ કરી રાખી છે,

**નવી દિલ્હી, તા.11**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જો ઈરાને તેમની હત્યા કરવાનો પ્રયાસ કર્યો તો અમેરિકા એવો જવાબ આપશે જે પહેલા ક્યારેય જોવા મળ્યો નહીં હોય. ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પે લખ્યું કે ઈરાન તરફ 1000 મિસાઈલો તૈયાર છે અને જરૂર પડ્યે હજારો વધુ મિસાઈલો છોડવામાં આવશે. ટ્રમ્પે કહ્યું કે જો ઈરાને તેમના પર હુમલો કર્યો તો ઈરાનને સંપૂર્ણપણે તબાહ કરી દેવામાં આવશે. તેમણે દાવો કર્યો કે જવાબી કાર્યવાહીના આદેશો પહેલેથી જ આપવામાં આવ્યા છે અને અમેરિકી સેના સંપૂર્ણપણે તૈયાર છે. બીજી તરફ, ઈઝરાયલી મીડિયા કાન ન્યૂઝના અહેવાલ મુજબ, અમેરિકાએ ઈઝરાયલમાંથી તેના 12 F-22 સ્ટેલ્થ ફાઈટર જેટ પાછા બોલાવવાનું શરૂ કરી દીધું છે. આ વિમાનો ફેબ્રુઆરીથી ઈઝરાયલના ઓવદા એરબેઝ પર તૈનાત હતા. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે તેમને ઈરાન વિરુદ્ધ સૈન્ય અભિયાન માટે




મોકલવામાં આવ્યા હતા અને તેમણે તાજેતરના હુમલાઓમાં પણ ભાગ લીધો હતો. ઈરાન બોલ્યું- ઈઝરાયલે હુમલો કર્યો તો બચશે નહીં: ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે કહ્યું કે જો ઈઝરાયલ તેના મહત્વના ઠેકાણાઓ પર ફરી હુમલો કરશે તો તેનો સખત જવાબ આપવામાં આવશે. આ પહેલા ઈઝરાયલના પીએમ નેતન્યાહુએ હુમલાની ચેતવણી આપી હતી. અમેરિકાએ કહ્યું- હોર્મુઝ પર ઈરાનનો કંટ્રોલ નથી: અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ ઈરાનના એ દાવાને નકારી કાઢ્યો કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર તેનો નિયંત્રણ છે. CENTCOM એ કહ્યું કે અત્યાર સુધીમાં 800 થી વધુ વેપારી જહાજો અને 38 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ હોર્મુઝ પાર કરી ગયા છે.

કતારે અમેરિકા અને ઈરાનથી તણાવ ઓછો કરવાની અપીલ કરી: કતારે બંને દેશોને કરારનું પાલન કરવા અને વાતચીત ચાલુ રાખવા અપીલ કરી. સાથે જ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની સુરક્ષિત અવરજવર જાળવી રાખવા પર ભાર મૂક્યો.

રશિયાએ કહ્યું- બ્રિટન, ફ્રાન્સ, જર્મનીએ અમેરિકા-ઈઝરાયલનો સાથ આપ્યો: UNSCની કટોકટી બેઠકમાં રશિયાના પ્રતિનિધિએ આરોપ લગાવ્યો કે બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ ઈરાનના નાગરિક માળખા પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓનું સમર્થન કર્યું. IEAની ચેતવણી- તેલ પુરવઠા પર ખતરો: આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (IEA) એ કહ્યું કે જો અમેરિકા-ઈરાન તણાવ વધશે તો વૈશ્વિક તેલ પુરવઠો પ્રભાવિત થઈ શકે છે અને ઉર્જા સંકટ લાંબુ ખેંચાઈ શકે છે. ઈરાનના નવા સુપ્રીમ લીડર મુજતબા ખામેનીએ તેમના પિતા અયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કાર પછી પહેલીવાર સંદેશ જાહેર કર્યો છે. અલ જઝીરા અનુસાર, તેમણે કહ્યું- હું મારા પિતાના બદલો ચોક્કસ લઈશ, બદલો જ આપણા દેશની પણ ઈચ્છા છે. મુજતબા ખામેનીએ અંતિમ સંસ્કારમાં સામેલ થયેલા લાખો લોકોનો આભાર માન્યો. તેમણે કહ્યું કે લોકોની મોટી હાજરીએ દુશ્મનોને જડબાતોડ જવાબ આપ્યો અને આ એક ઐતિહાસિક ક્ષણ હતી. તેમણે પોતાના પિતાને શ્રદ્ધાંજલિ પણ આપી. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે ફરી એકવાર ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો મુદ્દો ચર્ચામાં છે. તેની શરૂઆત ત્યારે થઈ જ્યારે મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો કે ઈઝરાયલે અમેરિકાને ગુપ્ત એલર્ટ આપ્યું છે કે ઈરાન ટ્રમ્પની હત્યાનું નવું કાવતરું ઘડી રહ્યું છે. જોકે, અમેરિકી અધિકારીઓએ કહ્યું કે આ ઈનપુટની પુષ્ટિ થઈ નથી.આ પછી, ટ્રમ્પે ઘણી વખત કહ્યું કે તેઓ ઈરાનની હિટલિસ્ટમાં સૌથી ઉપર છે. તેમણે ચેતવણી આપી કે જો તેમની હત્યાનો પ્રયાસ કરવામાં આવશે તો અમેરિકા ઈરાન પર સૌથી મોટો હુમલો કરશે.

# 30 હજાર ફૂટ ઉપર પ્લેનની બારી તૂટી : પેસેન્જર અડધો બહાર ખેંચાઈને લટકી ગયો, પત્નીએ બંને પગ પકડીને મોતના મોંમાંથી પાછો લાવ્યો

**એથેન્સ તા.11**

ગ્રીસના આકાશમાં એક ફ્લાઈટની બારી તૂટી જવાથી મોટો અકસ્માત ટળી ગયો. પ્લેન 30 હજાર ફૂટની ઊંચાઈ પર હતું, ત્યારે કેબિનમાં અચાનક દબાણ ઓછું થઈ ગયું અને વિન્ડો શીટ નીકળી ગઈ.



વિન્ડો શીટ પર બેઠેલા 61 વર્ષના મુસાફરનું માથું અને ખભા બારીમાંથી બહાર નીકળી ગયા. જેમ જ બાજુમાં બેઠેલા મુસાફરે આ જોયું તો તરત જ તેને પકડીને પાછો પ્લેનની અંદર ખેંચી લીધો.

એક મુસાફરે જણાવ્યું કે તે વૃદ્ધનો જીવ તેની બાજુમાં બેઠેલી પત્નીએ બચાવ્યો. જેમ જ તે બારીમાંથી બહાર નીકળવા લાગ્યા, તેમની પત્નીએ જોરથી પગ પકડી લીધા. સારી વાત એ રહી કે પીડિત વ્યક્તિએ બેલ્ટ બાંધ્યો હતો, જેના કારણે તે બહાર નીકળી શક્યો નહીં. ફ્લાઈટ ગ્રીસના થેસાલોનિકીથી જર્મનીના મેમિંગેન જઈ રહી હતી. એરલાઈન કંપની રાયનએરે જણાવ્યું કે પેસેન્જરને કેટલીક ઈજાઓ થઈ છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત સ્થિર છે. આ ઘટના મેસેડોનિયા ઉપર બની હતી. ઘાયલ મુસાફર સર્બિયાનો પ્રવાસી છે. તેને દાઝી જવા જેવી ઈજાઓ થઈ છે. પ્લેને સવારે 5.55 વાગ્યે (ગ્રીસના સમય મુજબ) થેસાલોનિકીથી ઉડાન ભરી હતી. ઘટના સમયે પ્લેનમાં હાજર મહિલા પેસેન્જરે રેડિયો થેસાલોનિકીને જણાવ્યું, 'ઘટના સમયે મોટાભાગના પેસેન્જર સૂઈ રહ્યા હતા. ત્યારે ટાયર ફાટવા જેવો જોરદાર અવાજ આવ્યો. તેના તરત જ બાદ લોકોની ચીસો સંભળાઈ.' એક મુસાફરે જણાવ્યું કે તે વૃદ્ધનો જીવ તેની બાજુમાં બેઠેલી પત્નીએ બચાવ્યો. જેમ જ તે બારીમાંથી બહાર નીકળવા લાગ્યા, તેમની પત્નીએ જોરથી પગ પકડી લીધા. સારી વાત એ રહી કે પીડિત વ્યક્તિએ બેલ્ટ બાંધ્યો હતો, જેના કારણે તે બહાર નીકળી શક્યો નહીં. ફ્લાઈટ ગ્રીસના થેસાલોનિકીથી જર્મનીના મેમિંગેન જઈ રહી હતી. એરલાઈન કંપની રાયનએરે જણાવ્યું કે પેસેન્જરને કેટલીક ઈજાઓ થઈ છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત સ્થિર છે. આ ઘટના મેસેડોનિયા ઉપર બની હતી. ઘાયલ મુસાફર સર્બિયાનો પ્રવાસી છે. તેને દાઝી જવા જેવી ઈજાઓ થઈ છે. પ્લેને સવારે 5.55 વાગ્યે (ગ્રીસના સમય મુજબ) થેસાલોનિકીથી ઉડાન ભરી હતી. ઘટના સમયે પ્લેનમાં હાજર મહિલા પેસેન્જરે રેડિયો થેસાલોનિકીને જણાવ્યું, 'ઘટના સમયે મોટાભાગના પેસેન્જર સૂઈ રહ્યા હતા. ત્યારે ટાયર ફાટવા જેવો જોરદાર અવાજ આવ્યો. તેના તરત જ બાદ લોકોની ચીસો સંભળાઈ.''અમને તરત જ સમજાઈ ગયું કે વિમાનની અંદર દબાણ ઓછું થઈ ગયું છે. થોડીવાર માટે મને લાગ્યું કે કોઈએ ભૂલથી ઈમરજન્સી દરવાજો ખોલી દીધો છે.' તે પછી ઓક્સિજન માસ્ક નીચે આવી ગયા અને કેબિનમાં તીવ્ર ગંધ ફેલાઈ ગઈ. એક મુસાફરનું માથું અને ખભા બારીમાંથી બહાર હતા. તેણે સીટ બેલ્ટ ખોલ્યો ન હતો. તે પછી આસપાસ બેઠેલા લોકોએ તેને પકડીને પાછો અંદર ખેંચી લીધો. ગ્રીક મીડિયાના અહેવાલ મુજબ, વિમાનના એન્જિનથી અલગ થયેલા કોઈ કાટમાળના ટુકડાને કારણે બારી તૂટી ગઈ. જોકે, આ કારણની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

રાયનએરે નિવેદન જારી કરીને કહ્યું કે ઉડાન ભર્યાના થોડા સમય પછી મુસાફરવાળી બારી અલગ થવાને કારણે વિમાનને પાછું થેસાલોનિકી ફરવું પડ્યું. વિમાને સામાન્ય રીતે લેન્ડિંગ કર્યું અને તમામ મુસાફરોને સુરક્ષિત રીતે ટર્મિનલ પર પહોંચાડવામાં આવ્યા. એરલાઈને જણાવ્યું કે બાકીના મુસાફરોને મેમિંગેન પહોંચાડવા માટે એક બીજું વિમાન મોકલવામાં આવ્યું. ઘટનાની તપાસ ચાલુ છે.


# ટ્રમ્પ બોલ્યા- ઈરાને વાતચીત ચાલુ રાખવાની માંગ કરી : બે દિવસ પછી ઈરાન-અમેરિકાએ હુમલા રોક્યા ; ઈઝરાયલે લેબનોન પર ડ્રોન હુમલા કર્યા

**વોશિંગ્ટન, તા.11**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર કહ્યું કે ઈરાને વાતચીત ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે અને અમેરિકા આ માટે તૈયાર થઈ ગયું છે. જોકે, ટ્રમ્પે એમ પણ કહ્યું કે બંને દેશો વચ્ચે થયેલું યુદ્ધવિરામ હવે સમાપ્ત થઈ ગયું છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે બે દિવસ સુધી ચાલેલી સૈન્ય કાર્યવાહી બાદ હાલ ગોળીબાર અટકી ગયો છે. અલ જઝીરા અનુસાર, હવે મધ્યસ્થી કરી રહેલા દેશો બંને પક્ષો વચ્ચે રાજદ્વારી વાતચીત ફરી શરૂ કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી તણાવ વધુ ન વધે.

આ ઉપરાંત, લેબનાનની નેશનલ ન્યૂઝ એજન્સી (NNA) અનુસાર, ઈઝરાયલે દક્ષિણ લેબનાનના નબાતિયેહ પ્રાંતમાં વધુ બે ડ્રોન હુમલા કર્યા છે. રિપોર્ટ અનુસાર, એક હુમલો કફર રેમાન અને બીજો નબાતિયેહ અલ-ફૌકા કસ્બામાં થયો. હાલ કોઈ જાનહાનિના સમાચાર નથી. અમેરિકાએ બુશેહર પરમાણુ ઠેકાણા નજીક




હુમલો કર્યો: ઈરાનના એક અધિકારીએ જણાવ્યું કે અમેરિકાએ બુશેહર પરમાણુ ઠેકાણાને નિશાન બનાવીને હવાઈ હુમલો કર્યો. જોકે, સુવિધાને કોઈ નુકસાન થયું નથી.

ઈરાને બહેરીન, કુવૈત અને જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર મિસાઈલો છોડી: ઈરાને અમેરિકાના હુમલાઓ બાદ જવાબી કાર્યવાહી કરતા બહેરીન, કુવૈત અને જોર્ડનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર મિસાઈલો છોડી. જોકે, આ દેશોએ ઘણી મિસાઈલો અને ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો છે. અમેરિકાએ ઈરાનમાં ચીન-રશિયા સાથે જોડાયેલા પુલ પર હુમલો કર્યો: ઈરાને દાવો કર્યો છે કે અમેરિકાએ ઉત્તરી ઈરાનમાં ચીન અને રશિયા સાથે જોડાયેલા એક વ્યૂહાત્મક રેલવે પુલ પર ક્રુઝ મિસાઈલથી હુમલો કર્યો. ઈરાને તેને યુદ્ધ અપરાધ ગણાવ્યો.

હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ ટેન્કરોની અવરજવર લગભગ ઠપ: રોઈટર્સ અનુસાર, અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ ફરી વધ્યા બાદ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર ગુરુવારે ઠપ રહી. આનાથી વૈશ્વિક તેલ સપ્લાયને લઈને ચિંતા વધી અને ક્રૂડ ઓઈલની કિંમતોમાં લગભગ 1% નો વધારો થયો.

ઈરાને એક રાતમાં 1 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ મોકલ્યું: અલ જઝીરા અનુસાર, ઈરાને એક જ રાતમાં ઓછામાં ઓછું 1 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ અને ફ્યુઅલ ઓઈલ નિકાસ માટે મોકલી દીધું. અમેરિકાની નૌકાદળની નાકાબંધી ફરીથી લાગુ થવાની આશંકાને કારણે આ પગલું ભરવામાં આવ્યું. દાવો- EU ઈઝરાયલ પર ટેરિફ લગાવશે

એએફપી (AFP) ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, સભ્ય દેશોના વધતા દબાણ બાદ યુરોપીયન યુનિયન (EU) ના વિદેશ મંત્રીઓ ઈઝરાયલી ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂકવા અંગે ચર્ચા કરશે.

રાજદ્વારીઓનું કહેવું છે કે બ્રસેલ્સમાં સોમવારે યોજાનારી આ બેઠકમાંથી કોઈ તાત્કાલિક નિર્ણયની અપેક્ષા નથી. જોકે, આનાથી એ સ્પષ્ટ થઈ જશે કે આ પ્રસ્તાવને આગળ વધારવા માટે કેટલું સમર્થન ઉપલબ્ધ છે.

યુરોપીયન યુનિયન પર આ મામલે કાર્યવાહી કરવાનું ભારે દબાણ છે. આ અઠવાડિયે યુનિયનની કારોબારી સંસ્થાએ વસાહતો સાથે વેપાર ઘટાડવાના ઘણા વિકલ્પો રજૂ કર્યા છે, જેમાં સંપૂર્ણ પ્રતિબંધ પણ સામેલ છે.

## તંત્રી લેખ

# ખેડૂતોનો આક્રોશ પાટીદાર આંદોલનની જેમ વિકરાળ બનશે?

અદાણી કંપની કચ્છથી લઈ દ્વારકા, મોરબીના ગામડાંના ખેતરોમાં વીજ ટાવર નાખે છે, તેની સામે સરકારે પૂરતું વળતર ન આપતાં મોરબીના જેતપર ગામથી ખેડૂતોનું આંદોલન શરૂ થયું. 18 જૂનથી શરૂ થયેલા આંદોલનના બે તબક્કા પૂરા થઈ ગયા છે. હવે આગળ શું થશે, શું આંદોલન ઠરી જશે કે પાટીદાર અનામત આંદોલનની જેમ રાજ્યભરમાં ફેલાશે, જાણીશું ગુજરાત એક્સપ્લેનરમાં....

સવાલ-1 : અદાણીનો પ્રોજેક્ટ શું છે?

જવાબ : અદાણી કંપનીની વેબસાઈટ મુજબ, અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL)ને ગુજરાતમાં પાવર ટ્રાન્સમિશન પ્રોજેક્ટ મળ્યો છે. આ પ્રોજેક્ટ ગુજરાતના મુંદ્રામાં ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા બનાવવા માટે ગ્રીન ઈલેક્ટ્રોન્સ (નવી પદ્ધતિથી પેદા કરેલી વીજળી) સપ્લાય કરશે. આશરે 2,800 કરોડ રૂપિયાના ખર્ચવાળા આ પ્રોજેક્ટને 36 મહિનામાં પૂરો કરવાનો ટાર્ગેટ છે.

મુંદ્રામાં ગ્રીન હાઈડ્રોજન- એમોનિયા બનાવવાની ક્ષમતા માટે 'ટ્રાન્સમિશન સિસ્ટમ' નામના આ પ્રોજેક્ટમાં મુંદ્રા ઈલેક્ટ્રિકલ સબસ્ટેશનને અપગ્રેડ કરાશે, જેના માટે 765 કે.વી અને 400 કે. વી.ના બે મોટા ટ્રાન્સફોર્મર લગાવવામાં આવશે. આ સબસ્ટેશનને ભુજ સબસ્ટેશન સાથે જોડવા માટે 75 કિલોમીટર લાંબી 765 કે.વી. ડબલ-સર્કિટ લાઈન બનાવવામાં આવશે.

આ લાઈનમાંથી સળંગ લાઈનો નાખીને કચ્છથી બીજા રાજ્યો સુધી વીજળી પહોંચાડવાનો ટાર્ગેટ છે. કચ્છથી દ્વારકા, મોરબી, ટંકારા, વાંકાનેર, જામનગર, રાજકોટ જેવા ગુજરાતના અલગ અલગ ખેતરોમાં ટ્રાન્સમિશન ટાવર નાખવામાં આવી રહ્યા છે. મોરબી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો આ રૂટમાં મુખ્ય હોટસ્પોટ છે, જ્યાં સૌથી વધુ ટાવર નાખવામાં આવી રહ્યા છે. આ જ વાતનો વિરોધ થઈ રહ્યો છે.

સવાલ-2 : ખેડૂતો આંદોલન કેમ કરી રહ્યા છે?

જવાબ : અદાણી કંપની લોખંડના તોતિંગ ટ્રાન્સમિશન ટાવર ખેતરોમાં નાખે છે. કચ્છમાં ટાવર નાખ્યા પછી હવે મોરબી પંથકના ગામડાંઓમાં ટાવર નખાઈ રહ્યા છે. મોરબી પંથકના ખેડૂતોનો આરોપ એવો છે કે અમારા ખેતરમાં પૂછ્યા વગર ઘૂસીને કામ શરૂ કરી દેવાય છે. પોલીસ બંદોબસ્ત સાથે હીટાચી મશીન આવી જાય છે. ખેતરમાં ટાવર નાખે તેની સામે જે ભાવ મળવા જોઈએ તે સરકારે આપ્યા નથી. આ જ કારણ છે કે ખેડૂતોએ 18 જૂનથી મોરબીના જેતપર ગામેથી આંદોલન શરૂ કર્યું. શરૂઆતના 19 દિવસ અન્નનો ત્યાગ કરીને ઊપવાસ કરાયા હતા. આ આંદોલનના બે તબક્કા પૂરા થઈ ગયા છે. પહેલા તબક્કામાં 19 દિવસના ઊપવાસ અને બીજા તબક્કામાં 12- 12 જિલ્લાના ખેડૂતો બે દિવસ જેતપર ગામમાં ભેગા થયા હતા.

સરકારે આંદોલન ઠારવા શું નિર્ણય કર્યો

પહેલા ખેડૂતોને જંત્રીના બમણા દર (200%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. આમાં સરકારે સુધારો કર્યો. જંત્રી નહીં પણ જમીનના માર્કેટ રેટના બમણા ભાવ ચૂકવવામાં આવશે, એવી જાહેરાત કરી. દાખલા તરીકે 765 કે.વી. લાઇનમાં અગાઉ 625 ચોરસ મીટર જમીન લેખે પૈસા અપાતા હતા, હવે 729 ચોરસ મીટર જમીન લેખે પૈસા ચૂકવવામાં આવશે.

ખેડૂતોએ શું ગણતરી સમજાવી

20 વીઘા જમીન હોય તો દર ચાર વીઘાના 36 લાખ રૂપિયા મળે. જમીનના મૂળ ભાવ કરતાં 3 કરોડની નુકસાની. 30 વીઘા હોય તો દર 6 વીઘાના 54 લાખ મળે. જમીનના મૂળ ભાવ કરતાં 4.5 કરોડની નુકસાની. ટાવર નીચે ખેતી ન થાય એટલે જમીન સંપાદન જ ગણવું પડે. એટલે સરકારે 200% નહીં, 400% ભાવ આપવા પડે.

# વિશ્વનાં 195 દેશોમાંથી 78 દેશની કુલ વસ્તી જેટલો વસ્તી વધારો ભારતમાં દર વર્ષે નોંધાય છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

11/7 એ વસ્તી વધારો દિવસ, આ દિવસ ઉજવવાની શરૂઆત 1989 માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા કરવામાં આવી હતી અને એનો ઉદ્દેશ વધતી જતી વસ્તીને કારણે ઉદભવતી સમસ્યા પર ધ્યાન દોરવાનો હતો. 1987 ની છેલ્લી વસતી ગણતરી મુજબ વિશ્વની વસ્તી 5 અબજ થઈ! એટલે પાંચ અબજ દિન તરીકે યાદ કરાય છે. દિવસે દિવસે જે રીતે વસ્તી વધી રહી છે, અને એ પણ જેને ખાવાનાં સાંસા હોય એવાં વર્ગની વસ્તી વધતી જ જાય છે, અને આગળ જતાં એ બાળકો અભાવાને કારણે વિકૃત થતાં જાય છે, અને સમાજમાં હિંસા અને અશાંતિ ફેલાવે છે, એ જોઈ ચિંતા ચિંતન કરાવે છે.

વૈશ્વિકવસ્તીની વાત કરીએ તો યુનાઈટેડ સ્ટેટસ સેન્સ બ્યૂરો દ્વારા પ્રકાશિત કરાયેલા પેપર અનુસાર, 24 ફેબ્રુઆરી 2006ના રોજ વિશ્વનીવસ્તી6.5 અબજના આંકને સ્પર્શી ગઇ હતી, અને છેલ્લે 2024 મુજબ વિશ્વની વસ્તી 8.2 અબજ હતી, અને આજે 2025 ચાલે છે એટલે .. જોકે ભવિષ્યવેત્તા ઓ કહે છે 2100 સદીના અંતમાં વસ્તી ઘટશે! 2023 માં WHO દ્વારા ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે, એવું તારણ નીકળ્યું છે. સ્ટેટ ઓફ પોપ્યુલેશનનાં જાન્યુઆરીના રિપોર્ટ મુજબ ભારતની વસ્તી 1.46 અબજ છે. વિશ્વમાં 195 દેશ છે, અને આટલાં દેશની વસ્તી 8.2 અબજ જ્યારે ભારતની વસ્તી 1.46 અબજ ! બાપરે! અને એ પણ ભૌગોલિક રીતે સિમિત ક્ષેત્રમાં એટલે કે જમીનની રીતે આપણી પાસે આટલાં લોકોનું રહેવું બહુ જ મુશ્કેલ છે! પણ છતાં ક્યાંક ને ક્યાંક તો રહેતા જ હશે!

વિશ્વની વસ્તી 1987 માં 5 અબજ હતી, અને આજે 2025 માં 8.2 અબજ છે, અંદાજે એક દાયકે એક અબજ વસ્તી વધી એવું તારણ નીકળે. જ્યારે ભારતની વાત કરીએ તો 1951 માં ભારતની વસ્તી 36 કરોડ હતી અને આજે

1.47 અબજ છે!: એટલે છેલ્લાં 75 વર્ષમાં 1.6 અબજ વસ્તી વધી ગઈ! પૂરી જીવ સૃષ્ટિ કુદરતી રીતે જ પોતાના આનુવંશિક પરિબળોને કારણે પોતાનાં જેવાં જ બીજા સજીવને પેદા કરે છે. વનસ્પતિ અને પ્રાણીઓ પણ આ જ રીતે પોતાના જેવાં બીજા સજીવ પેદા કરે છે, અને આ રીતે આખી જીવ સૃષ્ટિ નિર્માણ પામીને સમયાંતરે નિર્વાણ પામે અને આમ આખી કુદરતી સાયકલ ચાલે! એટલે કે જન્મ મરણનું ચક્ર ચાલે.

માનવીય શરીરને એક સ્ત્રી જન્મ આપે છે, અને 14 થી 45 વર્ષ સુધી સ્ત્રી માટે પ્રજનન કાળ ગણવામાં આવે છે. વધતી જતી વસ્તીને કન્ટ્રોલ કંઈ રીતે કરવી એવો કોઈ પ્રશ્ન થાય તો એનાં બહુ ઉપાય આપણને મળતા નથી! કારણકે પોતાને કેટલાં સંતાન જોઈએ છે! એ દરેકનો વ્યક્તિગત વિષય થાય, એમાં કોઈ રોકટોક કરી શકાય નહીં! એટલે કે કાયદાકીય રીતે કોઈ ઉપાય મળે નહીં. બીજું જન્મથી મૃત્યુનો દર વધું હોય તો વસ્તી ઘટી શકે! પણ ચીન જેવું ઘાતકી આપણે વિચારી શકીએ નહીં! ઉલટું વૈજ્ઞાનિક વિકાસને કારણે ખાધેપીધે સુખી મનુષ્યનું સરેરાશ આયુષ્ય વધતું જાય છે! જોકે કુદરતમાં પોતાની રીતે સરભર કરવાં કુદરતી અને કુત્રિમ દુર્ઘટના ઘટતી જ હોય છે અને



એમ એકસાથે કેટલાંય મૃત્યુ થાય છે, પણ છતાં મૃત્યુ અંક વસ્તી વધારાના પ્રમાણમાં ઓછો હોવાથી વસ્તી વધતી જ જાય છે, કારણકે અમુક કોમ પોતાનું વર્ચસ્વ વધારવાં વધુ ને વધુ બાળકો પેદા કરે છે. હાલ એક જ વિકલ્પ છે, અને એ સ્ત્રીઓની ફળદ્રુપતાનો દર ઘટે તો વસ્તી ઘટે! જોકે વર્કીંગ વુમનનાં તણાવ ગ્રસ્ત જીવનને કારણે એ દર નહીવત ઘટયો છે.

આપણને સૌને એમ છે કે યુરોપના દેશોની વસ્તી ઓછી છે, એટલે તેનું આર્થિક અર્થતંત્ર મજબૂત છે! પણ હકીકતમાં યુરોપના દેશો વચ્ચે બે વિશ્વ યુદ્ધમાં મોટા પાયે યુવાનો મૃત્યુ પામ્યાં અને એટલે યુરોપની વસ્તી ઓછી થઈ ગઈ! અને વસ્તી ઓછી હોવાથી એ દેશ માનવીય વિકાસ માટેના દરેક ક્ષેત્રે આર્થિક રીતે પહોંચી વળે છે. રશિયામાં વધુ સંતાન કરવાં પ્રોત્સાહન આપવામાં આવે છે, જાપાનમાં વૃદ્ધોનું આયુષ્ય વધતાં યુવાનોની ખોટ પડી છે. યુરોપનાં દેશો પોતાની શક્તિ વધારવાં લાખો શરણાર્થીઓને સમાવ્યાં, અમેરિકા જેવા વિકસિત દેશોએ વિશ્વભરનાં લોકોને ઉચ્ચ જીવન ધોરણ આપવા માટે વસવાટની છૂટ આપી! એનો મતલબ થાય કે એમની માટે વસ્તી વધારો એ ગંભીર સમસ્યા નથી! કારણકે એ બધાં દેશ જમીનની રીતે મોટું ક્ષેત્રફળ ધરાવે છે, જ્યારે આપણે ત્યાં એક 10 બાય 10 ની રુમમાં એની કેપેસીટીથી વધુ લોકોને એનાં સામાન સાથે સમાવવા જેટલું અઘરું પડે એટલું જ અઘરું પડે છે.

2018 ના વર્લ્ડ બૅન્કના રિપોર્ટ મુજબ 195 દેશની યાદીમાં ભારત હેલ્થ ઈન્ડેક્સમાં 145માં નંબરે છે.જ્યારે આજે ભારત 111 મુ સ્થાન ધરાવે છે! એટલે કે મૃત્યુ દર ઓછો થયો અને જન્મનું પ્રમાણ વધ્યું, એટલે વધતી જતી વસ્તીની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા માટે પાણી, જમીન, ખેતી, અનાજ બધું પુરું પડે એમ નહોતું! અને એટલે વૈજ્ઞાનિક અભિગમથી વિકાસ સાધ્યો, અને એ બધામાં પ્રદૂષણ આવ્યું, ઉપરાંત ઉદ્યોગની વિવિધતાને કારણે તેમજ પેટ્રોલ ડીઝલના બહોળા ઉપયોગ ને કારણે હવામાં પ્રદૂષણ વધ્યું. વસ્તી વધારાને કારણે પ્રાથમિક જરૂરિયાતોની માંગ વધી! એટલે મોંઘવારી વધી અને એટલે ઓછી આવક ધરાવતાં પરિવાર તેમજ તેના બાળકો જન્મથી જ કુપોષણનો ભોગ બન્યા!

ભારતમાં દર વર્ષે ક્યાંક અતિ વૃષ્ટિ તો ક્યાંક દુષ્કાળ! તો ક્યાંક વાવાઝોડું, ક્યારેક ધરતીકંપ સુનામી, પૂર! ઉપરાંત આતંકને કારણે દેશ કેટલુંય નુકશાન ભોગવે! જોકે એમાં કેટલાંય મૃત્યુ પણ થાય છતાં પરિસ્થિતીમાં કોઈ ફેર નથી! કારણકે વિશ્વમાં માં દર સેકન્ડે 4.2 બાળક જન્મે છે અને 2 મૃત્યુ પામે છે. વિશ્વમાં જન્મેલા 1000 બાળક માંથી 173 બાળક ભારતના હોય છે, અને એટલે 195 દેશમાંથી 78 દેશની કુલ વસ્તી જેટલો વસ્તી વધારો તો આપણે દર વર્ષે વધે છે. એકંદરે આમાં એક સાંધો ત્યાં તેર તૂટે એવું છે.

નરેન્દ્રભાઈ મોદીએ પહેલીવાર વડાપ્રધાન તરીકે શપથ લીધા અને એ પછીની 15 ઓગસ્ટ એ એમણે લાલ કિલ્લા પરથી પોતાનું પ્રવચન શરૂ કર્યું, ત્યારે કહ્યું હતું કે, 130 કરોડ દેશવાસીઓ, હું ભારતનાં આર્થિક વિકાસ માટે... એટલે સરકારે આ દસ વર્ષમાં શું કર્યું કે એ આજનો વિષય નથી, પણ એક દાયકામાં ભારતની વસ્તી 12 કરોડ વધી ગઈ છે, જે મોટી સમસ્યા છે!; અને સરકાર ગમે તે હોય વસ્તી જ્યારે આ રીતે વધતી હોય, ત્યારે આટલી મોટી જન સંખ્યાની પ્રાથમિક જરૂરિયાત! એટલે કે રોટી કપડાં અને મકાન ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, રાંધણ ગેસ, વીજળી, ઈન્ટરનેટ બધું આપી શકવું શક્ય જ નથી! વધતી જતી ઝૂંપડપટ્ટી જોઈને, નરેન્દ્રભાઈ આવાસ યોજના હેઠળ દરેકને મકાન મળ્યાં કે નહી? એ પ્રશ્ન છે, પણ પ્રમાણમાં પીવાનું પાણી, રેશન, શિક્ષણ, રાંધણ ગેસ, દવા એટલે કે હોસ્પિટલ ફેસેલિટી, વિજળી અને ઈન્ટરનેટ ગામડે ગામડે પહોંચી ગયું છે! ઈન્ટરનેટને વિકાસ કહેવો કે કેમ? એ પ્રશ્ન પણ છે! કારણકે શ્રમજીવી પ્રજાને ઈન્ટરનેટ દ્વારા સોશિયલ મીડિયાનું ઘેલું લાગશે તો? જોકે સોશિયલ મીડિયા સિવાય ઈન્ટરનેટના ઘણાં ઉપયોગ છે, અને એ રીતે ખેતીથી શરૂ કરી દરેક ક્ષેત્રમાં કંઈ રીતે વધુ ને વધુ સારું પરિણામ મેળવી શકાય છે, એની માહિતી નેટ પરથી મળી શકે અને એ રીતે એ વિકાસ સાધી શકે! ઉપરાંત ઓનલાઈન જોબ અને શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે. આટલી મોટી વસ્તીનો એક ફાયદો પણ છે, કે 16 થી 40 વર્ષના સૌથી વધુ યુવાનો માત્ર ભારત દેશ ધરાવે છે! યુવાનો ધારે તો શું ન કરી શકે? અને આપણાં યુવાનો એ જ વિદેશ વસી ત્યાંનું અર્થતંત્ર મજબૂત કર્યું છે. એટલે આ યુવાનો સંકલિત થાય તો, અન્ય પર આધારિત રહ્યાં વગર વધતી જતી વસ્તીની સમસ્યા સામે ભારત દેશ અડગ બની વ્યક્તિગત ઉન્નતિથી વિકાસ સાધી શકશે! જય હિન્દ.

આટલી મોટી વસ્તીનો એક ફાયદો પણ છે, કે 16 થી 40 વર્ષના સૌથી વધુ યુવાનો માત્ર ભારત દેશ ધરાવે છે! યુવાનો ધારે તો શું ન કરી શકે? અને આપણાં યુવાનો એ જ વિદેશ વસી ત્યાંનું અર્થતંત્ર મજબૂત કર્યું છે. એટલે આ યુવાનો સંકલિત થાય તો, અન્ય પર આધારિત રહ્યાં વગર વધતી જતી વસ્તીની સમસ્યા સામે ભારત દેશ અડગ બની વ્યક્તિગત ઉન્નતિથી વિકાસ સાધી શકશે! જય હિન્દ.

# ઉ.પ્ર. વિધાનસભાની ચૂંટણી માટે સપામાં અત્યારથી ખેંચતાણ



નવીદિલ્હી : ૨૦૨૭માં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે અત્યારથી જ રાજકીય ખેંચતાણ ચાલુ થઈ ગઈ છે. મીશન ૨૦૨૭ સફળ બનાવવા સમાજવાદી પાર્ટી અને કોંગ્રસનું ઈન્ડિયા ગઠબંધન ભલે જમીની રણનીતિ બનાવવામાં વ્યસ્ત હોય, પરંતુ જિલ્લા સ્તરે પરિસ્થિતિ અલગ છે. જિલ્લા સ્તરે ગઠબંધનમાં સપાના સ્થાનિક નેતાઓએ ટિકિટ માટે અત્યારથી જ દાવેદારી શરૂ કરી દીધી છે. સપાના સિનિયર નેતાઓ આ કારણે ટેન્શનમાં આવી ગયા છે. મેરઠ દક્ષિણ, સીવાલ ખાસ અને મેરઠ કેન્ટ જેવી મહત્ત્વની બેઠકો પર સમાજવાદી પક્ષની અંદર ટિકિટ માટે ધમાસાણ ચાલુ થઈ ગયું છે. જોકે ગઠબંધનની શરતો પ્રમાણે આ બેઠકોમાંથી બે બેઠકો કોંગ્રેસને આપવી પડે એમ છે. મેરઠ દક્ષિણ, સિવાલ ખાસ અને કેન્ટ વિધાનસભા બેઠકો પર સપાના લગભગ ૧૦ નેતાઓ છેલ્લા થોડા મહિનાઓથી ચૂંટણીની તૈયારીમાં લાગી ગયા છે. આ નેતાઓ કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાની તરફેણમાં નથી.

રાજા વડીંગને નહી હટાવવા કોંગ્રેસ મક્કમ

પંજાબ કોંગ્રેસમાં નેતૃત્વ માટે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદનો ઉકેલ લાવવા તમામ પક્ષો સક્રિય છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજિત સિંહ સન્ની પંજાબના પ્રભારી ભૂપેશ બધેલને મળી શકે છે. જોકે કોંગ્રેસ હાઈકમાન્ડે કહી દીધું છે કે, પંજાબ કોંગ્રેસના નેતૃત્વ બાબતે લીધેલો નિર્ણય બદલવામાં આવશે નહીં. પંજાબ કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અને વિધાનસભા પક્ષના નેતા બાબતે ખેંચતાણ ચાલી રહી છે. રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના ટોચના નેતાઓ મક્કમ છે કે, અમરિંદર સિંહ રાજા વડીંગને પ્રદેશ પ્રમુખ તેમજ પ્રતાપ સિંહ બાજવાને વિધાનસભા પક્ષના નેતા બનાવવાનો નિર્ણય આખરી છે. એ બાબતે પુન:વિચાર નહીં થાય. બધેલ સાથે મુલાકાત કરતા પહેલા ચન્ની પોતાના ટેકેદારો સાથે વાતચીત કરશે. ટેકેદારોનું શું માનવું છે એ જાણ્યા પછી ચન્ની છેવટનો નિર્ણય લેશે.

કર્ણાટક પીઆરસી પર બબાલ

કેન્દ્રીય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ખાસ અપીલ કરી છે. તેમણે અમિત શાહને કહ્યું છે કે, કર્ણાટક પરમેનન્ટ રેસિડન્ટ સર્ટિફિકેટ (પીઆરસી) ૨૦૨૬ બાબતે તાત્કાલીક હસ્તક્ષેપ કરે. આ માટે એમણે બંધારણીય અને રાષ્ટ્રીય સુરક્ષાને આગળ કર્યા હતા. કર્ણાટકના મુખ્યમંત્રી ડી કે શિવકુમારે પાત્ર નાગરીકોના નામ મતદાર યાદીમાં આવે એ માટે એસઆઈઆર અભિયાનમાં મદદ કરવા પરમેનન્ટ રેસિડન્ટ સર્ટિફિકેટ આપવાની જાહેરાત કરી છે. એમનું કહેવું છે કે, સરકારનું આ પગલું મતદારોના નામ મતદાર યાદીમાંથી દુર કરતા રોકશે. જોકે શોભા કરંદલાજે આ વાત સાથે સહમત નથી. શાહને લખેલા પત્રમાં એમનું કહેવું છે કે, 'આ પત્ર લખીને હું તમને કર્ણાટક સરકારના નિર્ણય બાબતે હસ્તક્ષેપ કરવાની માંગણી કરી રહી છું. પીઆરસી બાબતે કર્ણાટક સરકાર ગંભીર બંધારણીય અને સુરક્ષાની ભૂલ કરી રહી છે.'

'બાળકોના યૌન શોષણનો રિપોર્ટ નહીં કરવો એ પણ ગુનો'

સુપ્રિમ કોર્ટે એક ચુકાદો આપતા ટીપ્પણી કરી હતી કે, કોઈ સ્કૂલના અધિકારીને બાળકના યૌન શોષણની ફરિયાદ મળે તો તેઓ પોતે તપાસ કરીને કિસ્સાને દબાવી શકે નહીં. અધિકારી આવા બનાવની ફરિયાદ કરવાની જવાબદારીમાંથી બચી શકે નહીં. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે, બાળકોના યૌન અપરાધ સંરક્ષણ એક્ટ ૨૦૧૨ની કલમ ૧૩ હેઠળ આવી ઘટનાનો રીપોર્ટ કરવો પોક્સો એક્ટની કલમ ૨૧ હેઠળ જવાબદારી બને છે. જો આમ ન કરવામાં આવે તો ૬ મહિનાની જેલ કે દંડની સજા થઈ શકે છે. એક સ્કૂલના પ્રિન્સીપાલ પર આરોપ હતો કે એમણે સિનિયર વિદ્યાર્થી દ્વારા ૮ વર્ષની વિદ્યાર્થિની પર કરેલા દુષ્કર્મની ફરિયાદને દબાવી દીધી હતી. હવે સુપ્રિમ કોર્ટના જસ્ટીસ મનોજ મિશ્રા અને જસ્ટીસ કે વી વિશ્વનાથનની બેંચે આ બાબતે સ્કૂલના પ્રિન્સીપાલને નિર્દોષ ઠેરવવાનો હુકમ રદ કર્યો છે.

છેવટે મમતાના સ્ટાર્સ સુધર્યા

વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હાર પછી મમતા બેનર્જીને સતત પછડાટ મળી રહી હતી. તૃણમુલ કોંગ્રેસના એમના મોટા ભાગના સાથીદારો એમને છોડી ગયા હતા. એમના ભત્રીજા અભિષેક બેનર્જી સામે જાતભાતના કેસ કરવામાં આવ્યા. તૃણમુલ કોંગ્રેસના બેન્ક એકાઉન્ટો સીઝ કરવામાં આવ્યા. હવે એમ લાગે છે કે, મમતા બેનર્જીના ગ્રહો સુધરી રહ્યા છે. કલકત્તા હાઈકોર્ટે તૃણમુલ કોંગ્રેસના ફ્રીજ કરેલા ત્રણ બેન્ક એકાઉન્ટોનું સંચાલન કરવા માટે એક વિશેષ અધિકારીની નિમણૂક કરી છે. બીજી તરફ કોર્ટે ભૂતપૂર્વ મંત્રી અરૂપ વિશ્વાસ પર કોર્ટ કમ્પાઉન્ડમાં ઈંડા ફેકવાની ઘટના બાબતે પણ કડક ટીપ્પણી કરી છે. કોર્ટે કહ્યું છે કે, કોઈપણ આરોપીનું સાર્વજનિક અપમાન અને એના પર ઈંડા ફેકવા જેવી પ્રવૃત્તિ અટકાવવી જોઇએ. મમતા બેનર્જીને સોથી મોટી રાહત એ થઈ છે કે અધિકારીની દેખરેખ હેઠળ તેઓ બેંક ખાતા ઓપરેટ કરી શકશે.

પાળેલા કૂતરાને મળવા દેવા મહુવા મોઈત્રાની માંગણી

તૃણમુલ કોંગ્રેસના સાંસદ મહુવા મોઈત્રા સતત સમાચારોમાં રહે છે. થોડા દિવસો પહેલા એમણે એવી જાહેરાત કરી હતી કે, ભાજપમાં જોડાવા કરતા તેઓ મરવાનું પસંદ કરશે. હવે એમણે પોતાના ભૂતપૂર્વ પાર્ટનર અને વકીલ જય અનંત દેહાદ્રયીના કબજામાં રહેલા એમના પાળેલા કૂતરાને મળવા માટે કોર્ટમાં દાવો દાખલ કર્યો છે. રોટવાઈરલ બ્રીડના કૂતરા 'હેન્રી'ની કસ્ટડી બાબતે વિવાદ ચાલી રહ્યો છે. દિલ્હી હાઈકોર્ટના જસ્ટીસ જસમીત સિંહએ દેહાદ્રયીના વકીલ પર્સીવલ બીલીમોરિયાને પૂછયું હતું કે, શું તેઓ મહુવા મોઈત્રાને પાળેલા કૂતરાને મળવા દેવા તૈયાર છે કે જે હમણા દેહાદ્રયીની કસ્ટડીમાં છે. બીલીમોરિયાએ કોર્ટને કહ્યું હતું કે આવી વ્યવસ્થા સંભવ નથી. આની પાછળ કૂતરાના ભલા માટે નક્કર કારણ છે. મને ધમકાવવાની કોશિષ કરવામાં આવી હતી. મોઈત્રાએ દેહાદ્રયી સામે જિલ્લા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જેમાં કૂતરાની જોઈન્ટ કસ્ટડી માટે થયેલી સમજૂતીને લાગુ કરવાની માંગણી કરવામાં આવી હતી.

# વૃક્ષો વાવવાના આંકડા અને વરસાદ વિનાના ખેતરો આપણી ભૂમિને જોઈએ છે ફોટામાં નહીં જીવંત જંગલ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આ વર્ષે આલનીનોની આંખ મિચકારાને કારણે મેઘરાજા બરાબરના રિસાઈ ખીજાયા હોય તેવું લાગે છે. સુરતમાં ખાડીના પેટાળમાં સિમેન્ટ-કોંક્રિટના જંગલ ઊભા થયા, અને પાણીને વહેવાની જગ્યા જ ન મળી.પરિણામ? મોટાભાગનું સુરત આજે 'સુ'રત ન રહ્યું, 'બદ'સુરત બની ગયું.

બીજી બાજુનું ચિત્ર જુઓ તો કાળજું કપાય.કચ્છની ધરતી હજુ તરસથી તરફડે છે. બનાસકાંઠા, વાવ, થરાદના ખેતરોમાં પાણીની જગ્યાએ તિરાડો વાતો કરે છે. જામનગરના ગામડાના તળાવના કાંઠા ભૂખરા પડી ગયા છે. મોરબીની આસપાસ ધૂળના વંટોળ છે, પણ વાદળનું નામોનિશાન નહીં. ચોમાસું મોડું છે, અને ખેડૂતની આંખમાં ચિંતા ચોમાસાથી પણ પહેલા આવી ગઈ છે.એક બાજુ સૂર્યનારાયણ આગ વરસાવે છે. બીજી બાજુ મેઘરાજા મૂંગા છે. લાગે છે જાણે પ્રકૃતિ પોતે આપણી સામે આક્રોશ ઠાલવી રહી છે.

ફોટાનું જંગલ અને જમીનનું રણ

આવામાં છાપા, ટીવી અને રીલ્સમાં બીજું જ દ્રશ્ય ચાલે છે. 'નેતાના જન્મદિવસે 'આજે બે લાખ વૃક્ષો વાવ્યા'એક જ દિવસે રેકોર્ડ તોડ વૃક્ષારોપણ'

'મંત્રીશ્રીના હસ્તે હરિયાળી ક્રાંતિ'

ફોટામાં જુઓ તો એક નેતા, પચ્ચીસ કાર્યકર, એક છોડ અને પાછળ દસ બેનર. હાથમાં તગારો, મોઢા પર સ્મિત, સામે ડઝન કેમેરા. પ્રેસ નોટ એટલી મોટી કે વાંચીને લાગે આખું જિલ્લો હવે એમેઝોન બની ગયું.પણ જમીન પર જઈને જુઓ તો સવાલોની હારમાળા ઊભી થાય.જે વૃક્ષો રસ્તા માટે, પ્રોજેક્ટ માટે રોજ કપાઈ રહ્યા છે એનો હિસાબ કોણ માંગશે? જે છોડ વાવ્યા એને ઉનાળામાં પાણી કોણ પાશે? અને સૌથી કડવો સવાલ: આપણે ખરેખર વૃક્ષો વાવી રહ્યા છીએ, કે માત્ર આંકડા વાવી રહ્યા છીએ?

આ સવાલનો જવાબ શોધવા આપણે એક જૂની બગીચાની વાર્તામાં જવું પડશે. જ્યારે આખો બગીચો સુકાઈ ગયો.

ઘણા સમય પહેલાની વાત. એક રાજા સવારે બગીચામાં ફરવા નીકળ્યો. રોજ હરિયાળો લહેરાતો બગીચો આજે સૂમસામ હતો. પાંદડા ખરી ગયા હતા. ડાળીઓ નિરાશ થઈને નીચે ઝૂકી ગઈ હતી.

રાજા ગભરાયો. સૌથી મોટા ઓકને પૂછ્યું, 'શું થયું મિત્ર?'

ઓકે નિસાસો નાખ્યો, 'મહારાજ, હું મરી રહ્યો છું. કારણ કે હું દેવદાર જેટલો ઊંચો નથી.'

રાજા દેવદાર પાસે ગયો. દેવદાર પણ માથું ઝુકાવીને ઊભો હતો. 'હું શું કરું? હું દ્રાક્ષના વેલા જેવું મીઠું ફળ નથી આપી શકતો.'

દ્રાક્ષનો વેલો તો જમીન પર જ પડ્યો હતો. 'હું ગુલાબની જેમ ખીલી શકતો નથી, તો જીવીને શું ફાયદો?'

ગુલાબ પણ સુકાઈ ગયું હતું. દરેકને પોતાનામાં કમી દેખાતી હતી. દરેક બીજા સાથે સરખામણી કરીને દુ:ખી હતો.ત્યાં જ રાજાની નજર એક નાના છોડ પર પડી. એ લીલો હતો, તાજો હતો, હવામાં મસ્તીથી ઝૂમતો હતો.

રાજાએ પૂછ્યું, 'બધા રડે છે, તું કેમ હસે છે?'

છોડ હસ્યો અને બોલ્યો,મહારાજ, તમે મને જે દિવસે રોપ્યો એ દિવસે તમને મારી જરૂર હતી. ઓક જોઈતો હોત તો ઓક રોપ્યો હોત. હું મારા જેવો છું એટલે જ ખાસ છું.હું બીજા જેવો બનવાનો ઢોંગ નહીં કરું. હું મારામાં જે શ્રેષ્ઠ છે તે બનીશ. એટલે હું ખુશ છું.'રાજા સમજી ગયો. બગીચો ત્યારે જ બચશે જ્યારે દરેક પોતાનું કામ કરશે.

આપણો ગુજરાત પણ આજે એ જ બગીચો છે.આ વાર્તા ઝાડની નથી,આપણી છે. કચ્છનો ખેડૂત બનાસકાંઠાની નહેર જોઈને કહે, 'ત્યાં સિંચાઈ સારી.'

બનાસકાંઠાનો યુવાન જામનગરના કારખાના જોઈને કહે, 'ત્યાં તક વધારે.'

મોરબીનો કારીગર શહેરના મોલની ચમક જોઈને પોતાની કારીગરીને નાની સમજે.

સરકારી તંત્ર પણ ક્યાંક એવું જ. એક જિલ્લામાં 'એક લાખ વૃક્ષ'નો કાર્યક્રમ થાય એટલે બીજો જિલ્લો તરત 'અમે બે લાખ' બોલે. આંકડાની હોડ, ફોટાની હરિફાઈ, રિપોર્ટની હેલી. પણ છ મહિના પછી એ છોડ જીવે છે કે સુકાઈ ગયા, એ પૂછવાનું કોઈને ફુરસદ નથી.જમીન માતા મૂંગી બધું જુએ છે.તેને ખબર છે કેટલા વૃક્ષ ખરેખર જીવ્યા અને કેટલા માત્ર ફેસબુક પર જ લીલા થયા.

આપણે પણ રોજ એ જ ભૂલ કરીએ છીએ. સોશિયલ મીડિયામાં કોઈની સફળતા જોઈને આપણું જીવન નકામું લાગવા માંડે. પણ આપણે ભૂલી જઈએ કે રાજાએ આપણને પણ કોઈ કારણથી આ દુનિયામાં મોકલ્યા છે. આપણામાં પણ કોઈ એવો ગુણ છે જે ફક્ત આપણામાં જ છે.આંકડા નહીં, આચરણ જોઈએ વૃક્ષારોપણ ખરાબ નથી. પણ વૃક્ષારોપણ એટલે ખાડો ખોદીને ફોટો પાડવાનું નહીં. એનો અર્થ છે: વાવવું, પાણી પાવું, નિંદવું, ત્રણ વર્ષ સુધી બાળકની જેમ સાચવવું.

કચ્છ,બનાસકાંઠા,જામનગર, મોરબી આ ચારે જિલ્લા આજે પણ વરસાદના એક વરસાદ પર જીવે છે. અહીં વરસાદ ન આવે તો પાક જ નહીં જાય, માણસનું મન પણ સુકાઈ જાય.જો ખરેખર હરિયાળું ગુજરાત જોઈતું હોય તો ત્રણ વાત નક્કી કરવી પડશે:

*કાપો તો ત્રણ ગણું વાવો એક વૃક્ષ કપાય તો એની જગ્યાએ ત્રણ વૃક્ષ વાવવાનો કાયદો બનાવો. અને એ ત્રણેય ત્રણ વર્ષ સુધી જીવે એની જવાબદારી કોઈ એક અધિકારીની નક્કી કરો. જવાબદારી વગરનો વિકાસ એટલે કાગળનો વિકાસ.

*પરદેશી શોખ નહીં, દેશી તાકાત

કચ્છની ગરમીમાં ફેન્સી સુશોભનના છોડ નહીં ટકે. ત્યાં બાવળ, લીમડો, વડ, પીપળો, ખીજડો જ ટકશે. જે જમીનમાં જન્મ્યો છે એ જમીનને બચાવશે. બહારથી લાવેલા ફૂલ કરતા પોતાના ખેતરનું ઘાસ વધારે કિંમતી છે.

*લોકોને માલિક બનાવો એક નેતા અને પચ્ચીસ કાર્યકરથી જંગલ નથી ઊગતું. ગામની શાળાનો છોકરો જો પોતાના નામનું એક ઝાડ સાચવે,મહિલા મંડળ જો ગામના તળાવ કિનારે દસ ઝાડ દત્તક લે, ખેડૂત જો વાડમાં ચાર લીમડા વાવે- તો આંકડા નહીં,આખું જંગલ ઊભું થાય.

સરકારી તાયફા વગર પણ આ ગુજરાતમાં હજારો લોકો ચૂપચાપ વૃક્ષ વાવે છે.એક નિવૃત્ત શિક્ષક, એક ગૃહિણી,એક યુવાન.તેમના ફોટા છાપામાં નથી આવતા, પણ તેમના વાવેલા ઝાડની છાંયામાં આખું ગામ બેસે છે.

તમારું વૃક્ષ એટલે તમે બગીચાની વાર્તાનો છોડ આપણને સૌથી મોટો પાઠ આપે છે: સરખામણી છોડો.

તમે ઓક નથી તો શું? તમે દેવદાર નથી તો શું? તમે દ્રાક્ષ નથી, ગુલાબ નથી તો શું? તમે જે છો એ જ આ દુનિયાને જોઈએ છે. કદાચ તમે ખૂબ સારી રીતે સમજાવી શકો છો.કદાચ તમે મહેનતથી કામ કરી શકો છો. કદાચ તમે બે લોકોને સાંભળી શકો છો અને તેમનો બોજ હળવો કરી શકો છો.જ્યારે આપણે ફક્ત ખામીઓ જોઈએ છીએ ત્યારે આપણે અંદરથી સુકાઈ જઈએ છીએ. જેમ બગીચાના ઝાડ સુકાયા હતા. પણ જ્યારે આપણે પોતાના ગુણને ઓળખીએ છીએ,ત્યારે આપણે લીલા થઈએ છીએ

વિશ્વાસ રાખો. તમને તમારી જાત પર ભરોસો હશે તો દુનિયાને પણ થશે. તમે તમારા કામને નાનું નહીં સમજો તો સમાજ પણ તેને નાનું નહીં સમજે.ભૂમિ માતા આજે શું કહે છે

આજે કચ્છની ધરતી તરસી છે, પણ હારી નથી.બનાસકાંઠાનો ખેડૂત હજુ રાતે આકાશ સામે જુએ છે.

જામનગરની બહેનો હજુ વરસાદ માટે દીવા કરે છે.મોરબીનો કારીગર હજુ મશીન ચાલુ કરે છે.

તેમને મોટા ભાષણ નથી જોઈતા. મોટા આંકડા નથી જોઈતા.તેમને જોઈએ છે પાણી. જોઈએ છે છાંયો જોઈએ છે ઈમાનદારી. વૃક્ષારોપણ કરો,પણ દેખાડા માટે નહીં.વૃક્ષ કાપો તો,પણ વાવ્યા વગર નહીં. અને સૌથી અગત્યનું, પોતાની જાત સાથે સરખામણી કરવાનું બંધ કરો.

# અમદાવાદમાં યોજાનાર રથયાત્રા સંદર્ભે વાહન વ્યવહાર અવર-જવર પ્રતિબંધિત/ ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનર શ્રી નું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું

**અમદાવાદ, તા. 11**

અનુપમ સિંહ ગહલૌત, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી તા.૧૬/૭/૨૦૨૬ ના રોજ ૧૪૯ મી નગર રથયાત્રા નિકળનાર છે. આ રથયાત્રાના દર્શનાર્થે આવતા દર્શનાર્થીઓ, એકત્રિત થતી મોટી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ : અમદાવાદ શહેરમાં આગામી તા.૧૬/૭/૨૦૨૬નાં રોજ જગન્નાથ મંદિરની ૧૪૯ મી નગર રથયાત્રા નિકળનાર છે. આ રથયાત્રાના માર્ગ તેમજ રથયાત્રાના માર્ગને જોડતા માર્ગ વાહન વ્યવહાર માટે પ્રતિબંધ રાખવું અનિવાર્ય જણાતું હોવાથી નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

રથયાત્રાનો માર્ગ : જમાલપુર દરવાજા બહારથી જગન્નાથ મંદિરથી સવારે રથયાત્રા નીકળી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ગોળલીમડા, આસ્ટોડીયા ચકલા, મદનગોપાળની હવેલી, રાયપુર ચકલા, ખાડીયા જુની ગેટ, ખાડીયા ચાર રસ્તા, પાંચકુવા, કાલુપુર સર્કલ, કાલુપુર બ્રીજ થઈ સરસપુર જશે. ત્યાર બાદ સરસપુર વિશ્રામ કર્યા પછી રથયાત્રા સરસપુર થી નીકળી કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઓતમપોળ, આર.સી.હાઈસ્કુલ, દિલ્હી ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, ફુવારા, ચાંદલાઓળ, સાંકડી શેરીના નાકે થઈ માણેકચોક શાકમાર્કેટ દાણાપીઠ, ગોળલીમડા, ખમાસા, જમાલપુર ચકલા થી શ્રી જગન્નાથ મંદીર રથયાત્રા પરત આવશે.

વાહનોની અવર-જવર માટે જતો-આવતો પ્રતિબંધિત માર્ગ: ખમાસા ચાર રસ્તા થી જમાલપુર ચારરસ્તા થી જમાલપુર ફુલ બજાર સુધી,

રાયખડ ચાર રસ્તા થી આસ્ટોડીયા દરવાજા સુધી,

આસ્ટોડીયા ચકલા થી કાલુપુર સર્કલ સુધી, સારંગપુર સર્કલ થી કાલુપુર સર્કલ થી કાલુપુર બ્રીજ થી સરસપુર સુધી, કાલુપુર સર્કલ થી પ્રેમદરવાજાથી દરીયાપુર દરવાજાથી દિલ્હી ચકલા સુધી, દિલ્હી ચકલા થી શાહપુર દરવાજા થી શાહપુર ચકલા થી રંગીલા ચોકી થી આર.સી.હાઈસ્કુલ થી ઘી-કાંટા ચાર રસ્તા થી પાનકોર નાકા થી માણેકચોક થી ગોળલીમડા સુધી,

વૈકલ્પિક માર્ગની વિગત: રાયખડ ચાર રસ્તા થી વિકટોરીયા ગાર્ડન થઈ રીવરફ્રન્ટ થઈ ફુલ બજારથી જમાલપુર બ્રીજ થઈ ગીતામંદિર જઈ શકાશે, રાયખડ ચાર રસ્તાથી જમાલપુર ગાયકવાડ હવેલી તરફ જઈ શકાશે, આસ્ટોડીયા ચાર રસ્તા થઈ ગીતામંદિર થઈ જમાલપુર બ્રીજ થઈ સરદારબ્રિજથી પાલડી જઈ શકાશે, કામદાર ચાર રસ્તા થઈ હરીભાઈ ગોદાણી થઈ પોટલીયા ચાર રસ્તા થઈ નિર્મલપુરા ચાર રસ્તા થઈ ચામુંડાબ્રિજ થઈ ચમનપુરા સર્કલ થઈ અસારવા બ્રીજ થઈ ઈદગાહ સર્કલ જઈ શકાશે, ઈન્કમટેક્ષ થઈ ગાંધીબ્રિજ થઈ રાહત સર્કલ થઈ દિલ્હી દરવાજા થઈ ઈદગાહ સર્કલ જઈ શકાશે, દિલ્હી દરવાજા થઈ રાહત સર્કલ થઈ દધિચી સર્કલ થઈ રીવરફ્રન્ટ થઈ લેમન ટી થઈ રુપાલી થઈ વીજળીઘર લાલદરવાજા તરફ જઈ શકાશે.

રથયાત્રા-૨૦૨૬ અનુસંધાને ઉપર્યુક્ત જાહેર કરેલ પ્રતિબંધિત માર્ગ અને વૈકલ્પિક માર્ગ અન્વયે જાહેર જનતાએ નીચે મુજબની વિગતે અવર-જવર કરવા ફરજ પરની પોલીસના આદેશોનું પાલન કરવાનું રહેશે : જમાલપુર પોલીસ ચોકીથી ખમાસા ચોકી તરફ જતો અને આવતો ટ્રાફિક સવારના કલાક ૦૫.૦૦ થી બંધ કરવામાં આવશે અને વૈકલ્પિક માર્ગ તરીકે મ્યુનિસિપલ હેલ્થ સ્ટાફ કવાટર્સ (શ્રી અશોક ભટ્ટ બ્રીજ પશ્ચિમ છેડા તરફ) થઈ ખાનજા દરવાજા થઈ ગાયકવાડ હવેલી થઈ રાયખડ તરફ જઈ શકશે, રાયખડ ચાર રસ્તા થી ખમાસા ચોકી તરફનો ટ્રાફિક જયશંકર સુંદરી હોલ થઈ ગાયકવાડ હવેલી થઈ ખાનજા દરવાજા થઈ ફુલબજાર તરફ તથા રાયખડ ચાર રસ્તા થઈ વિકટોરીયા ગાર્ડન થઈ જીલ્લા પંચાયત થઈ વિજળીઘર તરફ જઈ શકશે, આસ્ટોડીયા દરવાજા થી ટ્રાફિક ખમાસા તરફનો ટ્રાફીક ગીતામંદિર એસ.ટી.સર્કલ તથા રાયપુર દરવાજા તરફ જઈ શકશે, દાણાપીઠ ચાર રસ્તા થી ગોળલીમડા સર્કલ તરફ જતો ટ્રાફીક શાકમાર્કેટ તરફ ડાયવર્ટ કરવામાં આવશે તથા ઢાલગરવાડ તથા માણેકચોક તરફ જવા દેવામાં આવશે નહી, સારંગપુર ચકલા થી ટ્રાફિક ખાડીયા તરફ જવા દેવામાં આવશે નહી તથા રાયપુર દરવાજા તરફનું ટ્રાફિક ખાડીયા ચાર રસ્તા તરફ આવશે નહી, પાંચકુવા દરવાજાથી ટ્રાફિક ખાડીયા તરફ જવા ન દેતા સારંગપુર સર્કલ તરફ ડાયવર્ટ કરવામાં આવશે, કાલુપુર બહાર તરફથી કાલુપુર બ્રિજ તરફ તથા અમદુપુરા તરફથી કાલુપુર બ્રિજ તરફ આવતો ટ્રાફિક જવા દેવામા આવશે નહી, અમદુપુરા ત્રણ રસ્તાથી નરોડા તરફથી આવતો ટ્રાફિક કાલુપુર બ્રિજ તરફ જવા નહી દેતા બ્રિજ નીચે થઈ ચમનપુરા સર્કલ થઈ અસારવા બ્રિજ થઈ ઈદગાહ તરફ ડાયવર્ટ કરવામાં આવશે તથા નિર્મલપુરા ચાર રસ્તા થઈ પોટલીયા ચાર રસ્તા થઈ રખિયાલ ચાર રસ્તા તરફ ડાયવર્ટ કરવામા આવશે, નિર્મલપુરા ચાર રસ્તા પાસે વોરાના રોજા તરફથી આવતો ટ્રાફિક અનીલ સ્ટાર્ચ થઈ મેમ્કો તેમજ બાપુનગર તરફ ડાયવર્ટ કરવામાં આવશે, પોટલીયા ચાર રસ્તા પાસે નિર્મલપુરા ચાર રસ્તા બાપુનગરથી આવતો ટ્રાફિક શારદાબેન હોસ્પીટલ તરફ જવા ન દેતા ચામુંડાબ્રિજ તરફ ડાયવર્ટ કરવામાં આવશે, રખીયાલ ચાર રસ્તા અને હરીભાઈ ગોદાણીના દવાખાના પાસેથી ટ્રાફિકને સરસપુર ચાર રસ્તા તરફ તેમજ જાલમપુરીની ચાલી તરફ જવા નહી દેતા રાયપુર મીલ થઈ પટેલ મીલ ટી તરફ ડાયવર્ટ કરવામાં આવશે, પ્રેમ દરવાજા પાસે ઈદગાહ સર્કલ તરફથી આવતો ટ્રાફિક દિલ્હી દરવાજા તરફ અને દિલ્હી દરવાજા બાજુ થી આવતો ટ્રાફિક ઈદગાહ સર્કલ થઈ અસારવા બ્રિજ થઈ ચમનપુરા સર્કલ થઈ ચામુંડાબ્રિજ થઈ નિર્મલપુરા ચાર રસ્તા થઈ પોટલીયા ચાર રસ્તા થઈ રખિયાલ તરફ ડાયવર્ટ કરવામાં આવશે.

## અમદાવાદમાં હથિયારબંધી સંદર્ભે શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**અમદાવાદ, તા. 11**

અમદાવાદ શહેર ખાતે તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ ભવ્ય રથયાત્રાનુ આયોજન થનાર છે. શહેરના અમુક વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુપ્તી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપવાની શક્યતા રહેલી છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે, તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતા અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા તથા જાહેર જગ્યામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

આથી હું અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નીચે જણાવેલ પોલીસ સ્ટેશનોના વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૪/૦૭/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો: (ક) શસ્ત્રો,તલવાર, ભાલા, બંદૂક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની. (ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

## અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત વાહન-વ્યવહાર અવર-જવર પ્રતિબંધિત/ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**ગાંધીનગર, તા. 11**

અનુપમ સિંહ ગહલૌત, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

હુકમ : અમદાવાદ શહેરમાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત આર.ટી.ઓ. સર્કલથી કેશવનગર થઈ સેન્ટ્રલ જેલ પોલીસ લાઈન થઈ જે.પી.ની ચાલી થઈ UGVCL સાબરમતી કચેરીથી ચિમનભાઈ બ્રિજના ઉત્તર છેડે થઈ ચાંદખેડા તરફ જતા રોડ ઉપર પીલ્લર બનાવવાનું કામ શરુ થનાર છે. જેમાં ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર પસાર થઈ શકે તેટલી આશરે ૩-મીટર જેટલી જગ્યા રાખી તે સિવાયનો તમામ રોડ પતરાથી બેરીકેડીંગ કરી કરવો જરૂરી હોય બાંધકામ કરનાર એજન્સી દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.,આંબાવાડી, અમદાવાદ નાઓની રજુઆત મુજબ રસ્તો બંધ કરવામાં આવે તો રોજીંદા ટ્રાફિકને વાંધા સરખુ ન હોય જેથી નીચે મુજબની રીતે વાહન વ્યવહાર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત: અમદાવાદ શહેરમાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત આર.ટી.ઓ. સર્કલથી કેશવનગર થઈ સેન્ટ્રલ જેલ પોલીસ લાઈન થઈ જે.પી.ની ચાલી થઈ UGVCL સાબરમતી કચેરીથી ચિમનભાઈ બ્રિજના ઉત્તર છેડે થઈ ચાંદખેડા તરફ જતો રોડ તમામ પ્રકારના વાહન ચાલકો માટે બંધ રહેશે. જેમાં જરૂરીયાત મુજબ સ્થાનિક રહીશો માટે ફક્ત ટુ-વ્હીલર લઈ જવા માટે રસ્તો ખુલ્લો રાખવામાં આવનાર છે.

વૈકલ્પિક માર્ગની વિગત: આર.ટી.ઓ. સર્કલ થઈ ચિમનભાઈ પટેલ બ્રિજ થઈ સાબરમતી તથા ચાંદખેડા તરફ અવર-જવર કરી શકાશે. તેમજ ઉપર્યુક્ત ડાયવર્ઝનવાળો સમગ્ર રૂટ 'નો-પાર્કિંગ ઝોન' રહેશે.

અપવાદ : ફરજમાં રોકાયેલા સરકારી વાહનો,ફાયર બ્રિગેડ,એમ્બ્યુલન્સના વાહનો તથા આકસ્મિક સંજોગોમાં વાહન સાથે જનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

જાહેરનામાની અમલવારીની વિગત: આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૦/૭/૨૦૨૬ થી તા.૩૧/૧/૨૦૨૭ સુધી કરવાનો રહેશે.

## ઈન્દ્રિયા, આદિત્ય બિરલા જ્વેલરીએ ઊંચા ચળકાટવાળા ડાયમંડ સાથે ઉદ્યોગમાં નવા ધોરણો સ્થાપિત કર્યા


**(એજન્સી) અમદાવાદ, તા. 11**

આદિત્ય બિરલા જ્વેલરીની ઈન્દ્રિયાએ નેચરલ ડાયમંડ (હીરા) પસંદગીમાં ઉદ્યોગમાં સૌપ્રથમ માપદંડ સ્થાપિત કર્યો છે - જેના લીધે ડાયમંડ ધરાવવાના અનુભવમાં ભારે આનંદ અને વિશ્વાસ લાવે છે. ડાયમંડની ગુણવત્તામાં અપવાદરૂપ ચળકાટ અત્યંત દ્રશ્યમાન હાવભાવ છે તેવી માન્યતા ધરાવતો આ અભિગમ બ્રાડના વર્ગમાં શ્રષ્ઠ પસંદગી ધોરણો પર મદાર રાખે છે. પરંપરાગત ગ્રેડીંગ ધોરણોથી પર ઈન્દ્રિયાનો ડાયમંડ કટ અને પસંદગી પ્રત્યેનો અભિગમ, કેટલી અસરકારક રીતે ડાયમંડ પ્રતિબિંબ પાડે છે, રીફ્લેક્ટ કરે છે અને પ્રકાશને પરત કરે છે જેથી શ્રેષ્ઠ તેજ, અગ્નિ અને ચમક પૂરી પાડી શકાય. 5 માંથી ફક્ત 1 કુદરતી હીરા આ કઠોર ધોરણોને પૂર્ણ કરે છે. આ કેટેગરી માટે આ પરિવર્તન અગત્યની ક્ષણે આવ્યું છે. ભારત વૈશ્વિક ડાયમંડ ઉદ્યોગના કેન્દ્રમાં બેઠુ છે, જેમાં સુરત અને મુંબઈ જેવા પ્રદેશોમાં વિશ્વમાં 90%થી વધુના ડાયમંડનું કટીંગ થાય છે. ઊંડી કુશળતા હોવા છતાં પણ ડાયમંડ ઝવેરાતનો વપરાશ15%થી નીચે રહ્યો છે. ઈષ્ટતમ પ્રમાણ અને ચડીયાતા લાઈટ રિટર્ન સાથે ડાયમંડ્ઝને અગ્રિમતા આપવા છતાં ઈન્દ્રિયા અત્યંત તેજસ્વી ચળકાટ ધરાવતા ડાયમંડ્ઝને દેશમાં લાવવામાં મોખરે હોવા છતાં પણ ભારતીય ઉપભોક્તાઓ દ્વારા પરંપરાગત 4Cથી પર કેવી રીતે મુલ્યાંકન કરવામાં આવે છે અને ડાયમંડની પસંદગી કરવામાં આવે છે તેને પુન:આકાર આપવાનો હેતુ ધરાવે છે.

મહેસાણા, નડિયાદ, આણંદ, નવસારી, વાપી, મોરબી, ગાંધીધામ અને સુરેન્દ્રનગર તથા પોરબંદર મહાનગરપાલિકાને મળશે લાભ

## રાજ્યની નવી રચાયેલી 9 મહાનગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ઐતિહાસિક નિર્ણય

**ગાંધીનગર, તા. 11**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓને મજબૂત બનાવીને નાગરિકોને ઝડપી અને ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા એક મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓને આવા લાભ આપવાના અગાઉ કરેલા નિર્ણયમાં હવે આ નવી 9 મહાનગરપાલિકાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર રાજ્યની વાપી, મહેસાણા, પોરબંદર, મોરબી, ગાંધીધામ, નડિયાદ, આણંદ, નવસારી અને સુરેન્દ્રનગર એમ નવી રચાયેલી કુલ 9 મહાનગરપાલિકાઓને આગામી પાંચ વર્ષ સુધી જાહેર હિતની વિવિધ 11 જેટલી આવશ્યક નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે જરૂરી સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે. આ મહાનગરપાલિકાઓ અગાઉની "અ"વર્ગની નગરપાલિકાઓમાંથી નવી મહાનગરપાલિકા બનેલી છે અને તેનો હાલ ટ્રાન્ઝિશન ફેઈઝ ચાલે છે. એટલું જ નહીં, નવી મહાનગરપાલિકાઓની હદમાં પણ મોટો વિસ્તાર ઉમેરાયો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ નવી મહાનગરપાલિકાઓમાં સર્વાંગી વિકાસ કામો ઝડપથી થઈ શકે તે હેતુસર જિલ્લા કક્ષાએ જમીન ફાળવણીની પ્રક્રિયા વધુ સરળ બનાવવાનો અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવી મહાનગરપાલિકાઓને નાગરિક સુખાકારી માટે જે 11 મહત્વના જાહેર પ્રોજેક્ટ્સ માટે વિનામૂલ્યે જમીન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે તેમાં નગર સેવા સદન (કચેરી મકાન), ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP), વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP), ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પંપિંગ સ્ટેશન, વૉટર સપ્લાય પ્રોજેક્ટ (પાણી પુરવઠાના કામો), સૉલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, સ્ટોર્મ વૉટર ડ્રેનેજની કામગીરી (વરસાદી પાણીના નિકાલ માટે), બાલવાડી (આંગણવાડી) તેમજ ટાઉન હૉલ, કોમ્યુનિટી હૉલ અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીના આ દુરોગામી નિર્ણયને પરિણામે નવી મહાનગરપાલિકાઓના વિસ્તારોમાં ફાયર સ્ટેશન, એસ.ટી.પી., સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને જાહેર બાગ બગીચા જેવી બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝનું ત્વરાએ નિર્માણ થઈ શકશે તથા શહેરી વિકાસ કામોમાં પણ નવી ગતિ આવશે.

**અંતિમ સંરક્ષા મંજૂરી મળ્યા બાદ ટૂંક સમયમાં મુસાફર ટ્રેન સેવા શરૂ**

# બહુચરાજી માતાજીના ભક્તો માટે મોટી ખુશખબર : કટોસણ રોડ-બહુચરાજી-રણુજ રેલખંડ પર પ્રથમ વખત 120 કિમી પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ

### કટોસણ રોડ-બહુચરાજી-રણુજ (63 કિમી) ગેજ પરિવર્તન પરિયોજનાને વર્ષ 2017માં મંજૂરી આપવામાં આવી હતી

**અમદાવાદ રેલ્વે, તા. 11**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કટોસણ રોડ-બહુચરાજી-રણુજ (63 કિલોમીટર) બ્રોડગેજ રેલખંડનું રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) દ્વારા 09 થી 11 જુલાઈ, 2026 સુધી સફળતાપૂર્વક સંરક્ષા નિરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓના પ્રારંભ તરફનું એક મહત્વપૂર્ણ અને અંતિમ તકનીકી પગલું છે.






ત્રણ દિવસીય નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષા આયુક્તે મોટર ટ્રોલી દ્વારા સમગ્ર રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કર્યું. 11 જુલાઈ, 2026ના રોજ આ રેલખંડ પર 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ કરવામાં આવી, જેમાં રેલખંડ પર સુરક્ષિત મહત્તમ ગતિની પણ ચકાસણી કરવામાં આવી.

નિરીક્ષણ દરમિયાન ટ્રેકની ગુણવત્તા, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, પુલો, ઓવરહેડ ઇલેક્ટ્રિફિકેશન (OHE) સિસ્ટમ, ઈન્ટરલોકિંગ, ટ્રેક ફિટિંગ્સ, બેલાસ્ટ, OHEની ઊંચાઈ તેમજ અન્ય તમામ સંરક્ષા ધોરણોની વિગતવાર તપાસ કરવામાં આવી. અંતિમ સંરક્ષા મંજૂરી મળ્યા બાદ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓનું સંચાલન શરૂ કરવામાં આવશે.

આ નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ, અમદાવાદ મંડળના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા, ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (જી-રાઈડ)ના ડિરેક્ટર શ્રી રાજકુમાર, જી-રાઈડના જનરલ મેનેજર (સિવિલ) શ્રી શિવેન્દ્ર કુમાર, મુખ્ય ટ્રેક એન્જિનિયર, મુખ્ય પરિચાલન પ્રબંધક (જી) સહિત નિર્માણ અને ઓપન લાઈન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

પરિયોજનાની મુખ્ય વિશેષતાઓ

કટોસણ રોડ-બહુચરાજી-રણુજ (63 કિમી) ગેજ પરિવર્તન પરિયોજનાને વર્ષ 2017માં મંજૂરી આપવામાં આવી હતી. અંદાજે 1,000 કરોડના ખર્ચે વિકસિત આ પરિયોજનાનું નિર્માણ ભારતીય રેલવે અને ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (G-RIDE)ના સંયુક્ત ઉપક્રમ હેઠળ કરવામાં આવ્યું છે. આ રેલખંડ પર 14 રેલવે સ્ટેશન, 9 મોટા પુલ, 100 નાના પુલ, 47 રોડ અંડર બ્રિજ/ લિમિટેડ હાઈટ સબ-વે (RUB/ LHS) તેમજ 16 વળાંકો (કર્વ) વિકસાવવામાં આવ્યા છે.

બહુચરાજી સ્ટેશનનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ

આ રેલખંડનું મુખ્ય સ્ટેશન બહુચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે, જેને વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજીના મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતાજીનું મંદિર ગુજરાતના અગ્રણી શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલવે (GBR)નો વિસ્તાર બહુચરાજી સુધી કરાવ્યો હતો.

વિસ્તારને મળશે આધુનિક રેલ સંપર્ક

લાંબા સમય સુધી બહુચરાજી વિસ્તાર રેલ સંપર્કથી વંચિત રહ્યો હતો, જેના કારણે શ્રદ્ધાળુઓ, સ્થાનિક નાગરિકો તેમજ ઔદ્યોગિક એકમોને મુખ્યત્વે માર્ગ પરિવહન પર નિર્ભર રહેવું પડતું હતું. આ પરિયોજના પૂર્ણ થતાં હવે આ વિસ્તાર આધુનિક રેલવે નેટવર્ક સાથે જોડાવાનો માર્ગ મોકળો થયો છે, જેના પરિણામે ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ તેમજ પ્રાદેશિક પરિવહન વ્યવસ્થાને નવી ગતિ મળશે.

ત્રણ દિવસીય સંરક્ષા નિરીક્ષણ

સંરક્ષા નિરીક્ષણના પ્રથમ દિવસે કટોસણ રોડથી બહુચરાજી, બીજા દિવસે બહુચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુજ સુધીના રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું. તમામ જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ અને અંતિમ સંરક્ષા મંજૂરી મળ્યા પછી આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.

પ્રાદેશિક વિકાસને મળશે નવી દિશા

આ રેલખંડ શરૂ થતાં મહેસાણા અને પાટણ જિલ્લાના બહુચરાજી, ખાંભેલ અને ચાણસ્મા જેવા મુખ્ય કેન્દ્રો વધુ સારા રેલ સંપર્ક સાથે જોડાઈ જશે. તેના પરિણામે સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો, વેપારીઓ તેમજ ઉદ્યોગોને સુરક્ષિત, કિફાયતી અને સુવિધાજનક પરિવહનની સુવિધા મળશે. સાથે જ વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજીના મંદિરે દર્શન માટે આવતા લાખો શ્રદ્ધાળુઓની યાત્રા વધુ સરળ અને સુગમ બનશે. આ રેલ પરિયોજના વિસ્તારમાં રોજગાર સર્જન, પર્યટન, વેપાર અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપશે. સાથે જ પર્યાવરણને અનુકૂળ, સુરક્ષિત અને ટકાઉ રેલ પરિવહનને પ્રોત્સાહન આપતાં પ્રાદેશિક આર્થિક અને સામાજિક વિકાસને નવી દિશા પ્રદાન કરશે.

# સર્વેશ કુશારે ડાયમંડ લીગમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય હાઈ જમ્પર, આયર્લૅન્ડ સામે હેલી મેથ્યુઝે નોટઆઉટ 159 રન બનાવ્યા

**નવી દિલ્હી, તા.11**

મહારાષ્ટ્રના 31 વર્ષીય હાઈ જમ્પર સર્વેશ કુશારેએ ડાયમંડ લીગમાં ઈતિહાસ રચતા મોનાકો મીટમાં ત્રીજું સ્થાન મેળવ્યું. તે ડાયમંડ લીગમાં પોડિયમ પર પહોંચનાર પ્રથમ ભારતીય હાઈ જમ્પર અને ઓવરઓલ ચોથો ભારતીય એથ્લેટ બન્યો છે. આ પહેલા નીરજ ચોપરા, વિકાસ ગૌડા અને મુરલી શ્રીશંકર જ આ સિદ્ધિ હાંસલ કરી ચૂક્યા છે.



સર્વેશે 2.26 મીટરની છલાંગ લગાવીને ટોકિયો ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ મુતઝ એસા બારશિમ, ઈટાલીના જિયાનમાર્કો તાંબેરી અને અમેરિકાના જૂવોન હેરિસન જેવા દિગ્ગજોને પાછળ છોડ્યા. યુક્રેનના ઓલેહ ડોરોશચુક (2.32 મીટર)એ ગોલ્ડ અને બ્રિટનના જેક કિમની (2.30 મીટર)એ સિલ્વર જીત્યો.

નાસિકના એક ડુંગળીના ખેડૂતના પુત્ર સર્વેશે બાળપણમાં ખેતરના કચરા અને કપાસમાંથી બનેલા કામચલાઉ ગાદલા પર અભ્યાસ શરૂ કર્યો હતો. બે અઠવાડિયા પહેલા જ તેણે ભુવનેશ્વરમાં 2.31 મીટરની છલાંગ લગાવીને નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો. આ પ્રદર્શન પછી તે વર્તમાન સીઝનમાં એશિયાના નંબર-1 હાઈ જમ્પર અને વિશ્વનો સંયુક્ત ચોથો શ્રેષ્ઠ જમ્પર બન્યો છે. આયર્લેન્ડના બ્રેડીમાં આઈરિશ ટીમ અને વેસ્ટ ઈન્ડીઝ મહિલા ટીમ વચ્ચે રમાયેલા વન-ડેમાં વેસ્ટ ઈન્ડીઝે તેના ઈતિહાસનો સૌથી મોટો સફળ રન ચેઝ કર્યો. ટીમે 270 રનનો ટાર્ગેટ માત્ર એક વિકેટ ગુમાવીને 35.4 ઓવરમાં ચેઝ કરી લીધો. આ જીત દરમિયાન કેપ્ટન હેલી મેથ્યુઝ (159*) અને રીઆના ગ્રિમન્ડ (91)એ પ્રથમ વિકેટ માટે 258 રનની ભાગીદારી કરી, જે વેસ્ટ ઈન્ડીઝ મહિલા ક્રિકેટના ઈતિહાસમાં કોઈપણ વિકેટની સૌથી મોટી ભાગીદારી છે.

આ પહેલા આઈરિશ ટીમે 50 ઓવરમાં 269 રન બનાવ્યા હતા. એમી હન્ટરે 96 રન બનાવ્યા, જ્યારે વેસ્ટ ઈન્ડીઝ તરફથી એફી ફ્લેચરે 4 અને હેલી મેથ્યુઝે 3 વિકેટ લીધી. જવાબમાં મેથ્યુઝે પહેલા બોલથી 3 વિકેટ લીધી અને પછી બેટથી અણનમ 159 રન બનાવીને ટીમને રેકોર્ડ જીત અપાવી. મેજર લીગ ક્રિકેટ (MLC) 2026માં MI ન્યૂયોર્કે સીએટલ ઓર્કાસને 17 રનથી હરાવીને પ્લેઓફની રેસમાં મજબૂત લીડ બનાવી. ટીમના હવે 9 મેચમાં 10 પોઈન્ટ્સ થઈ ગયા છે અને તે સારા નેટ રન રેટના આધારે સાન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ પછી બીજા સ્થાને પહોંચી ગઈ છે.

ટૉસ હારતા પ્રથમ બેટિંગ કરતા ન્યૂયોર્કે 12 ઓવરમાં 73 રન પર 5 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ તજિન્દર સિંહ અને કેપ્ટન કિરોન પોલાર્ડે છઠ્ઠી વિકેટ માટે 41 બોલમાં 80 રન જોડ્યા. પોલાર્ડે 54 રન બનાવ્યા, જ્યારે તજિન્દરે 27 બોલમાં અણનમ 66 રનની ઈનિંગ રમી. છેલ્લી ઓવરમાં તેમણે 20 રન બનાવીને ટીમનો સ્કોર 8 વિકેટે 179 રન સુધી પહોંચાડ્યો. સિયેટલના કેપ્ટન માર્કસ સ્ટોઈનિસે 5 વિકેટ લીધી.

# લોર્ડ્સ વુમન્સ ટેસ્ટ : ભારત 285 રન પર ઓલઆઉટ : પહેલી ઈનિંગ્સમાં મંધાના, હરમન અને દીપ્તિ શર્માની ફિફ્ટી

**નવી દિલ્હી, તા.11**

લોર્ડ્સમાં રમાઈ રહેલી પ્રથમ મહિલા ટેસ્ટમાં ભારતની પહેલી ઈનિંગ્સ 285 રનમાં સમેટાઈ ગઈ. પ્રથમ દિવસે ઓપનર સ્મૃતિ મંધાના, કેપ્ટન હરમનપ્રીત કૌર અને દીપ્તિ શર્માએ ફિફ્ટી ફટકારી. ઈંગ્લેન્ડ માટે સ્પિનર સોફી એક્લેસ્ટને સૌથી વધુ 3 વિકેટ લીધી. જવાબમાં ઈંગ્લેન્ડે દિવસના અંતે 1 વિકેટ ગુમાવીને 21 રન બનાવ્યા છે. પોતાની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી રહેલી ટેમી બ્યુમોન્ટ માત્ર 2 રન બનાવીને ક્રાંતિ ગૌડની બોલ પર LBW આઉટ થઈ. માયા બાઉશિયર 17 રન અને હીધર નાઈટ 1 રન બનાવીને રમી રહી છે. ભારતે શરૂઆતી ઝટકાઓ પછી ઈનિંગ્સ સંભાળી ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલા ભારતની શરૂઆત ખરાબ રહી. શેફાલી વર્મા બીજી ઓવરમાં ખાતું ખોલ્યા વિના લોરેન ફિલરની બોલ પર આઉટ થઈ. ત્યારબાદ યાસ્તિકા ભાટિયા પણ 12 રન બનાવીને લોરેન બેલની બોલ પર બોલ્ડ થઈ ગઈ. 37 રન



પર બે વિકેટ પડ્યા પછી સ્મૃતિ મંધાના અને જેમિમા રોડ્રિગ્સે ત્રીજી વિકેટ માટે 64 રન જોડીને ઈનિંગ્સને સંભાળી. જેમિમા 38 બોલમાં 35 રન બનાવીને ઈઝી વોંગની બોલ પર બોલ્ડ થઈ. 29 વર્ષીય સ્મૃતિ મંધાનાએ તેની કારકિર્દીની 300મી આંતરરાષ્ટ્રીય મેચ રમી. તે આ સિદ્ધિ હાંસલ કરનાર ભારતની ત્રીજી અને વિશ્વની 12મી મહિલા ક્રિકેટર બની. આ સાથે, તે સૌથી ઓછી ઉંમરે 300 આંતરરાષ્ટ્રીય મેચ રમનારી મહિલા ખેલાડી પણ બની. તેણે લંચ સુધીમાં 56 રન બનાવ્યા, જેમાં 9 ચોગ્ગા અને 1 છગ્ગાનો સમાવેશ થાય છે. આ લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડના 142 વર્ષના ઈતિહાસનો પહેલી મહિલા ટેસ્ટ મેચ છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આ 16મી મહિલા ટેસ્ટ છે. આ પહેલા બંને ટીમ વચ્ચે 15 ટેસ્ટમાં ભારતે 3 અને ઈંગ્લેન્ડે 1 મેચ જીતી હતી, જ્યારે 11 મેચ ડ્રો રહી હતી. ઈંગ્લેન્ડની ઓપનર ટેમી બ્યુમોન્ટની આ છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ છે. 35 વર્ષીય બ્યુમોન્ટ 17 વર્ષની કારકિર્દી પછી નિવૃત્તિ લઈ રહી છે. તેણે 260 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને ઈંગ્લેન્ડ માટે મહિલા વન-ડેમાં સૌથી વધુ 12 સદી ફટકારી છે.

બન્ને ટીમની પ્લેઈંગ-11

ભારત: સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, યાસ્તિકા ભાટિયા, હરમનપ્રીત કૌર (કેપ્ટન), જેમિમાહ રોડ્રિગ્સ, રિચા ઘોષ (વિકેટકીપર), દીપ્તિ શર્મા, સ્નેહ રાણા, સયાલી સતઘરે, શ્રી ચરણી, ક્રાંતિ ગૌડ.

ઈંગ્લેન્ડ: ટેમી બ્યુમોન્ટ, માયા બાઉશિયર, હીથર નાઈટ, નેટ સિવર-બ્રન્ટ (કેપ્ટન), એલિસ કેપ્સી, એમી જોન્સ (વિકેટકીપર), મેડી વિલિયર્સ, સોફી એક્લેસ્ટોન, ઈઝી વોંગ, લૌરેન બેલ, લૌરેન ફિલર.

# શું અય્યર-ગંભીરની એકસાથે હકાલપટ્ટી થશે? : સતત બે સિરીઝમાં હાર્યા પછી BCCI પરફોર્મન્સ રિવ્યૂ કરશે

**નવી દિલ્હી, તા.11**

ઈંગ્લેન્ડ સામે T20 સિરીઝ હાર્યા બાદ BCCI ભારતીય ટીમની કામગીરીની સમીક્ષા કરવા જઈ રહ્યું છે. હેડ કોચ ગૌતમ ગંભીરની ભૂમિકા અને ટીમની રણનીતિ પણ સમીક્ષાનો ભાગ હશે. શ્રેયસ અય્યરની કેપ્ટનશીપ પણ રિવ્યૂ કરાશે. આ દાવો ન્યૂઝ એજન્સી ANIએ સૂત્રોને ટાંકીને કર્યો છે.

રિપોર્ટ અનુસાર, આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે સતત ખરાબ પ્રદર્શન બાદ બોર્ડ એ સમજવા માગે છે કે રણનીતિ અને ટીમ પસંદગીના સ્તરે ક્યાં ખામી રહી. હાલમાં ગંભીર અને અય્યર પર કોઈ નિર્ણય લેવાયો નથી, પરંતુ તેમની કામગીરીની સમીક્ષા નિશ્ચિત માનવામાં આવી રહી છે.

ગંભીરનો કરાર 2027 સુધીનો છે. અય્યરને તાજેતરમાં જ કેપ્ટન બનાવ્યો છે. ઈન્ડિયન ટીમને



આયર્લેન્ડ પ્રવાસમાં 0-2થી ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે, ટીમ ઈંગ્લેન્ડ સામે 5 મેચની T20 સિરીઝમાં 0-3થી પાછળ છે. એક મેચનું કોઈ પરિણામ આવ્યું ન હતું. એક દિવસ પહેલા ટીમ સિરીઝની ચોથી મેચમાં 9 વિકેટે હારી ગઈ હતી. 12 વર્ષ પછી ઈંગ્લેન્ડે ભારતને હરાવ્યું 2014 પછી પહેલીવાર ઈંગ્લેન્ડે ભારતને T20 સિરીઝમાં હરાવ્યું. બંને ટીમ વચ્ચે અત્યાર સુધીમાં 10 સિરીઝ રમાઈ, જેમાંથી ભારતે 5 અને ઈંગ્લેન્ડે 4 જીતી. એક સિરીઝ ડ્રો રહી હતી. BCCIએ તાજેતરમાં T20 વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવની જગ્યાએ શ્રેયસ અય્યરને કેપ્ટનશીપ સોંપી હતી. જોકે, આ નિર્ણય અત્યાર સુધી ટીમની તરફેણમાં ગયો નથી. ભારત સતત બીજી T20 સિરીઝ હારી ચૂક્યું છે. ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા ટીમને આયર્લેન્ડ સામે 2-0થી સિરીઝ ગુમાવવી પડી હતી, જે ભારતની આયર્લેન્ડ સામેની પ્રથમ T20 સિરીઝ હાર હતી. ઈંગ્લેન્ડ સામેની ચોથી T20Iમાં ભારતે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટે 158 રન બનાવ્યા. કેપ્ટન અય્યરે 49 બોલમાં અણનમ 80 રન બનાવ્યા, પરંતુ બાકીના બેટર્સ મોટો ફાળો આપી શક્યા નહીં. જવાબમાં ઈંગ્લેન્ડે 159 રનનો ટાર્ગેટ 13.5 ઓવરમાં માત્ર એક વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. ઈંગ્લેન્ડે પહેલીવાર ભારત સામે બે કે તેથી વધુ મેચની બાઈલેટરલ T20 સિરીઝ જીતી.

# સચિન-અંજલિ સાથે શુટ-બુટમાં દેખાયો શુભમન ગિલ, ફેન્સે લીધી મજા

**નવી દિલ્હી, તા.11**

ભારતીય ક્રિકેટ ટીમના ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગિલ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે, જ્યાં તે મેદાન પર તો રન બનાવી જ રહ્યો છે, પરંતુ મેદાનની બહાર પણ ગ્લોબલ ગેમમાં પણ હેડલાઈન્સ મેળવી રહ્યો છે. તાજેતરમાં શુભમન ગિલને ટેનિસની સૌથી ફેમસ ટૂર્નામેન્ટ વિમ્બલ્ડન જોવા માટે 'રોયલ બોક્સ'માંથી ખાસ આમંત્રણ મળ્યું હતું. આ મેચ દરમિયાન ગિલ ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકર અને તેમના પત્ની અંજલિ તેંડુલકર સાથે બેઠેલો જોવા મળ્યો હતો, જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગઈ છે. વિમ્બલ્ડનના સેન્ટર કોર્ટ પર મેન્સ સિંગલ્સની સેમિફાઇનલ મેચ જોવા માટે શુભમન ગિલ અત્યંત સ્ટાઈલિશ લુકમાં પહોંચ્યો હતો. તેણે લાઈટ



બ્રાઉન બ્લેઝર, બ્લુ શર્ટ, ટાઈ અને બ્લેક ગોગલ્સ પહેર્યા હતા. જ્યારે સચિન તેંડુલકર નેવી બ્લુ સૂટમાં અને અંજલિ તેંડુલકર ઓલિવ ગ્રીન ડ્રેસમાં સજ્જ હતા. આ ત્રણેય દિગ્ગજો જ્યારે રોયલ બોક્સમાં સાથે બેસીને ટેનિસની મજા માણી. શુભમન અને સચિનની દીકરી સારા તેંડુલકરના અફેરની ચર્ચાઓ અવારનવાર સોશિયલ મીડિયા પર થતી રહે છે. તેવામાં સચિન અને અંજલિ સાથે શુભમનની આ તસવીર સામે આવતા જ ફેન્સે સોશિયલ મીડિયાના કમેન્ટ સેક્શનમાં મજા લેવાનું શરૂ કરી દીધું હતું. ઘણા યુઝર્સે લખ્યું- 'રિશ્તા પક્કા સમજે?' તો વળી કેટલાકે કોમેન્ટ કરી, "સસુર-દામાદ કી જોડી." જોકે, સારા અને શુભમને ક્યારેય પોતાના સંબંધો વિશે જાહેરમાં ખુલીને વાત કરી નથી. વિમ્બલ્ડનના રોયલ બોક્સમાં આમંત્રિત થવું એ દુનિયાના વિશિષ્ટ મહેમાનો, રાજનેતાઓ અને રમત જગતના મહાનુભાવો માટે બહુ મોટું સન્માન માનવામાં આવે છે. આ રોયલ ઈન્વિટેશન મેળવવાની સાથે જ શુભમન ગિલ ભારતના એવા ઓછા ક્રિકેટ કેપ્ટનોની યાદીમાં સામેલ થઈ ગયો છે. ગિલ વિમ્બલ્ડનના રોયલ બોક્સમાં આમંત્રિત થનારો ભારતનો ચોથો ક્રિકેટ કેપ્ટન બન્યો છે. આ અગાઉ માત્ર સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને રોહિત શર્માને જ આ રોયલ બોક્સનું આમંત્રણ મળ્યું છે. આ લિસ્ટમાં જોડાતાની સાથે જ ગિલે 26 વર્ષની નાની ઉંમરે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

# જાહ્નવી કપૂરે મહેંદીમાં બોયફ્રેન્ડનું નામ લખાવ્યું : શિખર પહાડિયાના નિકનેમ 'શિખુ'એ સૌનું ધ્યાન ખેચ્યું



**મુંબઈ, તા.11**

અંશુલા કપૂરના વેડિંગ રિસેપ્શનમાં સાવકી બહેન જાહ્નવી કપૂર પોતાના લુકની સાથે-સાથે મહેંદીને લઈને પણ ચર્ચામાં રહી. તેણે ડિઝાઈનર મનીષ મલ્હોત્રાની સિલ્ક સાડીને સ્ટ્રેપલેસ બ્લાઉઝ સાથે પહેરી હતી. તેનો આ લુક સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો. જાહ્નવીએ ઈન્સ્ટાગ્રામ પર રિસેપ્શનની ઘણી તસવીરો શેર કરી હતી. આ તસવીરોમાં તેની મહેંદી પર 'શિખુ' નામ લખેલું જોવા મળ્યું. 'શિખુ' તેના બોયફ્રેન્ડ શિખર પહાડિયાનું નિકનેમ છે. આ નામ મહેંદીની ડિઝાઈનમાં ઝિણવટથી લખવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, 2024માં ફિલ્મ 'મૈદાન'ના સ્ક્રીનિંગ દરમિયાન તે 'શિખુ' નામનો નેકલેસ પહેરીને પહોંચી હતી. તાજેતરમાં સોશિયલ મીડિયા પર જાહ્નવીની એક તસવીર સામે આવી હતી, જેમાં તે એક અનોખો નાઈટસૂટ પહેરેલી જોવા મળી રહી છે. આ નાઈટસૂટ પર શિખર પહાડિયાના નામનો એક મેસેજ પણ લખેલો હતો. આ ફોટોમાં જાહ્નવીએ પિંક કલરનો નાઈટસૂટ અને ગ્રે જેકેટ પહેર્યું હતું. તેના નાઈટસૂટ પર અંગ્રેજીમાં લખેલું છે, 'If Lost, Please Return To Shikhar Pahariya' એટલે કે 'જો હું ખોવાઈ જાઉં, તો કૃપા કરીને શિખર પહાડિયા પાસે પાછી આપી દેજો.' શિખર પહાડિયા પરિવારની ખૂબ નજીક છે શિખર અવારનવાર કપૂર પરિવારના ખાનગી કાર્યક્રમોમાં જોવા મળે છે. તે માત્ર જાહ્નવી સાથે વેકેશન પર જ નથી જતો, પરંતુ અવારનવાર મંદિરોના દર્શન માટે પણ પરિવાર સાથે જોવા મળે છે. જાહ્નવીએ એપ્રિલ 2024માં 'કોફી વિથ કરણ'ના એક એપિસોડમાં ઈશારામાં જણાવ્યું હતું કે, તે કોઈની સાથે રિલેશનશિપમાં છે.

# શ્રેષ્ઠાએ કહ્યું- 'KKR રીલ વિવાદ પછી મારી નાખવાની ધમકીઓ મળી

**મુંબઈ, તા.11**

ભારતીય ક્રિકેટર શ્રેયસ અય્યરની બહેન શ્રેષ્ઠા અય્યરને KKR વાળા વીડિયો પછી થયેલા વિવાદને કારણે જાનથી મારી નાખવાની અને રેપની ધમકીઓ મળી હતી.

'મારા કેરેક્ટર વિશે ઘણું બધું કહ્યું'

'ફિલ્મી જ્ઞાન'ને આપેલા ઈન્ટરવ્યુમાં શ્રેષ્ઠાએ કહ્યું, 'એટલું બધું થવા લાગ્યું કે મને ડેથ થ્રેટ્સ (જાનથી મારી નાખવાની ધમકી) આવવા લાગ્યા. મને રેપ થ્રેટ્સ (રેપની ધમકી) આવવા લાગ્યા. મને મારા લુક્સ વિશે ઘણું બધું કહેવામાં આવ્યું, મારા કેરેક્ટર વિશે ઘણું બધું કહેવામાં આવ્યું, મારા શરીર વિશે ઘણું બધું કહેવામાં આવ્યું અને આનાથી ખબર પડે છે કે તમારી મેન્ટાલિટી કેવી છે. તમે એક વીડિયોને લઈને આટલું બધું કરી શકો છો.' તેણે આગળ કહ્યું, 'આ પછી મેં આ વાતો પર ધ્યાન આપવાનું બંધ કરી દીધું અને તેમને સંપૂર્ણપણે અવગણવા લાગી, પરંતુ પછી તેઓ મારા કામની જગ્યા સુધી પહોંચવા લાગ્યા. હું દુબઈમાં એક સ્ટુડિયો સાથે કામ કરું છું, જે મારા માટે પરિવાર જેવો છે. ત્યાં રાતના ત્રણ-ચાર વાગ્યે ફોન કરવામાં આવતા હતા અને ફોન પર ગાળો આપવામાં આવતી હતી.'

શું છે આખો મામલો?

ખરેખર, IPL 2025 દરમિયાન શ્રેયસ અય્યરની ટીમ (પંજાબ કિંગ્સ) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)નો મેચ વરસાદના કારણે રદ થયો હતો.



મેચ પછી શ્રેષ્ઠાએ પોતાના ભાઈની ટીમના સપોર્ટમાં મિત્રો સાથે ડાન્સ કરતા એક રીલ પોસ્ટ કરી અને મજાકમાં કહ્યું હતું કે, તેમણે KKR ને 'એક પોઈન્ટ ગિફ્ટ' કરી દીધો છે. KKR ના કેટલાક ફેન્સે આ મજાકને પર્સનલી લઈ લીધો અને તેને ખરાબ રીતે ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું.

શ્રેષ્ઠા સોંગ 'એગ્રીમેન્ટ કરલે' માં જોવા મળી હતી

શ્રેષ્ઠા અય્યર એક ઈન્ફ્લુએન્સર, ડાન્સર અને કોરિયોગ્રાફર છે. તે ફેબ્રુઆરી 2025માં ફિલ્મ 'સરકારી બચ્ચા'ના આઈટમ સોંગ 'એગ્રીમેન્ટ કરલે'માં જોવા મળી હતી. ઈન્સ્ટાગ્રામ પર પણ તે કન્ટેન્ટ પોસ્ટ કરતી રહે છે. તેની કેટલીક પોસ્ટમાં ભાઈ શ્રેયસ પણ જોવા મળે છે.

# એક્ટર રાજેશ શર્માને ઝેરી જંતુ કરડતા હૉસ્પિટલમાં ખસેડાયા

**મુંબઈ, તા.11**

સાઉથ સ્ટાર પ્રભાસની ફિલ્મના સેટ પર અકસ્માત થયો છે. હૈદરાબાદના રામોજી ફિલ્મ સિટીમાં શૂટિંગ દરમિયાન બોલિવૂડ એક્ટર રાજેશ શર્માને કોઈ ઝેરી જંતુ કે કરોળિયાએ કરડ્યું હતું. ત્યારબાદ તેમના પગમાં ઈન્ફેક્શન લાગ્યા બાદ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તબિયત બગડતાં તેમને પશ્ચિમ બંગાળના ઠાકુરિયા સ્થિત મણિપાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેઓ ડોકટરોની દેખરેખ હેઠળ છે.

તેમની કૉ-એક્ટર સુદીપા ચેટર્જીએ સોશિયલ મીડિયા પર એક્ટરના પરિવાર વતી હેલ્થ નોટ જાહેર કરીને આ માહિતી આપી છે. ડોક્ટરના મતે રાજેશ શર્મા હજુ ખતરાની બહાર નથી.

રાજેશ શર્મા 'પાતાલ લોક', 'પ્રિતમ એન્ડ પેડ્રો' સહિતની વેબ સિરીઝમાં જોવા મળ્યા છે.

સેટ પર પેકઅપ પછી થયો અકસ્માત સુદીપા ચેટર્જીના સોશિયલ મીડિયા પોસ્ટ મુજબ, આ ઘટના હૈદરાબાદના રામોજી ફિલ્મ સિટીમાં બની હતી. રાજેશ શર્મા ત્યાં પ્રભાસની આગામી ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા. શૂટિંગ પૂરું થયા પછી તેઓ સેટ પાસે વૃક્ષો અને છોડવાવાળા વિસ્તારમાં સ્થાનિક ટેકનિશિયનો સાથે વાતચીત કરી રહ્યા હતા.

આ દરમિયાન તેમને પગમાં કોઈ જીવડા કે ઝેરી કરોળિયાએ કરડ્યો. તે સમયે મામલો ગંભીર



લાગ્યો નહીં, તેથી તેમણે તરત કોઈ મેડિકલ મદદ લીધી નહીં અને કામ ચાલુ રાખ્યું.

ફ્લાઈટમાં અચાનક તાવ વધી ગયો જીવડાના કરડ્યાના લગભગ છ કલાક પછી રાજેશ શર્માના જમણા પગમાં તીવ્ર દુખાવો શરૂ થયો અને તેમની તબિયત બગડવા લાગી. આ પછી પણ તેમણે કોલકાતા માટે ફ્લાઈટ પકડી. મુસાફરી દરમિયાન તેમને તીવ્ર તાવ આવ્યો અને તેઓ ખૂબ જ બેચેન થઈ ગયા.

કોલકાતા પહોંચ્યા પછી બીજા દિવસે તેમની હાલત વધુ બગડી. આ પછી પરિવારે તેમને તરત જ ઢાકુરિયાની મણિપાલ હોસ્પિટલમાં દાખલ કર્યા. હોસ્પિટલમાં દાખલ થયાને એક દિવસથી વધુ સમય થઈ ગયો છે.

# સોહેલ ખાને 'અલાયન્સ'માં પૂર્વ પત્ની સીમા સજદેહના વખાણ કર્યા

**મુંબઈ, તા.11**

રિયાલિટી ગેમ શો 'અલાયન્સ'માં તાજેતરમાં સોહેલ ખાનને મોટું સરપ્રાઈઝ મળ્યું, જ્યારે તેની પૂર્વ પત્ની સીમાએ શોમાં એન્ટ્રી કરી. હોસ્ટ કુણાલ ખેમુએ સોહેલને સીમા વિશે પ્રશ્ન કર્યો, જેના પર તેણે પોતાના લગ્ન અને સંબંધો વિશે ખૂલીને વાત કરી.

સીમાને જોઈને સોહેલનું રિએક્શન

કુણાલ ખેમુએ પૂછ્યું કે, સીમાને શોમાં જોઈને તમને કેવું લાગી રહ્યું છે? આના પર સોહેલ ખાને કહ્યું કે, તેણે સીમા સાથે પોતાના જીવનના 25 વર્ષ વિતાવ્યા છે. તેણે સીમાને એક સુંદર અને સારા દિલવાળી





મહિલા ગણાવી. સોહેલે એમ પણ કહ્યું કે, જો તેમના સંબંધોમાં ક્યારેય કોઈ ભૂલ થઈ હશે, તો તે તેમની (સોહેલ) તરફથી થઈ હશે.

સલમાન ખાનના ભાઈ સોહેલે પૂર્વ પત્નીના વખાણ કર્યા.

શોમાં સોહેલ ખાન અને સીમા વચ્ચેની વાતચીત અને બોન્ડિંગ જોઈને અન્ય સ્પર્ધકોએ તાળીઓ પાડીને બંનેનો ઉત્સાહ વધાર્યો.

સોહેલને પહેલી નજરમાં પ્રેમ થઈ ગયો હતો

સોહેલ અને સીમાની પહેલી મુલાકાત ચંકી પાંડેની સગાઈની પાર્ટીમાં થઈ હતી. સોહેલ પહેલી નજરમાં જ સીમાને દિલ દઈ બેઠા.

# પાકિસ્તાનમાં પેટ્રોલ 13.18 અને પેટ્રોલ 13.80 રૂપિયા મોંઘું : પેટ્રોલ 310.71 અને હાઈ-સ્પીડ ડીઝલ 323.30 રૂપિયા પ્રતિ લિટર

**મુંબઈ, તા.11**

પાકિસ્તાન સરકારે પેટ્રોલના ભાવમાં 13.18 રૂપિયા (પાકિસ્તાની રૂપિયા) પ્રતિ લિટર અને હાઈ-સ્પીડ ડીઝલમાં 13.80 રૂપિયા પ્રતિ લિટરનો વધારો કર્યો છે. આ વધારા પછી પાકિસ્તાનમાં એક લિટર પેટ્રોલની કિંમત 310.71 રૂપિયા અને હાઈ-સ્પીડ ડીઝલની કિંમત 323.30 રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. નવી કિંમતો 11 જુલાઈથી લાગુ થઈ ગઈ છે. તાજેતરના વધારા છતાં, બંને ઈંધણ તેમની રેકોર્ડ ઊંચાઈ (પીક લેવલ) થી નીચે રહ્યા છે. 3 એપ્રિલે ડીઝલની કિંમત 520.35 રૂપિયા પ્રતિ લિટરની ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયા હતા. ઈંધણના ભાવમાં આ તેજી 28 ફેબ્રુઆરીએ અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા પછી જોવા મળી હતી, જ્યારે ડીઝલ 281 રૂપિયા પ્રતિ લિટરના સ્તરે હતું. નવી કિંમતો 11 જુલાઈથી લાગુ થઈ ગઈ છે. તાજેતરના વધારા છતાં, બંને ઈંધણ તેમની રેકોર્ડ ઊંચાઈ (પીક લેવલ) થી નીચે રહ્યા છે. 3 એપ્રિલે ડીઝલની




કિંમત 520.35 રૂપિયા પ્રતિ લિટરની ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયા હતા. ઈંધણના ભાવમાં આ તેજી 28 ફેબ્રુઆરીએ અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા પછી જોવા મળી હતી, જ્યારે ડીઝલ 281 રૂપિયા પ્રતિ લિટરના સ્તરે હતું. બીજી તરફ, પેટ્રોલની કિંમત પણ 3 એપ્રિલે 458.41 રૂપિયાની ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયા હતા, જેની શરૂઆત માર્ચના પહેલા અઠવાડિયામાં 266 રૂપિયા પ્રતિ લિટરથી થઈ હતી.

IMFની શરતોને કારણે ટેક્સ વધ્યો, ડીઝલ પર 80 રૂપિયા અને પેટ્રોલ પર 70 રૂપિયા લેવી

ઈંધણના ભાવમાં વધારા પાછળ આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF)ની કડક શરતો પણ સામેલ છે. સરકારે 1 જુલાઈથી 'ક્લાઈમેટ સપોર્ટ લેવી' બમણી કરીને 5 રૂપિયા પ્રતિ લિટર કરી દીધી છે, જ્યારે તેના બદલે પેટ્રોલિયમ લેવીમાં નજીવો ઘટાડો કરવામાં આવ્યો છે. આ બદલાવ પછી, હાલમાં ડીઝલ પર પેટ્રોલિયમ લેવી આશરે 80 રૂપિયા પ્રતિ લિટર છે. જ્યારે, પેટ્રોલ પર પેટ્રોલિયમ લેવી 70 રૂપિયા પ્રતિ લિટર સાથે 5 રૂપિયાની ક્લાઈમેટ સપોર્ટ લેવી અલગથી વસૂલવામાં આવી રહી છે. ઈંધણના ભાવમાં વધારા પાછળ આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF)ની કડક શરતો પણ સામેલ છે. સરકારે 1 જુલાઈથી 'ક્લાઈમેટ સપોર્ટ લેવી' બમણી કરીને 5 રૂપિયા પ્રતિ લિટર કરી દીધી છે, જ્યારે તેના બદલે પેટ્રોલિયમ લેવીમાં નજીવો ઘટાડો કરવામાં આવ્યો છે. આ બદલાવ પછી, હાલમાં ડીઝલ પર પેટ્રોલિયમ લેવી આશરે 80 રૂપિયા પ્રતિ લિટર છે. જ્યારે, પેટ્રોલ પર પેટ્રોલિયમ લેવી 70 રૂપિયા પ્રતિ લિટર સાથે 5 રૂપિયાની ક્લાઈમેટ સપોર્ટ લેવી અલગથી વસૂલવામાં આવી રહી છે.

એક લિટર ઈંધણ પર 100 રૂપિયા સુધીનો ટેક્સ, કસ્ટમ ડ્યુટી પણ શામેલ

સરકાર હાલમાં હાઈ-સ્પીડ ડીઝલ (HSD) પર કુલ 101 રૂપિયા પ્રતિ લિટરનો ટેક્સ વસૂલી રહી છે. આમાં 16 રૂપિયા પ્રતિ લિટર કસ્ટમ ડ્યુટી, પેટ્રોલિયમ લેવી, ક્લાઈમેટ સપોર્ટ લેવી અને ઈનલેન્ડ ફ્રેટ ઈક્વલાઈઝેશન માર્જિન શામેલ છે. પેટ્રોલની વાત કરીએ તો, તેના પર કુલ ટેક્સ 95 રૂપિયા પ્રતિ લિટર થાય છે, જેમાં 20 રૂપિયા પ્રતિ લિટર કસ્ટમ ડ્યુટીની સાથે પેટ્રોલિયમ અને ક્લાઈમેટ લેવી ઉમેરવામાં આવી છે. આ ઉપરાંત, સરકાર કેરોસીન પર 21 રૂપિયા પ્રતિ લિટર અને લાઈટ ડીઝલ ઓઈલ પર 16 રૂપિયા પ્રતિ લિટર પેટ્રોલિયમ લેવી વસૂલી રહી છે.

# આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો : ચાંદી ₹13,468 ઘટીને ₹2.20 લાખ પ્રતિ કિલો પર આવી, 10 ગ્રામ સોનું ₹2,976 સસ્તું થયું

**નવી દિલ્હી, તા.11**

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,976 રૂપિયા ઘટીને 1.43 લાખ રૂપિયા થઈ ગયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 4 જુલાઈએ 1.46 લાખ રૂપિયા હતો. જ્યારે, ચાંદી 2.34 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.20 લાખ રૂપિયા પર આવી ગઈ છે, તેની કિંમતમાં 13,468 રૂપિયાનો ઘટાડો થયો.

આ પહેલા ગયા મહિને એટલે કે જૂનમાં સોના-ચાંદીમાં ઘટાડો જોવા મળ્યો હતો. ગયા મહિને સોનું 15 હજાર અને ચાંદી 38 હજાર રૂપિયા સસ્તી થઈ હતી. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 33 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે.

જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. આ ચાંદીના



અત્યાર સુધીના સૌથી વધુ ભાવ હતા. ત્યારથી અત્યાર સુધી 163 દિવસમાં ચાંદી 1.66 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. સોના-ચાંદીના ભાવમાં ઘટાડાનું કારણ

મજબૂત અમેરિકન ડોલર: ફેડરલ રિઝર્વના સંકેતો પછી વૈશ્વિક બજારમાં અમેરિકી ડોલર ઈન્ડેક્સ મજબૂત થયો છે. સામાન્ય રીતે જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીની કિંમતો ઘટે છે.

નફા વસૂલી: થોડા સમય પહેલા સોના અને ચાંદીની કિંમતો તેમના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી. ભાવમાં આટલો મોટો ઉછાળો આવ્યા પછી મોટા રોકાણકારો અને વેપારીઓએ નફા વસૂલી કરી, જેના કારણે કિંમતોમાં અચાનક તીવ્ર ઘટાડો થયો. ETF માં વેચાણ: સુરક્ષિત રોકાણનું આકર્ષણ ઘટવાથી ગોલ્ડ-સિલ્વર ETF માં ભારે વેચાણ જોવા મળ્યું. આનાથી પણ સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આવી રહ્યો છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો, સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો.

# ડેટા વગરના મોબાઈલ રિચાર્જ પ્લાન સસ્તા થશે : ટ્રાઈએ મુસદ્દો રજૂ કર્યો, સૂચનો માંગ્યા; 70% સુધી કિંમત ઘટી શકે છે

**નવી દિલ્હી, તા.11**

દૂરસંચાર નિયામક ટ્રાઈએ ગ્રાહકોના હિતમાં મોટું પગલું ભરતા 'દૂરસંચાર ઉપભોક્તા સંરક્ષણ વિનિયમ, 2026'નો નવો મુસદ્દો જાહેર કર્યો છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય છે- 'ડેટા નથી જોઈતો, તો તેના પૈસા શા માટે આપવા?' ટ્રાઈએ આ અંગે તમામ પક્ષો પાસેથી સૂચનો મંગાવ્યા છે, પછી તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. દૂરસંચાર નિયામક ટ્રાઈએ ગ્રાહકોના હિતમાં મોટું પગલું ભરતા 'દૂરસંચાર ઉપભોક્તા સંરક્ષણ વિનિયમ, 2026'નો નવો મુસદ્દો જાહેર કર્યો છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય છે- 'ડેટા નથી જોઈતો, તો તેના પૈસા શા માટે આપવા?' ટ્રાઈએ આ અંગે તમામ પક્ષો પાસેથી સૂચનો મંગાવ્યા છે, પછી તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

નવો પ્રસ્તાવ શું છે?

હાલમાં કંપનીઓ અમુક જ સમયગાળા માટે 'ફક્ત કોલ-એસએમએસ' પેક આપે છે. આનાથી ઘણા ગ્રાહકોને મજબૂરીમાં ડેટાવાળો મોંઘો પ્લાન લેવો પડે છે. હવે ટ્રાઈએ પ્રસ્તાવ મૂક્યો છે કે કંપનીઓ જેટલા દિવસોની માન્યતા જેમ કે 7, 28, 56 કે 84 દિવસનો ડેટાવાળો પ્લાન લાવે છે, તેટલા જ સમયગાળાનો 'ફક્ત કોલ અને એસએમએસ'વાળો



પ્લાન પણ લાવવો પડશે.હાલમાં કંપનીઓ અમુક જ સમયગાળા માટે 'ફક્ત કોલ-એસએમએસ' પેક આપે છે. આનાથી ઘણા ગ્રાહકોને મજબૂરીમાં ડેટાવાળો મોંઘો પ્લાન લેવો પડે છે. હવે ટ્રાઈએ પ્રસ્તાવ મૂક્યો છે કે કંપનીઓ જેટલા દિવસોની માન્યતા જેમ કે 7, 28, 56 કે 84 દિવસનો ડેટાવાળો પ્લાન લાવે છે, તેટલા જ સમયગાળાનો 'ફક્ત કોલ અને એસએમએસ'વાળો પ્લાન પણ લાવવો પડશે.

કિંમતો કેટલી ઓછી થશે?

મોબાઈલ પ્લાન્સમાં 50-70% ખર્ચ ડેટાનો હોય છે, તેથી નવો નિયમ લાગુ થવા પર ફક્ત કોલ-એસએમએસવાળા પ્લાનની કિંમત અડધાથી પણ ઓછી થઈ શકે છે. ઉદાહરણ તરીકે, 300 રૂપિયાનો પ્લાન 100 થી 150 રૂપિયામાં મળી શકે છે.

કોને ફાયદો?

ફીચર ફોન યુઝર્સ અને વૃદ્ધોને, જેઓ ડેટાનો ઉપયોગ કરતા નથી. જેઓ બીજી સિમ માત્ર કોલ માટે રાખે છે. આ ઉપરાંત, જેમના ઘરોમાં વાઈફાઈ છે. તેમના માટે પણ આ ફાયદાકારક રહેશે.

1600 અને 140 સિરીઝના જરૂરી કોલને એપ્સ બ્લોક કરી શકશે નહીં

ટ્રાઈએ સ્પષ્ટ કર્યું છે કે ટ્રુકોલર જેવી કોલ મેનેજમેન્ટ એપ્સ 1600 અને 140 સિરીઝના કોલ્સને બ્લોક કરી શકતી નથી

1600 સિરીઝ: આ બેંક, નાણાકીય સંસ્થાઓ (RBI, SEBI વગેરે) અને સરકારી કામો માટે નિર્ધારિત છે, જેથી નાગરિકો જરૂરી વ્યવહારો સંબંધિત કોઈપણ કોલને ઓળખી શકે. 140 સિરીઝ: આ કંપનીઓના જાહેરાત સંબંધિત કોલ્સ માટે છે. ગ્રાહકો પોતે DND સેવા દ્વારા તેમને બ્લોક કરી શકે છે.

# અનિલ અંબાણી ગ્રુપની ₹1,021 કરોડની સંપત્તિ જપ્ત : મની લોન્ડરિંગ કેસમાં કાર્યવાહી, અત્યાર સુધીમાં ₹20,367 કરોડની સંપત્તિ જપ્ત

**નવી દિલ્હી, તા.11**

EDએ આજે એટલે કે 11 જુલાઈએ રિ લાયન્સ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસમાં કાર્યવા હી કરી છે. તપાસ એજન્સીએ ગ્રુપની 1,021 કરોડ રૂપિ યાની સંપત્તિને કામચલાઉ ધોરણે જપ્ત કરવાનો નવો આદેશ જારી કર્યો છે.

ED અનુસાર, આ કાર્યવાહી હેઠળ રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાસે ના રિલાયન્સ પાવરના ઈક્વિટી શેર અને સાસન પાવર તથા રિ લા યન્સ પાવર પાસેથી મળતી કેટલીક લોન રકમને જપ્ત કરવા માં આવી છે. આ નવા આદેશ પછી, આ કેસમાં અત્યાર સુધી જપ્ત કરાયેલી કુલ સંપત્તિનો આંકડો 20,367 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે.

CBIની FIR પછી શરૂ થયેલી મની લોન્ડરિંગની તપાસ

EDની આ કાર્યવાહી રિલાય ન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ (RHFL) અને રિલાય ન્સ કમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ (RCFL) વિરુદ્ધ કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) દ્વારા દાખલ કરવામાં આવેલી FIR પર આધારિત છે. CBIની આ જ



ફરિયાદને આધાર બનાવીને EDએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કેસની તપાસ શરૂ કરી હતી.

શેલ કંપનીઓ દ્વારા 15,548 કરોડનું ભંડોળ ડાયવર્ટ કરવામાં આવ્યું

તપાસ એજન્સીએ પોતાના નિવેદનમાં જણાવ્યું કે તપાસ દરમિયાન એ સામે આવ્યું છે કે RHFL અને RCFL દ્વારા એકત્ર કરાયેલા 15,548 કરોડ રૂપિયાના પબ્લિક ફંડને વ્યવસ્થિત રીતે ડાયવર્ટ કરવામાં આવ્યું.

આ રકમને અનિલ અંબાણી ગ્રુપ દ્વારા નિયંત્રિત અને સંચાલિત થતી ઘણી 'શેલ' એટલે કે નકલી અથવા ડમી કંપનીઓ અને ગ્રુપની અન્ય કંપનીઓના નેટવર્ક દ્વારા અહીંથી ત્યાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

અનિલ અંબાણી ગ્રુપ પર ઘણા કેસોની તપાસ

ED હાલમાં અનિલ અંબાણી ગ્રુપ વિરુદ્ધ ઘણા કેસોની તપાસ કરી રહી છે.

ગ્રુપ વિરુદ્ધ એન્ટી-મની લોન્ડરિંગ કાયદા (PMLA) હેઠળ 4 FIR નોંધાયેલી છે, જેની તપાસ ચાલી રહી છે.

ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) ની જોગવાઈઓના ઉલ્લંઘનને લઈને પણ 3 અલગ કેસોમાં ગ્રુપ વિરુદ્ધ તપાસ કરવામાં આવી રહી છે.

અત્યાર સુધીમાં 8 લોકોની ધરપકડ, 4 ચાર્જશીટ રજુ થઈ ચૂકી છે

આ સમગ્ર મામલામાં કેન્દ્રીય એજન્સી અત્યાર સુધીમાં કુલ 4 ચાર્જશીટ (પ્રોસિક્યુશન ફરિયાદો) કોર્ટમાં રજુ કરી ચૂકી છે. તપાસ દરમિયાન આ કૌભાંડમાં સામેલ 8 આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. ED એ પણ માહિતી આપી છે કે મની લોન્ડરિંગ ઉપરાંત ફેમા (FEMA) હેઠળ પણ ગ્રુપની 77.86 કરોડ રૂપિયાની સંપત્તિઓને પહેલાથી જ જપ્ત કરવામાં આવી છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ શું છે?

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ એટલે કે PMLA હેઠળ પ્રોવિઝનલ અટેચમેન્ટનો અર્થ એ થાય છે કે આરોપી હવે આ સંપત્તિ (જેમ કે શેર અથવા લોન રકમ) વેચી કે ટ્રાન્સફર કરી શકતો નથી. જ્યારે ED ને લાગે છે કે કોઈ સંપત્તિ ગુનાની કમાણીમાંથી બનાવવામાં આવી છે, ત્યારે તે તેને અસ્થાયી રૂપે 180 દિવસ માટે જપ્ત કરી લે છે. તેને પછીથી એડજુડિકેટિંગ ઓથોરિટીની મંજૂરી મળ્યા બાદ કાયમી ધોરણે જપ્ત કરી શકાય છે.

# સ્વિગી ઈન્સ્ટામાર્ટને FSSAIની 9 નોટિસ : ખરાબ અને એક્સપાયર્ડ ખોરાક ડિલિવરી કરવાની ફરિયાદો, બાળકોના ફૂડ પ્રોડક્ટને લઈને પણ મામલો સામે આવ્યો

**નવી દિલ્હી, તા.11**

ફૂડ રેગ્યુલેટર FSSAI એ ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ સ્વિગી ઈન્સ્ટામાર્ટને 9 નોટિસ જારી કરી છે. FSSAIને ફરિયાદ મળી હતી કે પ્લેટફોર્મે તેમને સડેલા ઈંડા, ખરાબ દૂધ અને એક્સપાયરી ડેટવાળા પેક્ડ ફૂડ ડિલિવર કર્યા હતા.

FSSAIએ સ્વિગી ઈન્સ્ટામાર્ટ પાસેથી આ સમગ્ર મામલે સ્પષ્ટતા અને કમ્પ્લાયન્સ રિપોર્ટ માંગ્યો છે. જો કંપની નિર્ધારિત સમયમાં યોગ્ય જવાબ નહીં આપે, તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

બાળકનો ખરાબ ખોરાક પાછો લઈને ફરી મોકલ્યો

FSSAI એ ગ્રાહકો પાસેથી મળેલી ફરિયાદોની વિગતો શેર કરતા જણાવ્યું કે એક અત્યંત ગંભીર કિસ્સામાં બાળકોના ખાવાનો પ્રોડક્ટ ખૂબ જ ખરાબ અને અસુરક્ષિત હાલતમાં ડિલિવર કરવામાં આવ્યો હતો. આ પ્રોડક્ટમાં ખામી હતી અને તેને ખોટી રીતે સ્ટોર કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

એટલું જ નહીં, ગ્રાહક દ્વારા તેને પાછો કર્યા પછી પણ કથિત રીતે આ જ ખરાબ પ્રોડક્ટને ફરીથી સપ્લાય કરી દેવામાં આવ્યો. આ ઉપરાંત,




ગ્રાહકોએ સ્વિગી ઈન્સ્ટામાર્ટ દ્વારા ખરાબ ઈંડા, ખરાબ દૂધ અને ડેમેજ પેકેજ્ડ ફૂડ આઈટમ્સની ડિલિવરી મળવાની પણ ફરિયાદો કરી છે.

વેલિડ લાઈસન્સ વિના વેચાઈ રહ્યો હતો સામાન

તપાસ દરમિયાન FSSAI એ શોધી કાઢ્યું કે પ્લેટફોર્મ પર વિક્રેતાઓના ઓનબોર્ડિંગ અને વેરિફિકેશન સિસ્ટમમાં મોટી ખામીઓ છે. સ્વિગી ઈન્સ્ટામાર્ટ પર કેટલાક એવા ફૂડ બિઝનેસ લિસ્ટેડ જોવા મળ્યા જેમનો FSSAI લાઈસન્સ નંબર કાં તો ખોટો હતો, અમાન્ય હતો અથવા તો હતો જ નહીં.

એટલું જ નહીં, ઘણા ફૂડ બિઝનેસ પાર્ટનર્સને એવા નામો હેઠળ સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા જે તેમના સત્તાવાર FSSAI રજીસ્ટ્રેશન નામથી તદ્દન અલગ હતા. આનાથી ફૂડ પ્રોડક્ટ્સની ટ્રેસિબિલિટી એટલે કે તે સામાન ક્યાંથી આવ્યો છે તે શોધવા અને તેમની ગુણવત્તા મોનિટરિંગ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ફરિયાદ પર પ્લેટફોર્મ ગંભીર નહોતું

FSSAI અનુસાર, ગ્રાહકોએ એવો પણ આરોપ લગાવ્યો કે ફરિયાદ નોંધાવ્યા પછી અથવા મામલાને આગળ વધાર્યા પછી પણ સ્વિગી ઈન્સ્ટામાર્ટ તરફથી કોઈ સંતોષકારક પ્રતિસાદ અથવા સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતા.

એક ફરિયાદકર્તાએ જણાવ્યું કે ફૂડ સેફ્ટી સંબંધિત આટલી ગંભીર ચિંતા પર ધ્યાન આપવાને બદલે પ્લેટફોર્મે ફક્ત પૈસા રિફંડ કરીને પોતાનો હાથ ખંખેરી લીધો. FSSAI એ સ્પષ્ટ કર્યું છે કે આ નોટિસ સેલર ઓનબોર્ડિંગ, ફરિયાદ નિવારણ સિસ્ટમ અને ફૂડ સેફ્ટી કમ્પ્લાયન્સ સિસ્ટમની ખામીઓને ઉજાગર કરે છે.

FSSAI એ કહ્યું- ઘણી વધુ કંપનીઓ પર પણ કાર્યવાહી

ફૂડ રેગ્યુલેટર છેલ્લા કેટલાક સમયથી નિયમોનું ઉલ્લંઘન કરનારા ફૂડ બિઝનેસ ઓપરેટર્સ (FBOs) વિરુદ્ધ ખૂબ કડક બન્યું છે. FSSAI એ સ્વિગી ઈન્સ્ટામાર્ટને આપવામાં આવેલી આ 9 નોટિસની માહિતી પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને આપી છે.

રેગ્યુલેટરે જણાવ્યું કે આ નોટિસ ગ્રાહકોની ફરિયાદોની સાથે સાથે પોતે જ સંજ્ઞાન લઈને જારી કરવામાં આવી છે. તાજેતરમાં FSSAI એ દેશની ઘણી મોટી એનર્જી ડ્રિંક્સ ઉત્પાદકો, દારૂની કંપનીઓ, ફૂડ બ્રાન્ડ્સ અને અન્ય ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સને પણ નિયમોની અવગણના કરવા બદલ નોટિસ મોકલી છે.

જો તમને ખરાબ ખોરાક મળે તો શું કરવું?

ગ્રાહકો FSSAI ની 'Food Safety Connect' એપ અથવા નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન પર સીધી ફરિયાદ નોંધાવી શકે છે. માત્ર રિફંડ લેવું એ ઉકેલ નથી, એક્સપાયર્ડ ખોરાક સ્વાસ્થ્ય માટે જીવલેણ બની શકે છે.

ભારતમાં ઝડપથી વધી રહ્યું છે ક્વિક-કોમર્સ માર્કેટ

ભારતમાં ક્વિક-કોમર્સ માર્કેટ (સ્વિગી ઈન્સ્ટામાર્ટ, બ્લિંકિટ, ઝેપ્ટો) ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે, પરંતુ 'ફાસ્ટ ડિલિવરી' ના ચક્કરમાં ડાર્ક સ્ટોર્સ પર ગુણવત્તા તપાસ અને યોગ્ય કોલ્ડ સ્ટોરેજનો અભાવ એક મોટો પડકાર બની રહ્યો છે.

# IRCTCનું નવું પોર્ટલ 15 જુલાઈએ આવશે : ટિકિટ બુકિંગમાં કેપ્ચા અને પોપ-અપની ઝંઝટ સમાપ્ત થશે, જાણો 4 મોટા ફેરફારો

**મુંબઈ, તા.11**

ભારતીય રેલવે 15 જુલાઈના રોજ IRCTC વેબસાઈટનું નવું બીટા વર્ઝન લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ અપડેટેડ પોર્ટલમાં ટ્રેન ટિકિટ બુકિંગ માટે કેપ્ચા અને પોપ-અપ્સનો વિકલ્પ હટાવી દેવામાં આવ્યો છે.

તેનાથી ઓનલાઈન ટિકિટ બુકિંગ પહેલાં કરતાં સરળ બનશે, સાથે જ સમય પણ ઓછો લાગશે. આ ઉપરાંત, એક જ સ્ક્રીન પર તમામ ક્લાસની સીટોની ઉપલબ્ધતા પણ દેખાશે.

MNIT જયપુરના વિદ્યાર્થીઓને લાઈવ ડેમો આપવામાં આવ્યો

લોન્ચિંગ પહેલાં શુક્રવારે IRCTC અને સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ (CRIS) ના અધિકારીઓએ જયપુરમાં માલવિયા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MNIT) ના વિદ્યાર્થીઓને આ નવા બીટા વર્ઝનનો લાઈવ ડેમો બતાવ્યો.

રેલવે અધિકારીઓએ પબ્લિક રિલીઝ પહેલાં પ્લેટફોર્મના યુઝર એક્સપિરિયન્સને વધુ સારો બનાવવા માટે વિદ્યાર્થીઓ પાસેથી તેમનો પ્રતિભાવ પણ માંગ્યો છે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે આપ્યો હતો ભરોસો




આ સમગ્ર બદલાવનું બેકગ્રાઉન્ડ કેટલાક અઠવાડિયા જૂનું છે. MNIT જયપુરના વિદ્યાર્થીઓએ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને મળીને તેમને હાલની IRCTC વેબસાઈટની ખામીઓ અને મુશ્કેલીઓ વિશે જણાવ્યું હતું.

તે સમયે રેલ મંત્રીએ વિદ્યાર્થીઓને 15 જુલાઈ સુધીમાં પોર્ટલમાં બદલાવ કરવાની વાત કહી હતી. તે જ વચનને પૂરું કરતા રેલવેએ આ વિદ્યાર્થીઓને લોન્ચ પહેલાં રિવ્યૂ માટે ખાસ બોલાવ્યા હતા.

ફાસ્ટ ચેકઆઉટ અને સેવ્ડ પેસેન્જર ડિટેલ્સ

નવા પોર્ટલ પર ટિકિટ બુકિંગના સ્ટેપ્સ ઘટાડવામાં આવ્યા છે, જેનાથી ચેકઆઉટ પ્રોસેસ પહેલાં કરતાં ઘણી ફાસ્ટ થઈ જશે. આ ઉપરાંત, એક વધુ નવું ફીચર પ્લાન કરવામાં આવ્યું છે, જેમાં પહેલાંથી સેવ કરેલી પેસેન્જર ડિટેલ્સ દ્વારા ફરીથી બુકિંગ કરવું સરળ બની જશે.

તાત્કાલિક બુકિંગમાં બોટ્સ પર નિયંત્રણ

અધિકારીઓના મતે, તાત્કાલિક બુકિંગ દરમિયાન ઓટોમેટિક બોટ્સના ઉપયોગને રોકવા માટે અનેક ઉપાયો કરવામાં આવ્યા છે. જોકે, અધિકારીઓએ સ્વીકાર્યું કે "આ એક સતત ચાલતી લડાઈ છે. પહેલાંની સરખામણીમાં ચોક્કસ સુધારો થયો છે, પરંતુ આપણે હજુ વધુ પ્રયાસો કરવાની જરૂર છે. અમે અમારા પ્રયાસો સતત ચાલુ રાખીશું."

40 વર્ષ જૂની પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ પણ બદલાશે

રેલવે અધિકારીઓએ જણાવ્યું કે રીડિઝાઈન કરાયેલી IRCTC વેબસાઈટને હાલમાં ભારતીય રેલવેની પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) સાથે ઈન્ટિગ્રેટ કરવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું કે, "અમે 40 વર્ષ જૂની પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ બદલી રહ્યા છીએ. અમે તેને ખૂબ જ જલ્દી લોન્ચ કરીશું." વર્તમાન રિઝર્વેશન સિસ્ટમ વર્ષ 1986માં શરૂ થઈ હતી. છેલ્લા 40 વર્ષમાં તેમાં ઘણા નાના ફેરફારો કરવામાં આવ્યા, પરંતુ હવે તેને લેટેસ્ટ ટેકનોલોજીની મદદથી સંપૂર્ણપણે નવી કરવામાં આવી રહી છે.

# 250 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ, દુબઈથી ઓપરેટ થતું હતું

## ખાનગી યુનિ.ના MBAના વિદ્યાર્થી સહિત 5 શહેરોમાં 19 આરોપીની ધરપકડ; 21 રાજ્યોના 146 ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.11

ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે 'ઓપરેશન મ્યુઅલ હન્ટ 2.0' અંતર્ગત રાજ્યના વડોદરા, ભાવનગર, સુરત, પાટણ અને ગાંધીનગરમાં નોંધાયેલા પાંચ મોટા સાયબર ફ્રોડ કેસનો પર્દાફાશ કરી કુલ 19 આરોપીઓની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન દેશના 21 રાજ્યોમાં નોંધાયેલા 146 સાયબર ગુનાઓ સાથે આરોપીઓના કનેક્શન સામે આવ્યા છે, જ્યારે કુલ 250 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના વ્યવહારોનો ખુલાસો થયો છે.

'એકસાથે મોટી સંખ્યામાં ટ્રાન્ઝેક્શન કરતા હતા'

તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ નકલી અને ભાડે મેળવેલા બેંક ખાતાઓનો ઉપયોગ કરીને સાયબર ફ્રોડની રકમ ટ્રાન્સફર કરતા હતા. આ માટે તેઓ બલ્ક મોડ બેંકિંગ સુવિધાનો ઉપયોગ કરીને એકસાથે મોટી સંખ્યામાં ટ્રાન્ઝેક્શન કરતા હતા. આરોપીઓએ લોકોને APK ફાઈલ અને અન્ય એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને તેમજ ઈન્વેસ્ટમેન્ટ, ટ્રેડિંગ, ડિપોઝિટ અને UPI સંબંધિત લાલચ આપીને છેતરપિંડી આચરી હતી.

'દુબઈથી સમગ્ર નેટવર્કનું સંચાલન થતું હતું'

સુરતના મોટા વરાછા અને જહાંગીરપુરામાં ઓફિસો ઉભી કરીને આ સમગ્ર નેટવર્ક સંચાલિત થતું હોવાનું બહાર આવ્યું છે. મહેસાણા અને ગાંધીનગરમાંથી છ આરોપીઓની ધરપકડ



કરવામાં આવી છે, જ્યારે કેટલાક આરોપીઓ દુબઈથી સમગ્ર નેટવર્કનું સંચાલન કરતા હોવાનું પણ સામે આવ્યું છે. એક આરોપીના ખાતામાં જ 161 કરોડ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન નોંધાયા છે અને તેના મુખ્ય હેન્ડલરની પણ ધરપકડ કરવામાં આવી છે.

એક આરોપી હત્યાના ગુનામાં પણ વોન્ટેડ

વડોદરાના કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમની સામે દેશભરમાં 101થી વધુ સાયબર ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. માત્ર આ કેસોમાં જ 46 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવામાં આવી હોવાનું તપાસમાં ખુલ્યું છે. વધુમાં, એક આરોપી હત્યાના ગુનામાં પણ વોન્ટેડ હોવાનું સામે આવ્યું છે. પારુલ યુનિવર્સિટીના MBA વિદ્યાર્થીએ આચરી 7.40 કરોડની સાયબર ઠગાઈ

વડોદરાની પારુલ યુનિવર્સિટીમાં MBAનો અભ્યાસ કરતો વિદ્યાર્થી સાયબર ફ્રોડ કેસમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. આરોપીએ અભ્યાસ દરમિયાન જ પોતાના સાથી વિદ્યાર્થીઓ અને ઓળખીતાઓના નામે 10થી વધુ મ્યુઅલ બેંક ખાતાઓ ખોલાવ્યા હતા અને આ ખાતાઓ મારફતે 7.40 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડી આચરી હતી. તપાસ દરમિયાન આરોપી સામે દેશભરમાં કુલ 28 ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે ઓપરેશન મ્યુઅલ હન્ટ અંતર્ગત આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

'અન્ય રાજ્યોમાં તપાસ થશે'

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસપી ડૉ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે તમામ આરોપીઓ એકસંપ થઈ કમિશનની લાલચમાં સાયબર ક્રાઈમમાં વાપરવા માટેના કોર્પોરેટ બેંક ખાતાઓ પૂરા પાડી આર્થિક લાભ માટે એકબીજાની મદદગારી કરી ગુનો આચરેલ છે.

# ગાંધીનગરમાં જન ભાગીદારીથી સામૂહિક વૃક્ષારોપણ યોજાશે

## મનપા 6.80 લાખ અને સહાય ફાઉન્ડેશન 25 હજાર વૃક્ષો વાવશે

ગાંધીનગર, તા.11

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર લોકસભા ક્ષેત્રને હરિયાળી લોકસભા બનાવવાના સંકલ્પ સાથે આવતીકાલે 12મી જુલાઈ રવિવારના રોજ પાટનગરમાં એક સામૂહિક વૃક્ષારોપણ મહાઅભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતગર્ત મહાનગર પાલિકા 6.80 લાખ અને સહાય ફાઉન્ડેશન ધ્વારા 25 હજાર વૃક્ષો વાવવામાં આવશે.

50 સ્થળોએ 6.80 લાખ જેટલા રોપાઓનું વાવેતર કરાશે

સમગ્ર લોકસભા વિસ્તારમાં એક કરોડથી વધુ વૃક્ષો વાવવાના આ મહાયજ્ઞમાં ગાંધીનગર મહાનગરપાલિકા, ભાજપા સંગઠન અને વિવિધ સેવાભાવી સંસ્થાઓ પૂર્ણ સમર્પણ સાથે જોડાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક પેડ માઁ કે નામ આહ્વાનને સાંકળીને યોજાનારા આ અભિયાન થકી ગાંધીનગરને ફરીથી આંબાવાડિયા તેમજ દેશના સૌથી લીલાછમ અને આદર્શ શહેર તરીકે વિકસાવવા માટેનો એક્શન પ્લાન તૈયાર કરાયો છે. આ પર્યાવરણીય મહાઅભિયાન અંતર્ગત ગાંધીનગર



મહાનગરપાલિકા વિસ્તારના 50 જેટલા નિર્ધારિત સ્થળોએ અંદાજિત 5,36,000 ચોરસ મીટર વિસ્તારમાં 6.80 લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

વાવેતરથી ઓક્સિજન પાર્ક, બાયોડાયવર્સિટી પાર્ક સહિતનું નિર્માણ થશે


આ મહાયજ્ઞમાં મુખ્યત્વે આંબો, બોરસલ્લી, વડ, પીપળ, ગોરસ આંબલી, જાંબુ, ચીકુ અને આમળાં જેવી સ્થાનિક પ્રજાતિઓનો સમાવેશ થાય છે. આ સઘન વાવેતર થકી શહેરમાં વિવિધ પ્રકારના આમ્રવન, પોષણ અને ઔષધિ વન, ઓક્સિજન પાર્ક તેમજ બાયોડાયવર્સિટી પાર્કનું નિર્માણ થશે. આ ઉપરાંત મહાનગરપાલિકા હસ્તકના 117 બગીચાઓ, 66 શાળાઓ, 111 આંગણવાડીઓ અને 124 તળાવોના વિસ્તારોને પણ આ સઘન ઝુંબેશ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

# જગતના નાથની પ્રથમ ઝલક : ગાંધીનગરમાં 42મી રથયાત્રાની તડામાર તૈયારી

## અષાઢી બીજે પંચદેવ મંદિરથી પ્રથાન કરી 29 કિમી રૂટ પર ભગવાન નગરચર્યા કરશે

ગાંધીનગર, તા.11

ગાંધીનગર શહેરમાં વર્ષ 1985થી સતત નીકળતી ભગવાન જગન્નાથજીની પરંપરાગત અને શ્રદ્ધાભરી રથયાત્રા આ વર્ષે પણ પોતાના નિર્ધારિત રૂટ પર, પરંપરાગત શૈલીમાં અને અપ્રતિમ ભક્તિભાવ સાથે નીકળવા માટે સજ્જ થઈ રહી છે. ગાંધીનગર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા આ વર્ષની 42મી રથયાત્રાને યાદગાર અને સુવ્યવસ્થિત બનાવવા માટે અત્યારથી જ તમામ સ્તરે ખાસ અને સઘન આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વખતે ભગવાન જગન્નાથ 29 કિલોમીટર લાંબા નિયત રૂટ પર નગરચર્યા કરી ભક્તોને સામેથી દર્શન આપશે.



16 જુલાઈએ પંચદેવ મંદિરથી પ્રસ્થાન અને મોસાળમાં છપ્પનભોગ

આગામી પવિત્ર અષાઢી બીજ એટલે કે તારીખ 16 જુલાઈ 2026ને ગુરૂવારના રોજ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી સાથે રથમાં બિરાજમાન થઈને પાટનગરના રાજમાર્ગો પર ભક્તોને દર્શન આપશે.

પ્રસ્થાન (વહેલી સવારે)

સ્થાપિત પરંપરા મુજબ, રથયાત્રા વહેલી સવારે સેક્ટર-22 સ્થિત ઐતિહાસિક પંચદેવ મંદિરથી શાસ્ત્રોક્ત વિધિ-વિધાન, પૂજન-અર્ચન અને પહંદ વિધિ સંપન્ન થયા બાદ પ્રસ્થાન કરશે.

મોસાળ આગમન (બપોરે)

નગરમાં આનંદભેર ભ્રમણ કરીને બપોરે આ ભવ્ય રથયાત્રા સેક્ટર-28 ખાતે આવેલા પ્રખ્યાત જલારામ મંદિર એટલે કે ભગવાનના પરંપરાગત મોસાળમાં આવી પહોંચશે. જ્યાં ભગવાન સમક્ષ વિશેષ છપ્પનભોગ ધરાવાશે અને હજારો ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું છે.

# ગૌચરની જમીનમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

## લપકામણ ગામની સીમમાં પોલીસે દરોડો પાડ્યા, 1.30 લાખનો મુદ્દામાલ જપ્ત; બે ફરાર

ગાંધીનગર, તા.11

અમદાવાદ ગ્રામ્યના દસક્રોઈ તાલુકામાં આવેલા લપકામણ ગામની સીમમાં ડેમચાની બાજુમાં ગૌચરની ખુલ્લી જગ્યામાં સાંતેજ પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી મોબાઈલ ફોનની ફ્લેશ લાઈટના અંજવાળે પાના-પત્તા વડે હારજીતનો જુગાર રમી રહેલા 3 પન્ટરોને રૂ .1.30 લાખના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લેવાયા છે. જ્યારે અન્ય બે ઈસમો તકનો લાભ લઈ નાસી છૂટ્યા હતા.

ગૌચરની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હતા

સાંતેજ પોલીસની ટીમ ને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, લપકામણ ગામની સીમમાં ગૌચરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એકઠા થઈને મોબાઈલ લાઈટના અંજવાળે પૈસાથી હારજીતનો જુગાર રમી અને રમાડી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા જુગાર રમતા ઈસમોએ દૂરથી જ વાહનો જોઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો.



પરંતુ ટીમે ચારેય તરફથી ઘેરાબંધી કરીને 3 ઈસમોને ઝડપી લીધા હતા.

જુગાર રમતા ત્રણને પોલીસે દબોચ્યા

આ અંગે પોલીસે જણાવ્યું કે, જુગારધામ પરથી સુજલ કમલેશભાઈ ઉર્ફે ટીનાભાઈ દંતાણી (ઉં.વ. 24, રહે. સોલા ગામ, ઈન્દીરા વસાહત),જીગ્નેશભાઈ ઉર્ફે કાભાઈ દિલીપભાઈ પટેલ(ઉં.વ. 40, રહે. ખોડીયાર ફાર્મ, ઓગણજ ગામ, ઘાટલોડીયા,) અને તરૂણ હસમુખભાઈ પટેલ (ઉં.વ. 39, રહે. ખોડીયાર ફાર્મ, ઓગણજ) ને ઝડપી લેવાયા છે.

1.30 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, બે ફરાર

જ્યારે મુખ્ય સૂત્રધાર રમણજી ઠાકોર (રહે. વાસજડા ગામ,કલોલ) અને દિલીપજી ઠાકોર(રહે. લપકામણ) નાસી છૂટ્યા છે. ઝડપાયેલા આરોપીઓની અંગ ઝડતી લેતા સુજલ દંતાણી પાસેથી 7,000 રોકડા અને ફોન મળી આવ્યો હતો. જ્યારે જીગ્નેશ પટેલ પાસેથી 10,000 અને ફોન તેમજ તરૂણ પટેલ પાસેથી 10,000 રોકડા અને 70,000ની કિંમતનો સેમસંગ ફોલ્ડ-06 મોબાઈલ મળી આવ્યો હતો. આ ઉપરાંત જુગારના દાવ પરથી વેરવિખેર હાલતમાં પડેલા 3,000 રોકડા, પાના-પત્તા મળી કુલ રુપિયા 1.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વોન્ટેડ જુગારીઓને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે. જ્યારે મુખ્ય સૂત્રધાર રમણજી ઠાકોર (રહે. વાસજડા ગામ,કલોલ) અને દિલીપજી ઠાકોર(રહે. લપકામણ) નાસી છૂટ્યા છે. ઝડપાયેલા આરોપીઓની અંગ ઝડતી લેતા સુજલ દંતાણી પાસેથી 7,000 રોકડા અને ફોન મળી આવ્યો હતો. જ્યારે જીગ્નેશ પટેલ પાસેથી 10,000 અને ફોન તેમજ તરૂણ પટેલ પાસેથી 10,000 રોકડા અને 70,000ની કિંમતનો સેમસંગ ફોલ્ડ-06 મોબાઈલ મળી આવ્યો હતો. આ ઉપરાંત જુગારના દાવ પરથી વેરવિખેર હાલતમાં પડેલા 3,000 રોકડા, પાના-પત્તા મળી કુલ રુપિયા 1.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વોન્ટેડ જુગારીઓને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.

# LRD લેખિત પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર : ઉમેદવારોને OMR રીચેકિંગની તક, 26 જુલાઈ સુધી કરી શકાશે અરજી

ગાંધીનગર, તા.11

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડર (LRD) ની કુલ 12,733 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતી પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ અને મોટું અપડેટ જાહેર કરવામાં આવ્યું છે. ભરતી બોર્ડની સત્તાવાર જાહેરાત ક્રમાંક GPRB/202526/1 અંતર્ગત ગત તા. 14 જૂન, 2026ના રોજ રાજ્યભરમાં લેવામાં આવેલી લેખિત પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા. 08 જુલાઈ, 2026ના રોજ જાહેર કરવામાં આવી હતી, જેના પગલે હવે બોર્ડ દ્વારા આગળની મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉમેદવારો પોતાના ગુણ ઓનલાઈન ચકાસી શકશે

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે લેખિત પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોના ગુણ અને રીચેકિંગ અંગેની વિગતો પોતાની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ (ઉપલબ્ધ) કરી દીધી છે. લાખોની




સંખ્યામાં પરીક્ષા આપનારા ઉમેદવારો હવે બોર્ડની વેબસાઈટ પર જઈને પોતાના વ્યક્તિગત માર્ક્સ તેમજ પરીક્ષાના પરિણામ સંબંધિત અન્ય તમામ વિગતો ઓનલાઈન ખૂબ જ સરળતાથી ચકાસી શકશે.

OMR શીટના રીચેકિંગ માટે 26 જુલાઈ સુધી કરી શકાશે અરજી

આ પરિણામ અને ગુણ જાહેર થવાની સાથે જ, જે ઉમેદવારોને પોતાના માર્ક્સ અંગે કોઈ વિસંગતતા લાગતી હોય અને પોતાની ઓએમઆર (OMR) શીટનું રીચેકિંગ કરાવવું હોય, તેમના માટે પણ બોર્ડ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

# ફરજિયાત TET પરીક્ષાના વિરોધમાં રાજ્યભરમાંથી શિક્ષકો ગાંધીનગર પહોંચ્યા

## 2010 પહેલા શિક્ષકોને મુક્તિની માગ, માગણી ન સંતોષાય તો દિલ્હી સુધી આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા.11

સુપ્રીમ કોર્ટે શિક્ષકો માટે એક મહત્વનો ચુકાદો આપતાં નિર્દેશ આપ્યો છે કે, શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) પાસ કરવી ફરજિયાત રહેશે.

જેના વિરોધમાં ગુજરાત સહિત દેશભમાં શિક્ષકો અલગ અલગ રીતે વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે અને 2010 પહેલાના જે શિક્ષકો નોકરી કરી રહ્યા છે તેઓને આ પરીક્ષામાંથી મુક્તિ આપવાની માગ કરી રહ્યા છે. ગુજરાતમાં અલગ અલગ જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કર્યા બાદ આજે રાજ્યભરમાંથી શિક્ષકો ગાંધીનગર



પહોંચી ધરણ કર્યા હતા. શિક્ષકોએ ચીમકી ઉચ્ચારતા માગ કરી છે કે, જો અમારી માગણી સંતોષવામાં નહીં આવે તો આગામી દિવસોમાં દિલ્હીમાં આંદોલન કરાશે.

રાજ્યભરમાંથી શિક્ષકો ગાંધીનગરમાં ઉમટ્યા

સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા બાદ શિક્ષકોમાં નારાજગી ફેલાઈ છે અને તેના વિરોધમાં આ રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ગાંધીનગર પહોંચ્યા છે. શિક્ષકોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો અને પોતાની માંગણીઓ તાત્કાલિક સ્વીકારવાની માંગ કરી હતી.

2010 પહેલાના શિક્ષકોને પરીક્ષામાંથી મુક્તિ આપવાની માગ

શિક્ષકોની મુખ્ય માંગણીઓમાં વર્ષ 2010 પહેલા નિયુક્ત થયેલા તમામ અનુભવી શિક્ષકોને ફરજિયાત TET પરીક્ષામાંથી કાયમી મુક્તિ આપવાની માંગનો સમાવેશ થાય છે. ઉપરાંત, 1 એપ્રિલ 2005 બાદ ભરતી થયેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. ધોરણ 6થી 8ના શિક્ષકોને તેમની કામગીરી અને જવાબદારીને અનુરૂપ અલગ તથા વધુ ગ્રેડ પે આપવામાં આવે તેમજ HTAT આચાર્યોને સોંપવામાં આવેલા વધારાના શાળાના ચાર્જનો નિર્ણય પરત ખેંચવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

